ભાટીયા ભાટીયા ભાટીયા
તદ્દન નવો સ્ટોક આવી ગયેલ છે
ઘરચોળા બાંધણી
કોજીવરના પટોળા
ભાટીયા ક્રિએશન
સરલાખાજીરાજ રોડ, રાજકોટ
Mo. 82382 00086

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ચૈત્ર સુદ- ૧૧ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૯-૪-૨૦૨૪ - શુક્રવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૨૦૪ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT




### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચાર પ્રાદેશિક સહિત ૬ ભાષામાં પોસ્ટ મુકી વધુને વધુ લોકોને મતદાન માટે અપીલ કરી

# લોકશાહીના પર્વનો પ્રારંભ: પ્રથમ તબકકામાં ૧૦૨ લોકસભા બેઠકો માટે ધીંગુ મતદાન

**ભારે ગરમી વચ્ચે પણ મતદારોએ કતાર લગાવી: સૌથી વધુ ત્રિપુરામાં ૫૩ ટકા મત પડ્યા, પશ્ચિમ બંગાળમાં છુટી છવાઈ હિંસા વચ્ચે બપોરે ૧ વાગ્યા સુધીમાં ૫૦ ટકાથી વધુ મતદાન, ૨૧ રાજ્યોમાં સરેરાશ ૪૦ થી ૫૦ ટકા મતો પડ્યા**

**મણિપુરમાં એક મતદાન મથકો પર કબજો કરવાનો પ્રયાસ નિષ્ફળ બનાવાયો ગોળીબારની ઘટના: નીતિન ગડકરી સહિત આઠ કેન્દ્રીય મંત્રીઓ ઉપરાંત ૧૬૧૭થી વધુ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં કેદ થવાની તૈયારીમાં**

નવી દિલ્હી, તા.૧૯
દેશ અને દુનિયાને ધ્યાન ખેંચનાર લોકસભાની ચૂંટણીમાં આજે પ્રથમ તબકકામાં ૨૧ રાજ્યોની ૧૦૨ લોકસભા બેઠક પર સવારથી જ છૂટી છવાઇ હિંસા વચ્ચે ભારે મતદાનના અહેવાલ છે અને સૌથી વધુ મતદાન ત્રિપુરામાં બપોરના ૨ વાગ્યા સુધીમાં ૫૩ ટકા નોંધાયું છે જ્યારે ઉ.પ્રદેશમાં ૩૬ ટકા, ઉત્તરાખંડમાં ૩૭ ટકા અને પશ્ચિમ બંગાળમાં ૫૦ ટકાથી વધુ મતો પડી ગયા હતા. સાત તબકકામાં યોજનારી લોકસભા ચૂંટણીમાં આજે પ્રથમ તબકકામાં સવારે ૭ વાગ્યે મતદાનનો પ્રારંભ થતાં જ અનેક કેન્દ્રો પર મતદાતાઓની ભીડ લાગી ગઇ હતી. તામીલનાડુમાં પ્રથમ તબકકામાં તમામ ૩૯ લોકસભા બેઠક માટે આજે મતદાન થઇ રહ્યું છે અને

(અનુસંધાન ૧૨ મા પાને)


મોહન ભાગવત


રજનીકાંત


એમ.કે.સ્ટાલીન


જગ્ગી વાસુદેવ


પી.ચિદમ્બરમ

**કયાં રાજ્યોમાં કેટલી બેઠકો**

| | | | |
|---|---|---|---|
| રાજસ્થાન | ૧૨ | મેઘાલય | ૨ |
| ઉતર પ્રદેશ | ૮ | મિઝોરમ | ૧ |
| ઉતરાખંડ | ૫ | ત્રિપુરા | ૧ |
| અરૂણાચલ | ૨ | પશ્ચિમ બંગાળ | ૩ |
| બિહાર | ૪ | જમ્મુ-કાશ્મીર | ૧ |
| છતીસગઢ | ૧ | આંદામાન-નિકોબાર | ૧ |
| આસામ | ૪ | લક્ષદ્વિપ | ૧ |
| મધ્યપ્રદેશ | ૬ | પોંડીચેરી | ૧ |
| મહારાષ્ટ્ર | ૫ | તમિલનાડુ | ૩૯ |
| મણીપુર | ૨ | નાગાલેન્ડ | ૧ |
| | | સિકકીમ | ૧ |

### યોગાનુયોગ... ૨.૦૯ કલાકે ૨.૯નો આંચકો

# શાપરમાં ફરી ૨.૯ની તીવ્રતાનો ભૂકંપ: રાજકોટમાં પણ ધ્રુજારી; ભયભીત લોકો ઘર-ઓફિસ બહાર દોડયા

**સપ્તાહ પુર્વેના આંચકા કરતા કેન્દ્રબિંદુ ૧ કી.મી. નજીક સરકયુ: આજના ભૂકંપનું એપી સેન્ટર ૧૬ કી.મી. દુર**



રાજકોટ તા.૧૯
આકરા ઉનાળાના તાપ વચ્ચે રાજકોટની ભાગોળે ભૂકંપનો સિલસિલો શરૂ થયો હોય તેમ એક સપ્તાહ બાદ ફરી રાજકોટથી શાપર અને આસપાસના વિસ્તારોમાં ધરતીકંપ અનુભવાયો હતો. ૨.૯ની તીવ્રતાના ભૂકંપનું કેન્દ્રબિંદુ રાજકોટથી ૧૬ કીમી દુર હતું. મહત્વની વાત એ છે કે સપ્તાહ પુર્વેના ભૂકંપના કેન્દ્રબિંદુ કરતા આજનું કેન્દ્રબિંદુ વધુ નજીક હતું.

સિસ્મોલોજી સેન્ટરના સૂત્રોએ કહ્યું કે આજે રાજકોટ નજીક બપોરે ૨.૦૯ કલાકે ૨.૯ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો જેનુ કેન્દ્રબિંદુ રાજકોટથી

(અનુસંધાન ૧૨ મા પાને)

## બદલો....ઈરાન પર ત્રાટકતુ ઈઝરાયેલ નવા યુધ્ધના ભણકારા ૮



# શેરબજારમાં ૫૦૦ પોઈન્ટના પ્રારંભીક કડાકા બાદ ૬૦૦ પોઈન્ટની જોરદાર તેજી

**સોના-ચાંદી, રૂપિયો તથા ક્રુડમાં પણ વધઘટ ધીમી પડી: ઈઝરાયેલના હુમલા બાદ ગંભીર પ્રત્યાઘાતો ન પડતા માર્કેટમાં સ્થિરતા**

રાજકોટ, તા.૧૯
ઇરાન પર ઇઝરાયેલના હુમલાના પગલે શેરબજાર સહિત નાણા માર્કેટોમાં સર્જાયેલો પ્રારંભીક ગભરાટ સમી ગયો હોય તેમ શેરબજારમાં જોરદાર તેજી થઇ હતી. આજ રીતે સોના-ચાંદી તથા રૂપિયા અને ક્રુડ તેલમાં પણ સ્થિરતા આવી ગઇ હતી.

ઇરાન-ઇઝરાયેલ વચ્ચે યુદ્ધની સ્થિતિ સર્જાવવાની આશંકાથી શેરબજારમાં શરુઆતમાં વેચવાલીનો મારો નિકળ્યો હતો. તમામ શેરોમાં ગાબડા પડવા સાથે ઉઘડતામાં સેન્સેક્સ ૫૦૦ પોઇન્ટ જેટલો ધસી પડ્યો હતો. પરંતુ ઇઝરાયેલી હુમલા બાદ કોઇ વધારાના પ્રત્યાઘાતો નહીં પડતા અને કોઇ આક્રમક વિધાનો પણ નહીં થતાં રાહતનો શ્વાસ લેવાયો હતો. શેરબજારનો ગભરાટ દૂર થવા લાગ્યો હતો અને માર્કેટ તેજીના માર્ગે દોડવા લાગ્યું હતું. રેડઝોનમાં રહેલું માર્કેટ જોરદાર તેજી વચ્ચે ગ્રીનઝોનમાં આવી ગયું હતું. જાણીતા

(અનુસંધાન ૧૨ મા પાને)












# રાઈટ અગેઈન્સ્ટ કલાઈમેટ ચેન્જ : નવા મૂળભૂત અધિકારનું આગમન !



**૫ એપ્રિલ, ૨૦૨૪ના રોજ એક સીમાચિહ્નરૂપ ચુકાદા તરીકે ભારતની સર્વોચ્ચ અદાલતે નવા મૂળભૂત અધિકાર – આબોહવા પરિવર્તનની પ્રતિકૂળ અસરો સામેના અધિકારને સ્વીકારીને આબોહવા પરિવર્તનના અસ્તિત્વના જોખમને માન્યતા આપવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ નિર્ણય ભારતીય બંધારણની કલમ ૧૪ અને ૨૧ ના અર્થઘટનને વધુ વિસ્તૃત બનાવે છે.**



**ભારતના મુખ્ય ન્યાયાધીશની આગેવાનીની ત્રણ જજોની બેંચે પર્યાવરણીય સંરક્ષણ અને મૂળભૂત અધિકારો વચ્ચેની સહજ કડીને માન્યતા આપી હતી. તેઓએ આર્ટિકલ 48A (પર્યાવરણનું રક્ષણ કરવાની રાજ્યની ફરજ) અને કલમ 51A(g) (પર્યાવરણનું રક્ષણ કરવાની નાગરિકની ફરજ) જેવી હાલની બંધારણીય જોગવાઈઓ કેવી રીતે આ અધિકાર માટે પાયાનું કામ કરે છે તેના પર પ્રકાશ પાડ્યો હતો.**

લાઈવ WIRE
પરખ ભટ્ટ
bhattparakh@yahoo.com

અવારનવાર આપણે સૌ સમાચારમાં સંભાળતા રહીએ છીએ કે ભારતમાં પ્રદૂષણનું સ્ટાર સતત વધી રહ્યું છે અને તેમાંય આપણી રાજધાની દિલ્હી વિશ્વના સૌથી વધુ પ્રદૂષણ ધરાવતા શહેરોમાં મોખરે છે. આ વાત કોઈ પણ ભારતીય નાગરિક માટે સહેજ પણ ગર્વ લેવા જેવી નથી. પ્રદૂષણ ઘટાડવા અને ક્લાઇમેટ ચેન્જ અટકાવવા માટે વિશ્વની તમામ સરકારો કાગળના વાઘ તૈયાર કરી રહી છે એટલે કે ફક્ત વાતો કરી રહી છે. જો કે ભારત સરકાર કેટલેક અંશે આ માટે કાર્ય પણ કરી રહી છે. ભારતીય નાગરિકો પણ આ મામલે સભાન છે અને આ મુદ્દે સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવી જાણે છે. એટલે જ ૫ એપ્રિલ, ૨૦૨૪ના રોજ એક સીમાચિહ્નરૂપ ચુકાદા તરીકે ભારતની સર્વોચ્ચ અદાલતે નવા મૂળભૂત અધિકાર - આબોહવા પરિવર્તનની પ્રતિકૂળ અસરો સામેના અધિકારને સ્વીકારીને આબોહવા પરિવર્તનના અસ્તિત્વના જોખમને માન્યતા આપવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ ગ્રાઉન્ડબ્રેકિંગ નિર્ણય ભારતીય બંધારણની કલમ ૧૪ અને ૨૧ ના અર્થઘટનને વધુ વિસ્તૃત કરે છે કે જે અનુક્રમે જીવન અને સમાનતાના અધિકારની સૌને ખાતરી આપે છે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડની આગેવાનીની ત્રણ જજોની બેંચ પર્યાવરણીય સંરક્ષણ અને મૂળભૂત અધિકારો વચ્ચેની સહજ કડીને માન્યતા આપી હતી. તેઓએ આર્ટિકલ 48A (પર્યાવરણનું રક્ષણ કરવાની રાજ્યની ફરજ) અને કલમ 51A(g) (પર્યાવરણનું રક્ષણ કરવાની નાગરિકની ફરજ) જેવી હાલની બંધારણીય જોગવાઈઓ કેવી રીતે આ અધિકાર માટે પાયાનું કામ કરે છે તેના પર પ્રકાશ પાડ્યો હતો અને રાઈટ અગેઈન્સ્ટ ક્લાઈમેટ ચેન્જ અને રાઈટ ટુ બ્રિધ ઇન ફ્રેશ એરને મૂળભૂત અધિકારો તરીકે વ્યાખ્યાયિત કરવાનો પ્રયાસ કર્યો.

સુપ્રીમ કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે જળવાયુ પરિવર્તનની વિનાશક અસરોથી મુક્ત સ્વચ્છ અને સ્થિર વાતાવરણ જીવનના અધિકારની સંપૂર્ણ અનુભૂતિ માટે પૂર્વશરત છે. આ સાથે જ તેઓએ ધ્યાન દોર્યું કે વાયુ પ્રદૂષણ આત્યંતિક હવામાનની ઘટનાઓ અને ખાદ્ય અસુરક્ષા જેવા પરિબળો દ્વારા આબોહવા પરિવર્તન, નબળા સમુદાયોને અપ્રમાણસર રીતે અસર કરે છે. આ માત્ર જીવનના અધિકારનું જ નહીં પરંતુ સમાનતાના અધિકારનું પણ ઉલ્લંઘન કરે છે.

આ ચુકાદો જળવાયુ પરિવર્તનને સંબોધતી વર્તમાન સરકારની નીતિઓ અને નિયમોને સ્વીકારે છે. જો કે, તે એકલ, વ્યાપક કાયદાની નિર્ણાયક ગેરહાજરીને પણ પ્રકાશિત કરે છે કે જે આબોહવા પરિવર્તન અને તેની સાથે સંકળાયેલી ચિંતાઓનો સામનો કરે છે. આ કાયદાકીય અંતર આબોહવા પરિવર્તન નામની વૈશ્વિક કટોકટીનો અસરકારક રીતે સામનો કરવાની ભારતની ક્ષમતાને નબળી પાડે છે.

સુપ્રીમ કોર્ટના આ નિર્ણય કે નિવેદનના કેટલાક અર્થાર્થો અને સંભવિત અસર પણ રહેલી છે. આબોહવા પરિવર્તન સામેના અધિકારની માન્યતામાં નોંધપાત્ર અસર એ છે કે તે નાગરિકોને આબોહવા અને અનુકૂલન વ્યૂહરચનાઓ પર નિષ્ક્રિયતા માટે સરકારને જવાબદાર ઠેરવવાની સત્તા આપે છે. આ અધિકારનો ઉપયોગ પર્યાવરણને નુકસાન પહોંચાડતા પ્રોજેક્ટસને પડકારવા, કડક પર્યાવરણીય નિયમોની માંગ કરવા અને મજબૂત આંતરરાષ્ટ્રીય આબોહવા પરિવર્તન અટકાવવાના પગલાં માટે દબાણ કરવા માટે થઈ શકે છે.

જ્યારે સુપ્રીમ કોર્ટનો નિર્ણય કાનૂની પડકારો માટે પણ કેટલાક દરવાજા ખોલે છે અને સાથે જ પ્રણાલીગત પરિવર્તનની જરૂરિયાતને પણ રેખાંકિત કરે છે. ભારતની વિશાળ અને વૈવિધ્યસભર ભૂગોળ ભારતને ખાસ કરીને આબોહવા પરિવર્તન માટે સંવેદનશીલ બનાવે છે. દરિયાની સપાટીમાં વધારો થવાથી દરિયાકાંઠાના સમુદાયો જોખમાય છે, ચોમાસાની અનિયમિત પેટર્ન કૃષિ ઉત્પાદનને વિક્ષેપિત કરે છે અને આત્યંતિક હવામાનની ઘટનાઓ વસ્તીને વિસ્થાપિત કરે છે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન પહોંચાડે છે. આ પડકારોને અસરકારક રીતે સંબોધવા માટે બહુપક્ષીય અભિગમ જરૂરી છે.

આમાં અશ્મિભૂત ઈંધણથી દૂર રહીને પુનઃપ્રાપ્ય ઉર્જા સ્ત્રોતોમાં રોકાણ કરવું, આબોહવા પરિવર્તન માટે સ્થિતિસ્થાપક હોય તેવી ટકાઉ કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા અને મજબૂત આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ વિકસાવવાનો સમાવેશ થાય છે. વધુમાં, આબોહવા-સ્થિતિસ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ઉત્તેજન આપવું અને ગ્રીન બિલ્ડીંગ પ્રેક્ટિસને પ્રોત્સાહન આપવું એ ભારતના ભવિષ્યની સુરક્ષામાં નિર્ણાયક બની રહેશે.

સર્વોચ્ચ અદાલતનો નિર્ણય અત્યંત મહત્વપૂર્ણ છે, પરંતુ તે ફક્ત એક લાંબા રસ્તા પરનું પ્રથમ પગલું છે. કોર્ટે આ અધિકારને નક્કર કાર્યવાહીમાં અનુવાદિત કરવા માટે મજબૂત કાયદાકીય માળખાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આના માટે સ્પષ્ટ અમલીકરણ માર્ગદર્શિકા વિકસાવવાની જરૂર પડશે કે જે આ અધિકારના અવકાશને વ્યાખ્યાયિત કરે અને નિવારણ માટેની પદ્ધતિઓ સ્થાપિત કરે.

વધુમાં, આ અધિકારનો અમલ કરવા માટે વિવિધ હિતધારકો એટલે કે, સરકાર, ન્યાયતંત્ર અને નાગરિકો વચ્ચે સહયોગની જરૂર પડશે. આબોહવાને પ્રાથમિકતા આપવા માટે સરકાર પર દબાણ લાવવા માટે નાગરિકોની જાગૃતિ અને સામૂહિક પગલાં મહત્વપૂર્ણ રહેશે. વધુમાં, આબોહવા-સંબંધિત વિવાદોને અસરકારક રીતે ઉકેલવા માટે પર્યાવરણીય અદાલતો અને ટ્રિબ્યુનલોને મજબૂત બનાવવી પણ જરૂરી છે.

જળવાયુ પરિવર્તન સામેના અધિકારની ભારતની માન્યતા વધતા વૈશ્વિક વલણને અનુરૂપ છે. ફિલિપાઇન્સ સહિત ઘણા દેશોએ તેમના બંધારણમાં સ્વસ્થ વાતાવરણના અધિકારને પહેલાથી જ માન્યતા આપી છે. આ સીમાચિહ્નરૂપ નિર્ણય ભારતને આબોહવા પરિવર્તન સામેની લડાઈમાં એક લીડર તરીકે સ્થાન આપે છે અને અન્ય રાષ્ટ્રોને તેનું અનુસરણ કરવા પ્રેરણા આપે છે.

સર્વોચ્ચ અદાલતનો ચુકાદો આબોહવા પરિવર્તન પ્રત્યે ભારતના અભિગમમાં પરિવર્તનનો સંકેત આપે છે. આબોહવા સંરક્ષણને મૂળભૂત અધિકારમાં ઉન્નત કરીને, કોર્ટે નાગરિકોને સશક્ત કર્યા છે અને પર્યાવરણની સુરક્ષા માટે એક શક્તિશાળી કાનૂની સાધન બનાવ્યું છે. આ નિર્ણય ભારતના વધુ ટકાઉ ભવિષ્ય માટે આશાનું કિરણ આપે છે. તે માત્ર સરકાર માટે જ નહીં, પરંતુ આવનારી પેઢીઓ માટે આબોહવા-પ્રતિરોધક ભવિષ્યના નિર્માણમાં સાથે મળીને કામ કરવા માટે તમામ હિતધારકો માટે એક વોર્નિંગ કોલ છે. અને આ વાતમાં કોઈ બેમત નથી.




**આ અધિકાર નાગરિકોને આબોહવા અને અનુકૂલન વ્યૂહરચનાઓ પર નિષ્ક્રિયતા માટે સરકારને જવાબદાર ઠેરવવાની સત્તા આપે છે. આ અધિકારનો ઉપયોગ પર્યાવરણને નુકસાન પહોંચાડતા પ્રોજેક્ટસને પડકારવા, કડક પર્યાવરણીય નિયમોની માંગ કરવા અને મજબૂત આંતરરાષ્ટ્રીય આબોહવા પરિવર્તન અટકાવવાના પગલાં માટે સરકાર પર દબાણ સર્જવા માટે થઈ શકે છે.**

## સુવિચાર

**જેમ જેમ સમજતા થયા તેમ તેમ સમજાયું કે સમજાવવા કરતા સમજી લેવું સારૂ...!!**

# IOB સાથે ઠગાઈ કેસમાં પૂર્વ સિનિયર મેનેજરને ૭ વર્ષની કેદ : ૧૫ કરોડનો દંડ

## આરોપી મહિલા મેનેજર વિદેશ ભાગી ગઈ હતી, તેને પ્રત્યાર્પણ પ્રક્રિયાથી ભારત લવાઈ હતી

અમદાવાદ : શહેરના વસ્ત્રાપુરમાં આવેલી ઈન્ડિયન ઓવરસીઝ બેંક સાથે વર્ષ ૨૦૦૨માં વિશ્વાસઘાત, ઠગાઈ અને ભ્રષ્ટાચાર કેસમાં સ્પે. સીબીઆઈ કોર્ટે ભૂતપૂર્વ સિનિયર મેનેજર પ્રીતિબહેન સાહીજવાણીને સાત વર્ષની સખત કેદની સજા અને રૂપિયા ૧૫ કરોડનો આકરો દંડ ફટકાર્યો છે. આ સાથે જ સીબીઆઈ સ્પેશિયલ જજે ચુકાદામાં નોંધ્યું હતું કે, આરોપી ભૂતપૂર્વ સિનિયર મેનેજર દ્વારા દંડની જે રકમ ભરપાઈ કરવામાં આવે તે પૈકી રૂપિયા ૧૫ કરોડ ઈન્ડિયન ઓવરસીઝ બેંકને વળતર તરીકે ચૂકવી આપવાના રહેશે. નોંધનીય છે કે, આરોપી મેનેજર વિદેશ ભાગી ગઈ હતી, તેને પ્રત્યાર્પણ પ્રક્રિયાથી ભારત લવાઈ હતી.

વસ્ત્રાપુરની ઈન્ડિયન ઓવરસીઝ બેંકના પૂર્વ સિનિયર મેનેજર પ્રીતિબેન સાહીજવાણીએ વર્ષ ૨૦૦૦માં બેંકના ગ્રાહક દક્ષા અને નરેન્દ્ર પટેલની એફ.સી.એન.આર. ડિપોઝીટ્સની રકમો અલગ- અલગ તારીખે પ્રિમેચ્યોર વીથ ડ્રો કરી હતી. આરોપી બેંક મેનેજરે આ ડિપોઝિટ રિસીપ્ટસની રકમ દક્ષા કે નરેન્દ્ર પટેલને ચૂકવાની જગ્યાએ મીરા અને લાલ કુન્દનાણી નામની કાલ્પનિક વ્યકિતના ખાતા (ભૂતિયા ખાતા)માં જમા કરી તે રકમનો પોતે ઉપયોગ કર્યો હતો. આ મામલે પૂર્વ સિનિયર મેનેજર પ્રીતિબહેન વિજયભાઈ સાહીજવાણી સામે કેસનોંધાયો હતો. ત્યારબાદ આ કેસ ચાલતા સ્પે. સીબીઆઈ કોર્ટમાં સરકારી વકીલે પુરતા સાક્ષી તપાસી અને દસ્તાવેજ રજૂ કરતા જણાવ્યું હતું કે, આરોપી પ્રીતિબહેને બેંકના બ્રાન્ચ મેનેજર તરીકે ઈન્ડિયન ઓવરસીઝ બેંક, વસ્ત્રાપુર સાથે બહુ ગંભીર વિશ્વાસઘાત કર્યો છે. આરોપીએ બનાવટી-ચેડાં કરી કિંમતી જામીનગીરીના દસ્તાવેજો બનાવ્યા છે અને તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો છે. આમ કરીને આરોપીએ બેંકના ભંડોળને બહું મોટું નુકસાન પહોંચાડ્યું છે. આરોપી દ્વારા કરવામાં આવેલા ગુનાહિત કૃત્ય અને ભ્રષ્ટાચારના કારણે બેંકની પ્રતિષ્ઠાને નુકસાન થયું છે. આરોપી ૧૨ વર્ષ સુધી ફરાર રહ્યાં હતાં અને પછી પ્રત્યારોપણ કરી લવાયા છે. ત્યારે આખોય કેસ પુરવાર થતો હોવાથી આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવી જોઈએ. આવી રજૂઆત બાદ કોર્ટે મહિલા આરોપીને સાત વર્ષ કેદ અને ૧૫ કરોડનો દંડ ફટકાર્યો છે.

### આજની તારીખે મૂલ્ય ૮૪ કરોડથી વધુ થાયઃ કોર્ટ

સીબીઆઇ સ્પેશિયલ કોર્ટે બહુ ગંભીર અવલોકનો કરતાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૦માં સમગ્ર કૌભાંડ આચરવામાં આવ્યું હતું ત્યારે રૂપિયાનું મૂલ્ય અને આજની તારીખે રૂપિયાનું મૂલ્ય અને તે સમયની તથા આજની મોંઘવારી અને વ્યાજના દરને નજર સમક્ષ રાખીને આરોપીને દંડ કરવો ન્યાયોચિત લેખાશે. સમગ્ર નાણાંકીય વ્યવહારની આજની તારીખની અંદાજિત મૂલ્ય ૮૪ કરોડ કરતાં પણ વધારે થાય છે. આમ, આરોપીની આર્થિક પરિસ્થિતિને ધ્યાને લઈ સજા અને દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ સિદ્ધ થાય તેમ છે.

## આજનું ચિંતન

### ગરમીથી કરાતી વાતચીત વાતાવરણ બગાડી નાખે છે

**માણસ બરફની બાજુમાં હજી બેસે છે, પણ આગ હોય ત્યાંથી તો દુર જ હટી જાય છે.**

**કડકડતી ઠંડીમાં માણસ હજી ઘરની બહાર નીકળી જાય છે, પણ બળબળતા તાપમાં તો બપોરે માણસ ઘરમાં જ ભરાઈ રહે છે.**

**શિયાળામાં સિમલાના પ્રવાસે જનારા હજી મળી રહે છે પણ ઉનાળામાં સહારાના રણની મુલાકાત લેવા તો કોઈ જ તૈયાર થતું નથી.**

**બસ, એ જ ન્યાયે વાતચીતમાં રહેલ ઠંડાપણાંને માણસ હજી એકવાર નભાવી લે છે, પણ વાતચીતમાં રહેલ આવેશને, આક્રોશને કે ઉકળાટને સહી લેવા તો માણસ કેમેય તૈયાર થતો નથી, તૈયાર હોતો નથી.**

**એક ગજબનાક વાસ્તવિકતાની તે નોંધ લીધી છે.**

**પ્રેમથી થતી વાતચીતમાં માણસ થોડોક દુર હોય છે તો ય શબ્દોનો અવાજ ધીમો હોય છે જયારે ગરમીથી થતી વાતચીતમાં માણસ નજીક હોય છે તોય શબ્દોનો અવાજ મોટો હોય છે.**

**કારણ ?**

**પ્રેમમાં બે વ્યકિત ભૌગોલિક રીતે દુર હોય છે તો ય અંતરથી નજીક હોય છે જયારે ક્રોધમાં બે વ્યકિત ભૌગોલિક રીતે નજીક હોય છે તો ય અંતરથી દુર હોય છે.**

**- પદ્મભૂષણ જૈનાચાર્ય શ્રી રત્નસુંદરસૂરીજી મ.**
**('સ્પર્શ' પુસ્તકમાંથી સાભાર)**

# આત્માના સાત ગુણો સાત રંગ સમાન

## (માસ્ટર સર્વશક્તિમાન આત્મા-૪)

મૂલ્યોની મહેક
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

પરમપિતા પરમાત્મા જે પરમશક્તિ છે. તે સર્વ શક્તિઓના પોત છે આથી તેમને આપણે સર્વશક્તિમાન કહીએ અને અનુભવીએ છીએ. દરેક મનુષ્ય શક્તિ મેળવવા ઈચ્છે છે કારણ કે તેમની જરૂરિયાત છે. પરંતુ શક્તિ એટલે કોઈ શારીરિક શક્તિઓની વાત નથી. શક્તિઓ મેળવવાની પધ્ધતિઓને પણ અયથાર્થ રીતે લેવાની જરૂર નથી.દાદી જાનકીજી કહેતા- જે અષ્ટશક્તિઓનું ગાયન છે તે દરેક શક્તિઓ આપણી સહેલી હોવી જોઈએ. એટલે કે તે સદા આપણી સાથે જે સમયે જેની જરૂર હોય ત્યારે હાજર રહેવી જોઈએ. ગુણ શક્તિ બનીને પ્રયોગમાં આવે છે. શાંતિ, પ્રેમ એ ગુણો છે તો શક્તિરૂપે પણ છે. આંતરિક શક્તિનું નિર્માણ કરવા માટે શાંતિ કે મૌનની શક્તિ જરૂરી છે. આ સિવાય પણ અન્ય અનેક શક્તિઓની જીવનમાં જરૂરિયાત રહે છે. ગુણ અને શક્તિઓનો આપસમાં સંબંધ હોય છે. ગુણ અને શક્તિઓ મળીને કાર્ય કરે છે. સમય પર તેનો પ્રયોગ થવો જરૂરી છે અર્થાત જરૂર હોય સહનશક્તિની અને સામનો કરવાની શક્તિ હાજર થાય તો માસ્ટર સર્વશક્તિમાન કહી ન શકાય. આમ લાંબા સમયનો પરમાત્માની યાદનો, અને સ્વયંના સ્વમાનનો અભ્યાસ હોય તો સર્વ શક્તિઓનો સ્વયંમાં પાદુર્ભાવ થાય છે અને જાગૃત રહે છે. આ શક્તિઓ બળ/તાકાત લગાવીને મેળવી શકાતી નથી. કોઈ ટૂંકા સમય માટે બળ દ્વારા સ્વયંમાં શક્તિ જમા થઈ શકે પરંતુ તેનાપી કોઈ નકારાત્મક કર્મ બને તો તે શક્તિ ન કહી શકાય.

ઈશ્વરીય સ્નેહની શક્તિ બહુ મોટી શક્તિ છે જે આપણને કર્માતિત બનવા એટલે કે ગતિ અને પછી જીવનમુક્ત સદ્ગતિ આપે છે. તે માટે પરમાત્માના સ્નેહી બનવું પડે. સાચી શક્તિ આત્માનો આંતરિક ઉધ્ધાર કરે છે. પોષણ અને ગહેરી સંતુષ્ટતા આપે છે. શક્તિ સરળ, નમ્ર પરંતુ મજબૂત હોય છે. શક્તિને જોઈ શકાતી નથી તે સૂક્ષ્મ છે, અનુભવાય છે.

### શક્તિઓની પ્રાપ્તિ અર્થે ચિંતનબિંદુઓ

★ મનુષ્ય પાસે સૌથી શક્તિશાળી અસ્ત્ર છે- સંકલ્પ શક્તિ.

★ સ્વયંનો પરિચય નથી ત્યાં સુધી સ્વયંના ગુણો કે શક્તિઓની સાથે એકરસ સંબંધ કેળવવો મુશ્કેલ છે.

★ જે કાંઈ આપણે મેળવીએ છીએ, તેનાથી વધારે મહત્વપૂર્ણ છેકે, જે આપણે બનીએ છીએ.

★ પરિવર્તન શક્તિ અપનાવવી અર્થાત કે જીવનના મૂલ્યને સમજવું, સ્વિકૃત કરવું.

★ જીવનમાં દરેક સમયે દરેક વ્યક્તિ, પરિસ્થિતિ કે સ્થિતિ વગેરેને પારખવાની શક્તિ અને તે અનુસાર નિર્ણય કરવાની શક્તિની જરૂર પડે છે.

★ સમેટવાની શક્તિ મનુષ્યને તેના દુઃખ-દર્દ, આવશ્યકતાઓ અને ઈચ્છાઓથી મુક્તિ અપાવે છે.

★ પ્રેમ એક માત્ર જ એવી શક્તિ છે કે જે પહાડોને ઓગાળી શકે છે અર્થાત પથ્થરદિલ આત્મામાં સ્નેહ, શુભભાવનાઓ જગાડી તેમને નરમ, શાંત કરી, અને ન્યોછાવર થવા માટે તૈયાર કરી શકાય છે.

★ જે શક્તિશાળી બને છે તેમણે અગ્નિપરિક્ષામાંથી પસાર થવું પડે છે અર્થાત જીવનરૂપી પેપરમાં પાસ થવું પડે છે.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
ચૈત્ર સુદ-૧૨, તા.૨૦/૪/૨૪, શનિવાર

સૂર્યોદય : ૬-૨૫, સૂર્યાસ્ત : ૭-૦૬, જૈન નવકારશી : ૭.૧૩
રાશિ : સિંહ (મ.ટ.) ૨૦.૫૦થી કન્યા (પ.ઠ.ણ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મેષ, મંગળ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-મેષ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-સિંહ

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** વિજાતીય સંબંધો ગાઢ બને, કાર્ય શકિત વધે, પરિવારના સભ્યોની જરૂરીયાતોમાં વધારો થાય, નોકરીમાં સ્થિરતા જરૂરી.
**વૃષભ :** મહેનતનું ફળ મળતું જોઈ શકશો, આવકનું પ્રમાણ જળવાઈ રહે, કિંમતી ચીજ વસ્તુની ખરીદી થાય.
**મિથુન :** ઉગ્રતાથી દુર રહેજો, થોડી ધીરજ કેળવી નોકરીમાં નવી ઓફરથી દુર રહેવું, મિલ્કતથી લાભ મળવાનો.
**કર્ક :** હરીફો ઉપર વર્ચસ્વ વધવાનું સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થાય, પરિવારના સભ્યોનો સહકાર રહે.
**સિંહ :** મિલ્કત મુલાકાત લાભદાયક રહે, વ્યવસાયમાં નવું આયોજન સફળ થાય, સંતાનોની સગાઈના કાર્યમાં સફળતા.
**કન્યા :** શેરસટ્ટા જેવા કામકાજોમાં જાળવજો, મિલનના પ્રશ્નોથી તનાવ રહે, આવકનું પ્રમાણ જળવાઈ રહે.
**તુલા :** મહત્વના નિર્ણયોમાં ઉતાવળ ન કરવી, વિદેશ વસતા મિત્ર તરફથી આર્થિક લાભ મળે, નવી ઓળખાણ થાય.
**વૃશ્ચિક :** ભાગીદારો સાથે નવી યોજનાની ચર્ચા સફળ રહે, ભાઈ બહેનોનો સહકાર રહે, ઉધારી ધંધાથી દુર રહેજો.
**ધન :** પરદેશ સાથેના વ્યવસાયમાં સફળતા મનમાની આત્મવિશ્વાસ વધવાનો નોકરી-વ્યવસાયમાં દિવસ સારો રહે.
**મકર :** ભૌતિક સુખ સગવડતાઓમાં વધારો થવાનો, પરિવારમાં માંગલીક પ્રસંગો ઉભા થાય, ચોકકસ ધ્યેયમાં સફળતા.
**કુંભ :** વિકાસની તક માટેના પ્રયત્નોમાં મિત્રોની મદદ મળવાની, વિલ વારસાના પ્રશ્નોમાં લાભ મેળવશો.
**મીન :** પ્રિયપાત્ર સાથે ગેરસમજો ન થાય તેનું ધ્યાન રાખજો, સ્વાસ્થ્ય બાબત સાધારણ તનાવ રહે, કર્જ ન કરવું.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



■ માધવી નરેશ શાહ



### આડી ચાવી

૧. 'લગાન' ફિલ્મના ડિરેકટર (૯)
૬. શુભ અને ? (૨)
૭. ...નું વતેસર (૨)
૯. પાણીકાપ ઉંધુ લખો (૪)
૧૧. વસ્ત્રાહરણ (૫)
૧૪. ...સાધુ, ...વાદી (૨)
૧૫. પાણી ભરવાનું જાહેર સ્થળ (૨)
૧૬. દાદાના વેવાઇ (૨)
૧૭. કવિતાના સર્જક (૨)
૧૮. ...પાણા પગ પર (૩)
૨૧. સીએઆરઇ (૨)
૨૨. બોલીવુડનો એક એવોર્ડ (૮)
૨૫. મીરાંબાઇનો પ્રદેશ (૩)
૨૬. હાથનો એક હિસ્સો (૩)
૨૭. અનિલ કપુર-અનુપકુમારની ફિલ્મ (૩)
૨૮. એક ગ્રહ (૨)
૨૯. બુખાર (૨)

### ઉભી ચાવી

૧. અમિતાભ બચ્ચનની એક ફિલ્મ (૩)
૨. શુભેચ્છા (૫)
૩. મહારાષ્ટ્રનો એક દરિયાકાંઠો (૨)
૪. ડાયલોગ-સંવાદ-ગુજરાતી (૪)
૫. કલેશ-હિન્દી (૩)
૮. હાલાર પંથકનું ગામ (૪)
૧૦. ...પિતા, ...પોષણ (૩)
૧૨. અમાઉન્ટ (૩)
૧૩. મોરબીનો એક વિસ્તાર (૪)
૧૬. ...કોર્ટ (૪)
૧૯. મમ્મીના બનેવી (૨)
૨૦. બેસવા માટેનું ફર્નિચર (૪)
૨૧. હિન્દી ફિલ્મના એક ઉમદા અભિનેતા (૫)
૨૩. જુના જમાનાની ગાયિકા (૪)
૨૪. આડુ આવતું (૪)
૨૬. પુત્રવધુ (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સ | મા | જ | શા | સ્ત્ર | | વા | ર | દા | ત |
| | | રા | હ | | ખા | સ | ડા | | જ |
| ફ | ણ | સી | | વા | સ | | ર | મ | |
| રે | | જિં | ગ | લ | | પા | | હે | ત |
| બ | ળ | દ | | | કો | પા | ય | મા | ન |
| | | ગી | ત | કા | ર | | મ | ન | |
| સ | જા | | ર | કા | સ | | ન | | ફા |
| હ | | | વૈ | | | ક | | બો | ર |
| વા | | મા | યા | મે | મ | સા | બ | | ગ |
| સ | લ | મા | | | | ઈ | મ | ર | તી |









### ભાજપ પ્રજાના પ્રશ્નો ઉકેલવાને બદલે લોકોને સમસ્યાઓમાં ધકેલે છે

# રાજકોટવાસીઓના ખોળામાં માથુ મુકયુ છે; પરેશ ધાનાણીએ 'તાકાત' દેખાડી

## ભાજપનો અહંકાર ભાંગી જશે; લોકોના સ્વાભિમાન તથા લોકશાહીનુ જતન કરવાનુ વચનઃ વિજયનો વિશ્વાસ

## ફોર્મ ભરતા પુર્વે વિશાળ સભામાં ભાજપ પર ચાબખાઃ જીતેગા ભાઈ જીતેગા, પરેશભાઈ જીતેગા'ના નારા લાગ્યાઃ ક્ષત્રિય-કરણી સેનાના આગેવાનોની હાજરી

રાજકોટ તા.૧૯

રાજકોટની લોકસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે ફોર્મ ભરનાર પરેશ ધાનાણીએ વિજયનો વિશ્વાસ દર્શાવ્યો હતો. રાજકોટવાસીઓના ખોળામાં માથુ મુકયુ છે, મતદારો ભરોસો મુકશે અને ભાજપના અહંકારને ઓગાળી નાખશે તેવો હુંકાર કર્યો હતો.

વિધાનસભાના પુર્વ વિપક્ષી નેતા એવા પરેશ ધાનાણીએ બપોરે વિજયમુર્હુતમાં ઉમેદવારી નોંધાવતા પુર્વે ધાર્મિક સ્થળોએ દર્શન કરવા ઉપરાંત ગાંધીજી-સરદાર પટેલ-આંબેડકરની પ્રતિમાઓને વંદન કર્યા બાદ બહુમાળી ભવન ચોકમાં શક્તિપ્રદર્શન કર્યુ હતું. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, પુર્વ પ્રમુખ જગદીશ ઠાકોર તથા સિધ્ધાર્થ પટેલની હાજરીમાં યોજાયેલી સભામાં મોટી સંખ્યામાં આગેવાનો-કાર્યકરો ઉમટયા હતા. રૂપાલાનો વિરોધ કરી રહેલા ક્ષત્રિય સમાજ કરણીસેનાના આગેવાનોએ પણ હાજરી આપીને કોંગ્રેસને સમર્થન આપવાનો સંકેત આપ્યો હતો. કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ કહ્યું કે અનેકવિધ સમસ્યાઓથી પીડાતી પ્રજાની વેદના-પીડાને દુર કરીને સ્વાભિમાન અર્પવા અને પ્રજાને સલામ કરવા આવ્યો છું. રાજકોટના રણમેદાનમાં ભાજપના અહંકારને ઓગાળવા આવ્યો છે. મને પુરો વિશ્વાસ છે કે રાજકોટના મતદારોનું અભિયાન જાગશે અને સંગઠીત રીતે જીત અપાવશે.

તેમણે કહ્યું કે લોકશાહીને જીવંત રાખવા, બંધારણને ટકાવવા તથા લોકોના સ્વાભિમાન માટેની આ લડાઈમાં પોતે રાજકોટવાસીઓના ખોળામાં માથુ મુકી દીધુ છે, ભરોસો છે કે લોકોના આશિર્વાદ મળશે અને ચુંટણીમાં જીત અપાવશે. પોતે કયારેય લોકોનો વિશ્વાસ તૂટવા નહીં દયે. લોકોએ જીતાડવાનો સંકલ્પ લઈ જ લીધો છે. છતાં લોકોને મારા વચનમાં દમ ન લાગે તો માથુ વાઢી નાખે તો વાંધો નથી.

તેઓએ એવો આક્ષેપ કર્યો હતો કે ભાજપ પ્રજાની સમસ્યાઓનું નિવારણ કરવાને બદલે લોકોને સમસ્યાઓમાં ધકેલે છે. ભાજપનો અહંકાર આ વખતે ઓગળી જશે અને લોકોએ જ ભાજપને હરાવવાનું નકકી કર્યુ છે.

તેમણે કહ્યું કે દિકરીઓની આંખોમાં આંસુ જોયા છે ત્યારે હવે અહંકારી માછલી (ભાજપ)ની આંખ વિંધવાનો વખત છે. ભાજપનુ વર્ગવિગ્રહનું કાવતરુ સફળ નહીં થાય. સ્વાભિમાન યુદ્ધનો શંખનાદ કરી દીધો છે અને રાજકોટવાસીઓ જીતાડશે તેવો વિશ્વાસ છે.

ભાજપનો સૂર્ય સોળેકળાએ હોવા છતાં પ્રજાની સમસ્યાઓ દુર થઈ નથી. ભાજપમાંથી રાજકોટ મુક્તિ ઝંખે છે. આ વખતની લડાઈ અહંકાર અને સ્વાભિમાનની હોવાનુ જાહેર કર્યુ હતું. આ તકે જીતેગા ભાઈ જીતેગા, પરેશ ધાનાણી જીતેગાના નારા લાગ્યા હતા.

ધાનાણી સભા સ્થળે પહોંચતા તેમનુ કુમકુમ તિલક તથા પાઘડી પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યુ હતું. પ્રદેશ પ્રમુખ શક્તિસિંહનું પણ પાઘડી પહેરાવીને સ્વાગત કર્યુ હતું.




### કોંગ્રેસની સભામાં પાણીના જગ ખાલી થતાં કાર્યકરો પરેશાન

રાજકોટ લોકસભા બેઠકનાં કોંગ્રેસનાં ઉમેદવારની બહુમાળી ભવન ખાતે યોજાયેલી જાહેરસભામાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં ઉપસ્થિત જનમેદની માટે પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉનાળાની કાળઝાળ ગરમીમાં તરસ છીપાવવા પાણીના જગ મુકવામાં આવ્યા હતા, પરંતુ ગરમીના લીધે પાણીનો ઉપાડ થતાં એક સમયે જગ ખાલી થઈ જતા તરસ છીપાવવા કાર્યકરો હેરાન થયા હતા. જો કે થોડી મીનીટોમાં તાત્કાલીક પાણી ભરેલા વધુ જગની વ્યવસ્થા કરવામાં આવતા કાર્યકરોએ રાહત અનુભવી હતી. (તસ્વીરઃ દેવેન અમરેલીયા)

## લોકોએ એકી અવાજે ધાનાણીને રાજકોટથી લડવા તેડાવ્યા છે, હવે જીતાડશોઃ શક્તિસિંહ ગોહિલ

આ તકે શક્તિસિંહ ગોહિલે એમ કહ્યું કે લોકશાહીમાં લોકો મહાન હોય છે. લોકો સરકાર ચુંટે છે પરંતુ વર્તમાન શાસકો પ્રજા-ખીસ્સામાં હોય તેમ અભિયાનની રીતે વર્તન કરીને લોકશાહીનું અપમાન કરી રહી છે. રાજકોટવાસીઓને એક અવાજે પરેશ ધાનાણીને રાજકોટથી ચુંટણી લડવા તેડાવ્યા છે અને હવે વિજયતિલક કરશે તેવો વિશ્વાસ છે.

### કોંગ્રેસને જીતાડવાના જંગમાં 'ગરમી' કેવી? સભા સ્થળ ભરચક્ક થતાં જમીન પર જ 'આસન'



રાજકોટમાં કોંગ્રેસના લોકસભાના ઉમેદવાર પરેશ ધાનાણીએ ઉમેદવારી નોંધાવતા પૂર્વે બહુમાળી ભવન ચોકમાં જાહેરસભા સંબોધી હતી. રાજકીય શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આગેવાનો-કાર્યકરોની મોટી હાજરી થવાની ગણતરીએ જોરદાર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી છતાં સભા સ્થળે જગ્યા ખુટી પડી હોય તેમ કાર્યકરો જમીન નીચે બેસી ગયા હતા. આકરા ઉનાળાથી ધરતી ધગધગતી હોવા છતાં તેની ચિંતા કર્યા વિના કોંગ્રેસને જીતાડવાનું પ્રણ લીધું હોય તેમ જમીન પર જ આસન જમાવી દીધું હતું. (તસ્વીરઃ દેવેન અમરેલીયા)

## ફોર્મ-સભા પૂર્વે કોંગ્રેસ ઉમેદવાર પરેશ ધાનાણીએ મંદિરમાં દર્શન કર્યાઃ ગાંધીજી સરદાર પટેલ : ડો.આંબેડકરની પ્રતિમાને પણ વંદના કરી

### વહેલી સવારથી પરેશ ધાનાણી સાથે આગેવાનો મોટી સંખ્યામાં જોડાયાઃ કલા ગાંધીનાં ડેલામાં મહાત્મા ગાંધીને વંદન કર્યા

રાજકોટ,તા.૧૯

રાજકોટ લોકસભા બેઠકનાં કોંગ્રેસનાં ઉમેદવાર પરેશ ધાનાણીએ આજે વિજય મુર્હૂતમાં ઉમેદવારી ફોર્મ રજૂ કર્યુ હતું.કોંગ્રેસ ઉમેદવાર પરેશ ધાનાણીએ આજે ફોર્મ જાહેર સભા પૂર્ણે દિવાનપરામાં વિશ્વકર્મા મંદિરમાં દર્શન કર્યા હતા.બાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ, મહાત્મા ગાંધીની પ્રતિમાને વંદન કરી સિવિલ હોસ્પિટલ ચોકમાં ડો.બાબા આંબેડકરની પ્રતિમાને વંદન કર્યા બાદ કલા ગાંધીનાં ડેલાની મુલાકાત મહાત્મા ગાંધીને પણ વંદન કર્યા હતાં.પરેશ ધાનાણી આજે ઉમેદવારી ફોર્મ અને જાહેર સભાનાં સંબોધન પુર્વે કોંગ્રેસના આગેવાનો સાથે મંદિરોમાં દર્શન સાથે મહાત્મા ગાંધી સહિતના મહાપુરૂષોની પ્રતિમાને વંદન કરી રાજકોટની જનતાના પણ આર્શીવાદ મેળવ્યા હતા. ઉમેદવાર પરેશ ધાનાણી સાથે કોંગ્રેસના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. લોકસભાની રાજકોટ બેઠક પર ભાજપ-કોંગ્રેસ પક્ષ વચ્ચે ચુંટણી જંગ જામશે. જેમાં બંને ઉમેદવારો અમરેલીનાં વતની છ સાથે તેઓ અગાઉ વિધાન સભાની ચૂંટણીના જંગમાં પણ સામસામે લડી ચુકયા છે અગાઉ પરસોત્તમ રૂપાલાને હરાવનાર પરેશ ધાનાણીને ફરી કોંગ્રેસ હાઈ કમાન્ડે રાજકોટમાંથી ઉતારતા બંને હરીફ ઉમેદવારો વચ્ચે કાંટે કી ટકકરનો જંગ જામ્યો છે. ભાજપ ઉમેદવાર પરસોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજ રોષીત છે. નારાજ છે ત્યારે કોંગ્રેસ ઉમેદવાર પરેશ ધાનાણીએ સર્વે સમાજને સાથે રાખી દેવ મંદિરોમાં દર્શન સાથે મહાનુભાવોની પ્રતિમાઓને વંદન કરી જાહેર સભાને સંબોધી વિજય મુર્હૂતમાં ઉમેદવારી ફોર્મ રજૂ કર્યુ છે.









## 'ચાલુ સભામાં વિજ રૂકાવટ': સૌ અકળાયા




બહુમાળી ચોકમાં કોંગ્રેસની સભામાં એકાએક વિજ પુરવઠો ખોરવાતા ભાષણમાં વિઘ્ન આવ્યું હતું. ઉપસ્થિત લોકો પણ ગરમીમાં અકળાયા હતા. જો કે, ગણતરીની મીનીટોમાં જ જનરેટરનો વિજ પુરવઠો શરુ થઇ જતાં રાહત થઇ હતી. પરંતુ ચાલુ સભામાં વિજ રૂકાવટ ચર્ચાનો વિષય બની હતી. આ મામલે વિજતંત્રના અધિકારીએ એમ કહ્યું કે સભા માટે તંત્ર પાસે વિજ જોડાણ મંગાયું નહતું પાર્ટીએ જ વ્યવસ્થા કરી હશે અને ફોલ્ટ આપ્યો હશે તેમ માની શકાય છે.

સેક્સ સમસ્યાઓનું પ્રભાવશાળી સમાધાન
ડાયબીટીશ, બી.પી.માં પણ લાભદાયક
જોશ જગાવે ધૂમ મચાવે

18 થી 75 વર્ષ સુધી લાભદાયક
જોશ, તાકાત, ટાઈમિંગ, સ્ટેમિના, સાઈઝ વધારો
શીઘ્રપતન, સ્વપ્નદોષ, નપુંસકતા, ઈન્દ્રીની કમજોરી માટે વિશેષ લાભદાયક
લાભ નહીં તો પૈસા પરત
દવા ઘર બેઠા મંગાવવા માટે સંપર્ક કરો
આચાર્ય આયુર્વેદ
08116593448

33 માં વર્ષના શુભારંભ પ્રસંગે...
આભાર
૩૨ વર્ષની અમારી સુખદ્ સફરમાં પ્રત્યક્ષ-પરોક્ષ સહભાગી બનનાર દરેકનો અંતરથી આભાર...
નિયમીત અપડેટ થતી ગુજરાતની એક માત્ર ડેટા બેન્ક
સ્ક્રિન-ઓફસેટ પ્રિન્ટીંગ - શિલ્ડ મેમેન્ટો
ન્યુઝ પેપર એડવર્ટાઈઝીંગ - મિડિયા કન્સલટન્સી
ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્સ્યુરન્સ એડવાઈઝર
Vaibhav
ENTERPRISE - VIGYAPAN
6-Manhar Plot Corner, Mangala Road, Rajkot-2.
Cell : 94262 69876 - 98242 34311
vjmehta1968@gmail.com - mehtarajuj@gmail.com

# પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નામે બનાવટી ન્યુઝ પ્લેટ વાયરલ કરાતા પોલીસ કમિશ્નર સમક્ષ ફરિયાદ

**'કોની પાસેથી મત લેવા એ એમને શીખવાડવું નહીં, ક્ષત્રિયો કે કોળીનાં મતની જરૂર નથી અમારે' આવું લખાણ વિજયભાઈ રૂપાણીના નામે એબીપી અસ્મિતાની ન્યૂઝ પ્લેટમાં ફરતું થયું હતું, ન્યુઝ ચેનલે આ મેસેજ બનાવટી હોવાની પુષ્ટિ કરતા ફરિયાદ કરવામાં આવી છે**

**હિતશત્રુઓનું કૃત્ય, કાવતરૂ ઘડી કાલ્પનિક નિવેદનો ઉભા કરી વિજયભાઈની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા પ્રયત્નઃ રાજ્યની કાયદો વ્યવસ્થા અને સામાજિક સમરસતા પર આડ અસર થવાની સંભાવના હોય, તત્કાલ પગલાં લેવા અનુરોધ**

રાજકોટ, તા.૧૯

પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીને બદનામ કરવા કાવતરુ ઘડી તેમના નામે કાલ્પનિક અને ખોટા નિવેદનો ઉભી કરી બનાવટી ન્યુઝ પ્લેટ ખોટી ઉભી કરી અને સોશ્યલ મીડિયામાં વાયરલ કરનાર આરોપીઓ સામે ફોજદારી ફરિયાદ નોંધી કાર્યવાહી કરવા વિજયભાઇ રૂપાણીએ રાજકોટ પોલીસ કમિશનર સમક્ષ લેખીત ફરિયાદ કરી છે.

થોડા દિવસોથી વિજયભાઇ રૂપાણીના નામે અમુક ચોક્કસ રાજકીય તેમજ સામાજિક હિતશત્રુઓ દ્વારા ખોટા અને કાલ્પનિક નિવેદનો ઉભા કરી એબીપી અસ્મિતા ન્યુઝ ચેલનું બનાવટી અને ખોટું ન્યુઝ પ્લેટ ઉભું કરી અને તે કાલ્પનિક નિવેદનો બનાવટી ન્યુઝ પ્લેટમાં એડીટ કરી અને સોશ્યાલ મીડિયામાં વાયરલ કરવામાં આવ્યા છે. ત્યારે આવું નિવેદન આજદિન સુધી તેઓ દ્વારા કરવામાં આવ્યું જ નથી તેવું જણાવતા વિજયભાઇએ પોલીસ કમિશનર રૂબરૂ ફરિયાદ કરેલ છે જેમાં તેઓના નામે આવા ખોટા નિવેદનો ઉભા કરી ખોટી બનાવટી ન્યુઝ પ્લેટમાં આ કાલ્પનિક નિવેદન એડીટ કરી અને વાયરલ કરવાવાળા વ્યકિતઓ વિરુધ્ધ ફોજદારી ફરિયાદ નોંધી અને તાત્કાલીક કાયદાકિ હાથ ધરવા અનુરોધ



વિજયભાઇ: ફરિયાદમાં વધુમાં જ' સ્વયંમ એબીપી ચ ન્યુઝ ચેનલ કે જે બનાવટી અને ખો ન્યુઝ પ્લેટ ઉભ કરવામાં આવેલ હ તે ન્યુઝ ચેનલે પણ તેઓની ચેનલના માધ્યમથી સ્પષ્ટતા કરેલ હતી કે આવું કોઇ ન્યુઝ પ્લેટ ચેનલ દ્વારા બનાવવામાં આવેલ જ નથી અને ન્યુઝ પ્લેટમાં જણાવેલ નિવેદન તથ્ય વિહોણું છે. સમાજમાં ભાગલા પાડવા, તેઓની દાયકાઓ જુની નિષ્કલંક કારકિર્દીને હાની પહોંચાડવા અને ભારતીય જનતા પાર્ટીને બદનામ કરવા આવી ખોટી ન્યુઝ પ્લેટ ઉભી કરવામાં આવી છે અને જે વ્યકિતઓએ આ હિન કૃત્ય કરેલ છે તેઓ વિરુધ્ધ તાત્કાલીક કાર્યવાહી કરી આ ફેક ન્યુઝ અટકાવવામાં આવે તે અનિવાર્ય છે. વિજયભાઇને ફરિયાદમાં જણાવ્યું છે કે તેઓ દાયકાઓથી સમાજની સેવા કરી અમો સાર્વજનિક વેશ્યા ત્યારથી લઇ અને સુધી સામાજિક ને સમર્પિત વાબદારીપૂર્વકનું ાર્વજનિક જીવન જીવી હ્યા છે.

ઘણા સંવેધાનિક હોદ્દાઓ ભાંગવી ચુક્યા છે. હોદ્દાઓની જવાબદારીનું નિર્વહણ કરતા સમયે દરેક સમાજને સાથે લઇ અને કાર્ય કરવાનો સફળ પ્રયત્ન કર્યો છે. તેઓની નિષ્કલંક રાજકીય અને સાર્વજનિક કારકિર્દી રહી છે અને સર્વસમાજમાં તેઓ બહોળી પ્રતિષ્ઠા ધરાવીએ છે. સર્વસ્વિકૃત પ્રતિષ્ઠાને હાની પહોંચાડવા અમુક અસામાજિક તત્વો તેમના નામે 'કોની પાસેથી મત લેવાં એ એમને શીખવાડવું નહીં, ક્ષત્રિય કે કોળીના મતની જરૂર નથી અમારે.. વિજય રૂપાણી' આવા બનાવટી અને કાલ્પનિક ખોટા નિવેદનો ઉભા કરી અને ન્યુઝ ચેનલનું બનાવટી અને ખોટું ન્યુઝ પ્લેટ ઉભું કરી વાયરલ કર્યુ હતું. સત્ય એ છે કે વિજયભાઇએ ક્યારેય આવું નિવેદન આપ્યું નથી. ન્યુઝ ચેનલે પણ આ ન્યુઝ પ્લેટ ખોટી હોવાનું સ્પષ્ટીકરણ કરેલ છે.

સમગ્ર ભારતમાં હાલ લોકસભાની ચૂંટણી ચાલી રહી છે અને ગુજરાત રાજ્યમાં ચૂંટણી પ્રચાર અંતર્ગત વિજયભાઇને ભારતીય જનતા પાર્ટીના સ્ટાર પ્રચારક તરીકે સમગ્ર રાજ્યમાં સભાઓ સંબોધવા જવાની ફરજ પડેલ છે. તેઓ સંજોગોમાં તેમના નામનો ખોટી રીતે ઉપયોગ કરી તેમના નામે ખોટા કાલ્પનિક નિવેદનો ઉભા કરવાનો હિન પ્રયત્ન થઇ રહ્યો છે જેની સીધી આડ અસર રાજ્યની કાયદા વ્યવસ્થા ઉપર તેમજ સામાજિક સમરસતા ઉપર સાથે ભારતીય જનતા પાર્ટી ઉપર પડે તેવી પુરી સંભાવના છે જેથી આવા આરોપીઓ સામે કાયદાકિય પગલા હાથ ધરવા પોલીસ કમિશનરને ફરિયાદમાં જણાવાયું છે. આ ફરિયાદમાં વિજયભાઇ વતી એડવોકેટ અંશભાઇ ભારદ્વાજ રોકાયેલ છે.

૫૦ ફૂટ રિંગ રોડ, ફોર્ચ્યુન હોટલ પાસે આંબેડકરનગર બસ સ્ટોપ સામેની ઘટના

# રાજકોટના ભાજપ કાર્યાલયમાં તોડફોડનો પ્રયાસ : કારમાં આવેલ શખ્સો દેકારો કરવા લાગતા રાત્રે પોલીસના ધાડેધાડા ઉતારાયા

**પક્ષ દ્વારા કોઈ માહિતી કે ફરિયાદ નથી અપાઈ : પાર્ટી સાથે કોઈ લેવાદેવા નહીં પણ અંદરો અંદરનો ડખ્ખો હોવાની પોલીસને શંકા:કાર્યાલય પાસેના કોઈ સીસીટીવી મળ્યા નથી, પણ કારના ફૂટેજ મળતા ચારેક લોકો આવ્યાનું જણાયું, નંબર પ્લેટના આધારે તપાસ**





રાજકોટ. તા.૧૯

૧૫૦ ફૂટ રિંગ રોડ, ફોર્ચ્યુન હોટલ પાસે આંબેડકરનગર બસ સ્ટોપ સામે આવેલાં વિધાનસભા- ૭૧ ના મધ્યસ્થ કાર્યાલય પર ગઈ રાત્રે કારમાં આવેલા ચાર શખ્સોએ ડખો કરી તોડફોડનો પ્રયાસ કરતાં પોલીસના ઘાડેધાડા ઉતરી આવ્યા હતાં. પ્રાથમિક તપાસમાં ચારેય શખ્સ શંકાસ્પદ હાલતમાં હોવાનું સામે આવ્યું હતું અને પક્ષ તરફથી પણ કોઈ ફરિયાદ થઈ ન હતી. જો કે, તાલુકા પોલીસે કારના નંબરના આધારે તપાસ હાથ ધરી હતી. પ્રાપ્ત વિગત મુજબ, ૧૫૦ ફૂટ રિંગરોડ પર ફોર્ચ્યુન હોટલ પાસે આંબેડકરનગર બસ સ્ટોપ સામે આવેલ ભાજપના મધ્યસ્થ કાર્યાલય પર કાર્યકરો ચર્ચા કરી રહ્યા હતા ત્યારે રાત્રિના સમયે એક કાર ધસી આવી હતી. જેમાં સવાર ચાર શખ્સ કારમાંથી ઉતરી સીધા જ





બિલ્ડિંગમાં ઉપર ચડી ગયા હતા. આ સમયે પહેલા માળે બેલાની પાળીને પગ અડી જતાં કેટલાક બેલા નીચે પડી ગયા હતાં. તેમજ એક વ્યક્તિ શમિયાણા પર ઉતારવાનો પ્રયાસ કર્યો હતો. બનાવની જાણ થતાં તાલુકા પોલીસ મથકના પીઆઇ ધવલ હરિપરા અને માલવીયાનગર પોલીસ મથકના પીઆઇ દેસાઈ સહિત પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મોડી રાતે બનેલ બનાવથી રાજકારણ પર ગરમાયું હતું. વધુમાં તાલુકા પીઆઇ ધવલ હરિપરાએ જણાવ્યું હતું કે, મોડી રાતે અજાણ્યાં ચાર શખ્સો કારમાં ઘસી આવ્યા હતાં અને ચારેય વચ્ચે કોઈ ચાવી બાબતે માથાકૂટ અને બોલાચાલી થઈ હતી. દરમિયાન ત્યાં નજીકમાં રહેલ કાચી બેલાની દિવાલ પડી ગઈ હતી. શંકાસ્પદ હાલતમાં રહેલા શખ્સોએ ભાજપના કાર્યકરો સાથે કોઈ માથાકૂટ કરી ન હતી. માત્ર ગણતરીની મિનિટોમાં જ ચારેય શખ્સ કારમાં ફરાર થઈ ગયાં હતાં. દરમિયાન તપાસમાં આસપાસમાં કોઈ સીસીટીવી પણ ન હોવાથી તપાસ મુશ્કેલ બની હતી. પરંતુ ત્યાં હાજત લોકોમાંથી મળેલ કારના નંબરના આધારે તેઓની શોધખોળ શરૂ કરવામાં આવી છે. વધુમાં પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ, ચારેય કોઈ શંકાસ્પદ ઈરાદે આવ્યા હોવાની પૂરેપુરી શંકા સેવાઈ રહી છે. પરંતુ પક્ષ તરફથી કોઈ ફરિયાદ આપવામાં ન આવી હતી. છતાં પોલીસે તપાસ યથાવત રાખી શોધખોળ હાથ ધરી હતી.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં ચોરી અને લૂંટ કરનાર બેલડી સુરતથી ઝડપાઈ

**નેમિનાથ સોસાયટીમાં સેન્ટ્રલ જેલના કલાર્કના મકાનમાંથી દાગીના અને રોકડ સહિત રૂા.૪.૯૮ લાખના મુદ્દામાલની ચોરી કરી નાસી છૂટેલા તસ્કરોને સુરત ક્રાઇમ બ્રાંચે ઝડપી રૂા.૧૦ લાખની મતા કબ્જે કરી**

**મૂળ લાલપુરનો નરસિંહ ખણધર અને ઉત્તરપ્રદેશનો દસ્તગીર સુરતમાં રહી ચોરીને અંજામ આપવાના પ્લાન ઘડતાં: નવનિયુક્ત પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગેહલોતની રાહબરીમાં ક્રાઇમ બ્રાંચની મોટી કાર્યવાહી**

રાજકોટ.તા.૧૯

રાજકોટ જેલના સિનિયર કલાર્કના બંધ મકાનમાંથી સોનાં ચાંદીના દાગીના અને જામજોધપુરમાં બેંકમાંથી રૂપિયા ૨૦ લાખ સાથેની બેગ ખેંચી લેવા સાથે મધ્ય પ્રદેશ સહિત દેશના વિવિધ રાજ્યોમાં વોન્ટેડ આંતરરાજય બે શખ્સોને સુરત ક્રાઇમ બ્રાન્ચે દબોચો રૂ.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પૂછપરછ હાથ ધરતાં અનેક ચોરી અને લૂંટના ભેદ ખુલવા પામ્યા હતાં.

પોલીસ કમિશનર અનુપમસિહ ગેહલોત દ્વારા ક્રાઇમ બ્રાન્ચ વડા કે. એન. ડામોર, ડીસીપી ભાવેશ રોજિયાએ સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ તે માટે અગાઉ મિલકત સંબંધી ગુનાઓમાં પકડાયેલા આરોપીઓ પર વોચ રાખવાની આપેલ સૂચનાથી ક્રાઇમ બ્રાન્ચની

ટીમને મળેલ ચોકકસ, સચોટ બાતમીના આધારે સુરત શહેર ક્રાઈમના પોલીસ ઇન્સ્પેકટરોના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો સુરત શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન જનરલ સ્કવોડના પીએસઆઈની ટીમને મળેલ ચોક્કસ બાતમીના આધારે અગાઉ મોબાઇલ ફોન તેમજ વાહન ચોરીના સહિતના ગુનાઓમાં પકડાયેલ દસ્તગીર ઉર્ફે રબ્બાની ઉર્ફે ટાઇગર મોહમદ સકિલ ખલીલ કુરેશી (રહે. ઉનપાટીયા, તળાવ ગાર્ડનની પાસે સુરત, મૂળ મુરદાબાદ, ઉત્તરપ્રદેશ) અને નરસિંહ રવજી ખણધર (રહે. સચિન રેલવે સ્ટેશનની બાજુમાં સુરત, મૂળ લાલપુર, જામનગર) રાજકોટના શહેર ગ્રાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારના એક મકાનમાંથી સોના-ચાંદીના ઘરેણા, લેપટોપ તથા કેમેરા સહિતનો કિંમતી સામાન ચોરી લાવેલ છે અને બંને મધ્યપ્રદેશના ખારગૌન પોલીસ સ્ટેશનમાં લૂંટના ગુનામાં નાસતા-ફરતા હોવાની ચોક્કસ બાતમીના આધારે ક્રાઇમ બ્રાંચના સ્ટાફે ઉન પાટીયા ભીંડી બજાર પાસે જાહેર રોડ પરથી બંનેને દબોચી સોના-ચાંદીના ઘરેણા, લેપટોપ, કેમેરો અને રોકડ રૂપિયા સહિતનો કૂલ રૂ.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

આરોપીઓએ નેમિનાથ સોસાયટીમાં આવેલ બંધ મકાનમાં ત્રાટકી ચોરી કરેલ કરેલ હોવાની કબૂલાત આપેલ છે. જે બાબતે મકાન માલિક સેન્ટ્રલ જેલના કલાર્ક ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

ઉલ્લેખનીય છે કે, બંને આરોપીઓ સાથે મળી મધ્ય પ્રદેશના ખારગૌન પોલીસ સ્ટેશન વિસ્તારમાં લૂંટના ત્રણ ગુનાઓને અંજામ આપેલ જેમાં ઓક્ટોમ્બર-૨૦૨૦ માં ખારગૌન અવનીગ્રામ વિસ્તારમાં રસ્તા પર ઉભેલ મહિલાના ગળામાંથી સોનાની ચેનની લૂંટ અને માર્ચ-૨૦૨૧ માં ખારગૌન વળંદાવન કોલોનીમાં મહિલા તેમના ઘર બહાર ઉભા હોય તે વખતે તેમને એડ્રેસ પુછવાના બહાને તેમની પાસે આવીને તેમના ગળામાંથી સોનાની ચેનની લૂંટ કરેલ અને માર્ચ- ૨૦૨૧ માં મહિલા પોતાના ઘરની બહાર ફુલ તોડતા હતા તે વખતે આરોપીઓએ ચેનની લૂંટ કરતા મહિલાએ પ્રતિકાર કરતા તસ્કરોએ પાસેના ધારદાર હથિયાર

વડે હુમલો કરી ઇજાઓ પહોંચાડી લૂંટ કરી નાસી ગયેલ હોવાની કબૂલાત આપી હતી. જે ગુનામાં બંને વોન્ટેડ હતાં. ઉપરાંત એકાદ વર્ષ પહેલા બંને આરોપીઓએ સુરત શહેર ખટોદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વાહન ચોરી કરી હોવાનું પણ સામે આવ્યું છે.

## જામજોધપુરમાંથી ૨૦ લાખની લૂંટ અને લાલપુરમાં હથિયારના ગુનામાં પણ બંને શખ્સો સંડોવાયેલ છે

રાજકોટ. તા.૧૯

સુરત ક્રાઇમ બ્રાન્ચે પકડેલ ચોરી અને લૂંટમાં સંડોવાયેલ બેલડીએ જામજોધપુરમાં બેંકમાંથી રૂ.૨૦ લાખ ઉપાડીને જતા ખેડૂત પાસેથી બેગ છીનવીને લૂંટ ચલાવી નાસી છૂટ્યા હતાં. ભાગી ગયેલ હોય આરોપીમાં દસ્તગીર કુરેશીની ધરપકડ થયેલ અને નરસિંહ રવજીભાઈ ખણધર નાસતો ફરતો હતો. તેમજ વર્ષ ૨૦૧૯ માં લાલપુર ખેતી વાડી મંડળીના મંત્રી નરશીભાઈ તેમની મંડળીની મોટી રકમ લઇને મોટી રાફુદળ ગામે નાનજીભાઈ લાધાભાઈ સોનગરાની વાડીની બાજુની વાડીએ જ રાત્રી દરમ્યાન ઉંઘતા હતાં ત્યારે આરોપી નરસિંહ ખાણધરે અને તેના મામાના દીકરા નાનજી સોનગરાએ મળીને લૂંટ કરવાનું કાવતરું રચેલ અને લૂંટ કરવા માટે ઇન્દોરથી ફિરોજ ભાદરખાન, અંસાર તથા શેરુ નામના શખ્સોને દેશી બનાવટની પિસ્ટલ સાથે બોલાવી રાફુદળ ગામે સીમ વિસ્તારમાં રોકાઈ રાફુદળ ગામમાં આવેલ ગૌરીશંકર મહાદેવજીના મંદિરમાંથી રાધાકૃષ્ણની મૂર્તિની ચોરી કરી બાપા સિતારામની મૂર્તિની ખંડિત કર્યાની ફરીયાદ નોંધાઈ હતી.

# સ્પા સંચાલકો સાથે ડીસીપીની બેઠક

**તમામ કર્મચારીઓની ફરજિયાત નોંધાણી કરવા, ગેરકાયદે પ્રવૃતિ ન થાય તેની તકેદારી રાખવા સમજ અપાઈ**





રાજકોટ તા.૧૯

ગઈકાલે પોલીસ કમિશ્નરના જાહેરનામા અને વિવિધ કાયદાકીય સમજ માટે ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ દ્વારા સ્પા સંચાલકોની બેઠક બોલાવી જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

એસઓજી વિભાગ તરફથી મળેલી માહિતી મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, અધિક પોલીસ કમિશ્નર વિધી ચૌધરીની સુચના અન્વયે રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ તમામ સ્પા સેન્ટરોમાં કામ કરતા કર્મચારીઓની નોંધણી નજીકના પોલીસ સ્ટેશનમાં કરવાની હોય જે અનુસંધાને પોલીસ કમિશ્નરના જાહેરનામાની ચુસ્તપણે અમલવારી થાય તેવી સુચના આપવામાં આવેલ છે. જે સબંધે ગઈકાલે રાજકોટ શહેર એસઓજી શાખા ખાતે ડીસીપી (ક્રાઈમ અને સ્પેશ્યલ બ્રાન્ચ) ડો. પાર્થરાજસિંહ ગોહિલની અધ્યક્ષતામાં શહેરમાં સંચાલીત તમામ સ્પા સેન્ટરોના માલીકો સાથે મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. આ મીટીંગ દરમિયાન તમામ સ્પા સંચાલકોને પોતાના સ્પામાં કામ કરતા તમામ કર્મચારીઓની નોંધણી નજીકના પોલીસ સ્ટેશનમાં સમયસર કરાવવા સુચનાઓ આપવામાં આવી હતી. પોતાના સ્પામાં ડ્રગ્સને લગત તથા અન્ય કોઈ ગેરકાયદેસર પ્રવૃતિ ન થાય તે માટે તકેદારી રાખવા સુચના આપી હતી. આવી પ્રવૃતિઓ વિરૂધ્ધની વિવિધ કાયદાકીય જોગવાઈ અંગે સમજ કરવામાં આવી હતી. આ તકે એસઓજી પીઆઈ જે.એમ. કૈલા, એએચટીયુ પીઆઈ કે.જે. કરપડા, એસઓજી પીએસઆઈ ડી.પી. ગોહેલ, એસઓજીનો સ્ટાફ તેમજ આ સંચાલકે ઉપસ્થિત રહ્યા હતા.

# ભગવતીપરામાં ઘરમાં ઘુસી યુવક પર હુમલો કરી હત્યાનો પ્રયાસ કરનાર મુખ્ય સુત્રધાર જાવેદ સોઢા ઝડપાયો

**આરોપી છેલ્લા છ મહિનાથી ફરાર હતોઃ બી ડીવીઝન પોલીસની કાર્યવાહીઃ અગાઉ આ ગુનામાં સાત આરોપીની ધરપકડ થઈ ચૂકી છે જયારે આદીલ સોઢા હજુ ફરાર**

રાજકોટ તા.૧૯

ભગવતીપરામાં ઘરમાં માતાજીના મઢમાં ઘુસી યુવક પર જીવલેણ હુમલો કરી હત્યાનો પ્રયાસ કરનાર છેલ્લા છ મહિનાથી ફરાર જાવેદ સોઢાને બી ડીવીઝન પોલીસે પકડી પાડી કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે ભગવતીપરામાં વિજયવન સોસાયટીમાં રહેતા કેવલ શૈલેષ પીપળીયા (ઉ.૩૦)એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે આદીલ હનીફ સોઢા, શાહરૂક હનીફ સોઢા, જાવેદ હનીફ સોઢા, મહમદ સીદીક ધડકાઈ, રૂહાન આદીલ સોઢા, રેશ્મા જાવેદ સોઢા, અક્ષા ધડકાઈ અને શબાના ઉર્ફે ડાડણ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી કે તે પોતાના ઘરે ઉપરના માળે હતો ત્યારે ઘરનો દરવાજો જોરથી બંધ થવાનો અવાજ આવેલ અને બહારથી દરવાજા પર કોઈ હથીયારો વડે માર મારવાનો તથા ગાળો બોલવાનો અવાજ આવતા જેથી તેઓએ જોતા દરવાજો તુટી ગયેલ અને આરોપીઓએ ઘુસી કહેલ કે તારી પીતરાઈ બહેન છત પર ચડી અમારી છત પર કેમ જોવે છે તેમ કહી ઝપાઝપી કરવા લાગેલ.



બાદમાં છરી સાથે શાહરૂક સોઢા, જાવેદ સોઢા અને આદીલ સોઢા તલવાર સાથે તેમજ મહમદ ધડકાઈ અને રૂહાન આદીલ ધોકા પાઈપ સાથે ઘરમાં ઘુસી આજે તો તને પતાવી જ નાખવો છે કહી જીવલેણ હુમલો કર્યો હતો. તેમજ હુમલાખોરો તેમને ઈજાગ્રસ્ત હાલતમાં ઘરની બહાર લઈ ગયેલ અને શેરીમાં આરોપીઓએ ભેગા મળી હથીયારો વડે અને ઢીકાપાટુનો ઢોર માર મારી હત્યાનો પ્રયાસ કર્યો હતો દરમ્યાન તેમને બચાવવા આવેલ તેમની માતા અને બહેનને પણ આરોપીઓએ માર માર્યો હતો.બનાવ અંગે બી ડીવીઝન પોલીસ મથકે હત્યાના પ્રયાસની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો જે ગુનામાં છેલ્લા છ મહિનાથી ફરાર જાવીદ હનીફ સોઢા (ઉ.૨૯) રહે. ભગવતીપરા શેરી નં.૯ને પીઆઈ એસ.એન. જાડેજાએ દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે આ ગુનામાં અગાઉ શાહરૂક હનીફ સોઢા, મહમદ સીદીક ધડકાઈ, રૂહાન આદીક સોઢા, રેશ્મા જાવેદ સોઢા, અક્ષા સીદીક ધડકાઈ, અને શબાના ઉર્ફે ડાડણની ધરપકડ કરી છે. જયારે મુખ્ય સુત્રધાર આદીલ હનીફ સોઢા હજુ પોલીસ પકડથી દુર છે.

# તળાજાના ઉંચડી ગામે નદીમાં ડૂબી જતા બે સગા ભાઈઓના મોત

**ગરમીથી રાહત મેળવવા માટે મિત્રો સાથે ન્હાવા પડતા કરૂણાંતિકાઃ બાબર પરિવાર શોકમાં ગરકાવઃ જાણ કરવા છતાં પોલીસ મોડે સુધી ફરકી નહીં**



**(વિપુલ હિરાણી)** ભાવનગર, તા.૧૯

તળાજા તાલુકાના ઉંચડી ગામે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા પાંચ મિત્રો ગામની નાવલી નદીમાં ન્હાવા ગયા હતા.જેમા બે સગા ભાઈઓ ના ડૂબી જવાથી મોત નિપજ્યા છે.

મળતી વિગતો મુજબ બાબર જ્ઞાતિના અશોકભાઈ મોહનભાઇ ભેડા ના બે પુત્રો દર્શન (ઉ.વ.૧૩) જે ધો.૮ અને દક્ષ (ઉ.વ.૧૧) જે ધો. ૬ મા અભ્યાસ કરતા હતા.આ બંને સગા ભાઈઓ ગામના સાથી મિત્રો યુવરાજ,દર્શક અને પાર્થ સાથે ગામની સીમમાં આવેલ નાવલી નદીના પાણી મા ગરમીથી રાહત મેળવવા ગઇકાલે બપોરના સમયે ન્હાવા ગયા હતા.

કાળજાણે અહીં રાહ જોઈને જ બેઠો હોય તેમ બંને સગાભાઈઓ મિત્રોની નજર સમક્ષ જ ડૂબવા લાગ્યા હતા.બાળકોએ તેની જાણ નજીકની વાડીઓ વાળાને કરતા ગામના સેવાભાવી લોકો દોડી આવીને બાળકોને બચાવવા પાણીમાં ખબકયા હતા.બંને ભાઈઓને તળાજા રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા.

મૃતકના પિતા ઘરે આરી ભરત નું કામ કરેછે. જ્યારે માતા ખેત મજૂરી કરી ને જીવન નિર્વાહ ચલાવવામાં મદદ કરે છે. બનાવના પગલે ધારાસભ્ય ગૌતમભાઈ ચૌહાણ, તા.પં.પ્રમુખ રાણાભાઈ સોલંકી,જિલ્લા પં. ઉપ પ્રમુખ વિક્રમભાઈ ડાભી સહિતના રાજકીય સમાજિક આગેવાનો, ઉંચડી ગામના લોકો સાંત્વના આપવા હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. ઉલ્લેખનિય છેકે આફતગ્રસ્ત ભેડા પરિવાર ના સભ્યો મોટાભાગના સુરત વરાછા ખાતે સ્થાઈ થયા છે.

બંને બાળકોને મૃત જાહેર કર્યા બાદ તળાજા પોલીસ મથકે જાણ કરવા છતાંય પોણો કલાક વીતવા છતાંય પોલીસ ઇન્કવેસ્ટ સહિતની કાયદાકીય કામગીરી માટે આવી નહતી.આથી તાલુકા પંચાયત પ્રમુખે પો.ઇ સુડેસરાને મોબાઈલ કરીને કહેવું પડ્યું હતું કે આ બનાવને ગંભીરતાથી લો. આ અંગે વિશેષ તપાસ પોલીસ ચલાવી રહી છે.

# સામું કેમ જોવે છે કહી યુવક પર છરી વડે હુમલો

રાજકોટ તા.૧૯

સામું કેમ જોવે છે કહી યુવક પર છરી વડે હુમલો કર્યો હતો. તેમજ યુવક સાથે રહેલ તેના મિત્રોને પણ ઈજા પહોંચાડી અજાણ્યાં શખ્સો નાસી ગયા હતા. બાદ ઈજાગ્રસ્ત હાલતમાં યુવકને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે રાજકોટ તાલુકા પોલીસને જાણ કરી હતી.

બનાવની વિગત અનુસાર કુલદીપભાઈ મનસુખભાઈ દાફડા (ઉ.વ.૨૬ રહે.કણકોટ ગામ) નોંધાવેલ ફરિયાદ મુજબ

ગતરોજ બપોરે મારો નાનો ભાઈ સચીન અને તથા અમારા મીત્ર જયદીપભાઈ પરમાર, હર્ષાબેન પરમાર સરદારબાગ બગીચામા જમવા બેસેલ. જમીને બપોરના હુ તથા જપદીપભાઈ કચરો નાખવા જતા હતા.ત્યારે ત્યા બગીચા મા એક કપલ બેસેલ હતું. તે કપલમાંથી પુરૂષે મને કહેલ કે કેમ સામુ જોવે છે તેમ કહી મને બોલાવેલ અને આ માણસ એકદમ ઉશ્કેરાઇ જઈને બોલાચાલી કરી ગાળો દેવા લાગેલ. જેથી અમો ત્યાથી નીકળી ગયેલ. બાદ આ માણસે કોઇ ને ફોન કરીને બોલાવેલ. અને અમો બધા બગીચાની બહાર જતા હતા ત્યારે બગીચાના નાના મૌવા રોડ તરફ ના દરવાજા પાસે મારી સાથે બગીચામા બોલાચાલી કરેલ તે માણસ આવેલ અને તેની સાથે બીજો એક માણસ હતો. અને મારી સાથે બગીચામા બોલાચાલી કરેલ તે માણસે મને અપશબ્દો બોલવા લાગેલ કે તુ શુ હોશીયારી કરે છે.બીજીવાર અહીયા દેખાણો તો મારી નાખીશ તેમ કહી તે છરી વડે મને જમણા હાથના પંજામા તથા હાથના ખંભા પાસે છરી મારતા મને ઇજા થયેલ.મ તેવામાં મારી સાથે રહેલ મારો ભાઇ સચીન મને છોડાવવા વચ્ચે પડતા તેમને પણ મારવા દોડેલ હતો અને તેમની સાથે આવેલ બીજા એક માણસે મારા ભાઈ ને ઢીકાપાટુનો માર મારેલ હતો.તેવામા જપાજપી થવા લાગતા મારી સાથે રહેલ હર્ષાબેન વચ્ચે પડતા તેને પણ ગાલ ના ભાગે છરી લાગી જતા ઈજા થયેલ આજુબાજુના લોકો ભેગા થઈ જતા આ લોકો એકટીવા લઇને ભાગી ગયેલ હતા.બાદ મને સીવીલ હોસ્પીટલમાં ખસેડાયો હતો. બનાવ અંગે રાજકોટ તાલુકા પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ હાથ ધરી છે.

# જોડીયાનાં તારાણા ગામે તિક્ષ્ણ હથીયારનાં ઘા ઝીંકી યુવાનની હત્યા

**ચોરીના ઈરાદે આવેલા બે શખ્સોએ કરપીણ હત્યા કર્યાનું અનુમાન : આરોપીઓ બાઈકમાં ફરાર : શોધખોળ**

જામનગર, તા. ૧૯

જોડીયા તાલુકાના તારાણા સીમ પંથકમાં મોડીરાત્રે તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી યુવાનની હત્યા નિપજાવવામાં આવી હોવાનો બનાવ બહાર આવ્યો છે. સંભવત ચોરીના ઇરાદે આવેલા બે શખસોએ આ જીવલેણ હુમલો કર્યો હોવાનુ પોલીસે અનુમાન દર્શાવી હત્યાના બનાવમાં બાઈકસવાર શકમંદ બેલડી સામે ગુનો નોંધી પોલીસે તેની શોધખોળ માટે જુદી જુદી દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ જોડીયા નજીક તારાણા ગામે રહેતા ભુપેન્દ્રસિંહ નિમુભા જાડેજા (ઉ.વ.૪૦) નામનો યુવાન રાત્રે તેની હાઈવે રોડ પાસે આવેલી વાડીએ સુવા માટે ગયા હતા.જે. દરમિયાન વાડી આગળ દુકાન પણ આવેલી હોય, જયાં મોડી રાત્રે બે અજાણ્યા શખ્સો ધસી આવ્યા હતા. જેઓને સંભવત પડકારતા ચોરીના ઇરાદે ધુસેલા મનાતા આ શખસોએ તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી નિર્મમ હત્યા નિપજાવી નાશી છુટયા હોવાનો બનાવ સામે આવ્યો છે.

સવારે દુકાને અમુક વસ્તુઓ વેરવિખેર જોવામાં આવતા પરીજનોએ ત્યાંના પાછળના ભાગે તપાસ કરતા ભુપેન્દ્રસિંહ (ઉ.વ. ૪૦) લોહીલુહાણ હાલતમાં પડયા હતા જેઓના આંખ પાસે હથિયારના ઘા ઉપરાંત શરીરના અમુક ભાગે પણ તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકાયા હોવાનુ સામે આવ્યુ હતુ.આ બનાવની જાણ થતા પીએસઆઈ ઝાલા સહિતની ટીમ તુરંત ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પોષ્ટમોર્ટમ અર્થે જામનગરની સરકારી જી.જી. હોસ્પીટલમાં ખસેડયો હતો.આ બનાવ મામલે મૃતકના મોટાભાઈ જગુભા ઉર્ફે જગદિશસિંહ નિમુભા જાડેજાની ફરીયાદ પરથી પોલીસે બે અજાણ્યા શખસો સામે હત્યાનો ગુનો નોંધીને તેની શોધખોળ સાથે વધુ તપાસ હાથ ધરી છે.

બનાવ સ્થળ નજીકના વિસ્તારમાં લગાડાયેલા સીસીટીવી કેમેરામાં મધરાતે લગભગ સાડા બાર વાગ્યાના સુમારે શંકાસ્પદ બાઈક પર ધસી આવેલા બે શકમંદ શખસોએ વાહન દુકાન નજીક ઉભુ રાખ્યાનુ ખુલ્યુ હોવાનુ જાણવા મળ્યુ છે.સંભવત શકમંદ શખસો સામે કોઈ ઝપાઝપી બાદ આ હત્યાને અંજામ આપવામાં આવ્યો હોવાની પ્રબળ આશંકા સાથે પોલીસે ઘનિષ્ઠ તપાસ હાથ ધરી છે.

# બોગસ નંબર પ્લેટના ગુનામાં આરોપીઓને નિર્દોષ ઠરાવતી કોર્ટ

**આજી ડેમ પોલીસે વાહન ચેકિંગ દરમિયાન બોગસ નંબર પ્લેટ લગાવી બાઈક પર નિકળેલા આરોપી સામે કાર્યવાહી કરી હતી**

રાજકોટ તા.૧૯



રઘુવીર બસીયા એડવોકેટ

બોગસ નંબર પ્લેટ બનાવવાના તેમજ વાહનમાં બોગસ નંબર પ્લેટ લગાડી ઉપયોગ કરવાના કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો છે.

કેસની વિગત મુજબ તા.૧૨-૦૭-૨૦૨૧ના રોજ આજી ડેમ પોલીસનો સ્ટાફ વાહન ચેકીંગમાં હતો તે દરમ્યાન કાઠારીયા ચોકડી તરફથી એક શંકાસ્પદ મોટર સાયકલમાં આરોપી પરેશ ભુપતભાઈ મકવાણા નીકળતા તેને અટકાવી તપાસ કરતા આરોપી પાસે લાયસન્સ નહોતું અને આરસી બુકમાં લખેલા નંબરથી નંબર પ્લેટ અલગ હતી. જેથી તપાસ કરતા આ બોગસ નંબરપ્લેટ આરોપી દિલીપ રમેશભાઈ મકવાણાએ બનાવેલ હોવાનું જાણવા મળેલ. આઈસીપી કલમ ૪૬૫, ૪૭૧, ૧૧૪, તથા એમ.વી. એક્ટ ૧૮૧ મુજબનો ગુન્હો નોંધી આરોપીની ધરપકડ કરાઈ હતી. કોર્ટમાં કેસ ચાલતા આરોપીઓના વકીલે દલીલો કરી હાઈકોર્ટ તેમજ સુપ્રિમ કોર્ટના ચુકાદાઓની વિશદ છણાવટ કરેલ. અદાલત દ્વારા બચાવ પક્ષના એડવોકેટની દલીલોને ગ્રાહ્ય રાખી બન્ને આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરાયો હતો. આ કેસમાં બન્ને આરોપીઓ વતી એડવોકેટ તરીકે લઘુવીર બસીયા રોકાયેલ હતા.

# રૂા.૧.૫૦ લાખના ચેક રિટર્ન કેસમાં ફરિયાદ કાઢી નાખતી અદાલત

રાજકોટ,તા.૧૯



હેમાંશુ પારેખ એડવોકેટ

કુવાડવા રોડ ઉપર પારેવડી ચોક ખાતે રહેતા ફરિયાદી પ્રશાંતભાઈ ભીખાભાઈ ચૌહાણએ બેડીપરામાં રહેતા આરોપી ભાવિનભાઈ વલજીભાઈ ચૌહાણ સામે રાજકોટની કોર્ટમાં વર્ષ ૨૦૨૦માં એ મતલબની ફરીયાદ કરેલ કે, આરોપી તેમના કાકાના દિકરાભાઈ થાય છે અને તેમને સંબંધના દાવે કટકે કટકે રૂા.૧,૫૦,૦૦૦ હાથ ઉછીના રકમ પરત માંગતા આરોપીએ રૂા.૧,૫૦,૦૦૦નો ચેક આપેલ જે ચેક અપુરતા ભંડોળના કારણે વગર વસુલાતે પરત ફરેલ આરોપી સામે સમન્સ ઈસ્યુ થતાં આરોપી પોતાના વકીલ મારફતે અદાલતમાં હાજર થયેલ કેસ ચાલવા ઉપર આવતા આરોપીના એડવોકેટ દ્વારા કોર્ટમાં મૌખીક રજુઆત કરવામાં આવેલ કે ફરીયાદી અદાલતમાં જુબાની આપવા હાજર રહેતા નથી. કોર્ટ તથા પક્ષકારો, વકીલોનો સમય વ્યય થઈ રહેલ છે, ઉપરાંત ફરીયાદી ઉપર ચેક રીટર્નની ફરીયાદો પણ થયેલ છે. અને જેમાં તેને સજા પણ થયેલ છે. અને તેમાં પણ તે ભાગતા ફરે છે. જેથી હાલની ફરીયાદ રદ કરવા માંગણી કરવામાં આવેલ.જે દલીલો ધ્યાને લઈ અદાલત દ્વારા ફરીયાદ કાઢી નાખવામાં આવેલ અને આરોપી ભાવિનભાઈ વાલજીભાઈ ચૌહાણને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ હતાં.

આ કેસમાં આરોપી વતી યુવા લો એસોસીએટના એડવોકેટ હેમાંસુ પારેખ, કિરીટ નકુમ, કુલદીપ ચૌહાણ, હિમાંશુ હિરાણી, યશપાલ ચૌહાણ, શીતલ રાઠોડ, નીધી રાયચુરા, અંકીત જાવીયા તથા લો આસીસ્ટન્ટ તરીકે જીજ્ઞેશ ચૌહાણ, દિવ્યરાજ ચાવડા રોકાયેલા હતાં.

# યુદ્ધની સ્થિતિ પર ભારતની નજર: નાણામંત્રી



## ઝડપી અર્થતંત્ર- નવા ટેક રોકાણ અને સારા ચોમાસાની આશા છતાં ભારતે બહારી પડકાર માટે તૈયાર રહેવું પડશે: સિતારામન

નવી દિલ્હી: ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે નવેસરથી શરૂ થયેલા તનાવમાં નાણામંત્રી નિર્મલા સીતારામને ભારતે હવે નવા પડકારો માટે તૈયાર રહેવું પડશે તેવો સ્પષ્ટ સંકેત આપી દીધો છે. તેઓએ જણાવ્યું કે કોવિડ ૧૯ બાદની આ બીજી મોટી કટોકટી દેશ સમક્ષ આવી રહી છે અને યુક્રેન-રશિયા યુદ્ધ બાદ અમો સ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છીએ.

ચીફ ઈકોનોમીક એડવાઈઝર જે નવા અલગ અલગ સંકેતો મળી રહ્યા છે તેને મોનીટરીંગ કરે છે.

તેઓએ જણાવ્યું કે ટેસ્લાના વડા એલન મસ્ક હવે ભારત આવી રહ્યા છે અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની સાથે તેમની મુલાકાત દર્શાવે છે કે ભારત હવે એક મોટા ટેક-રીવોલ્યુશન ભણી આગળ વધી રહ્યું છે અને વિશ્વની મોટી કંપનીઓ ભારતમાં તેના ઉત્પાદન એકમો લાવી રહી છે. તેઓએ એ પણ ઉમેર્યુ કે તમામ પડકારો વચ્ચે ભારતનું અર્થતંત્ર ૬.૮%ના દરે વિકાસ સાધી રહ્યું છે અને તેણે વિશ્વના સૌથી ઝડપથી વધતા અર્થતંત્ર તરીકેનું તેનું સ્થાન જાળવી રાખ્યુ છે. સિતારામને જણાવ્યુ કે ઘરઆંગણે આ વર્ષે આપણુ ચોમાસુ ખૂબ જ સારૂ જવાના પુર્વાનુમાન છે અને ભારત માટે તે સૌથી મહત્વનું છે છતા પણ બહારી પરિબળો આપણને અસર કરે છે તેના માટે તૈયાર રહેવુ પડશે. વ્યાજદર અંગેના એક પ્રશ્નના જવાબમાં સિતારામને કહ્યું કે રીઝર્વ બેન્ક અને કેટલીક અન્ય દેશોની મધ્યસ્થ બેન્કો સ્વતંત્ર નિર્ણયો લઈ રહી છે અને તે અમેરિકી ફેડ રીઝર્વ સાથે જ હોય તે જરૂરી નથી અને અમેરિકા કરે તે જ કરવુ તે પણ જરૂરી નથી.


સાંજ સમાચાર

વ્હોટ્સએપ ચેનલમાં મેળવો બ્રેકિંગ ન્યુઝ અપડેટ

આજે જ જોડાવ

એક જ સ્થળે મળશે ઝડપી અને અધિકૃત બ્રેકિંગ ન્યુઝ અને અપડેટ્સ

તમારા સ્માર્ટફોન મોબાઈલના કેમેરામાંથી કયુઆર (QR) કોડ ડાઉનલોડ કરો, જોઈન કરો ચેનલ અને મેળવો ઝડપી અપડેટ્સ

Join "સાંજ સમાચાર" WhatsApp Channel

Scan the QR Code or Write 'Sanj Samachar News' on WhatsApp Channel



સાંજ સમાચાર વોટ્સએપ ચેનલમાં જોડાવવાના ફાયદા :

- ઝડપી અને અધિકૃત બ્રેકિંગ ન્યુઝ મેળવો
- સમાચારો ઉપરાંત વિડિયો ન્યુઝ મેળવી શકો
- કોઈ પણ ઈમેજ આવે તે ફોન પર સ્ટોર નહિ થાય, ૩૦ દિવસ બાદ વોટ્સએપ તેના સર્વર પરથી રીમુવ કરે છે તેથી સ્ટોરેજ પ્રોબ્લેમ નહિ
- તમારા મોબાઈલ નંબર કોઈ જોઈ શકતું નથી અને પ્રાઈવેટ રહે છે
- અન્ય સભ્યો મેસેજ નથી કરી શકતા, તેથી ફકત એડમીન પાસેથી અધિકૃત ન્યુઝ અપડેટ જ મળશે અને અન્ય કોઈ ડિસ્ટર્બ થાય તેવા મેસેજ ન આવે
- તમે આસાનીથી અન્ય ગ્રુપ અથવા કોન્ટેક્ટ પર ફોરવર્ડ કરી શકશો


# હોસ્પિટલમાં બાળકના મોત મામલે પાંચ લાખનું વળતર ચુકવવા જુનાગઢના તબીબને આદેશ

## સારવારમાં હાજર રહેવાને બદલે ડો. ભાલોડીયા પ્રસંગમાં હાજરી આપવા પહોંચી ગયા હતા અને બાળકનું મૃત્યુ નિપજ્યું હતું

અમદાવાદ, તા.૧૯

બિમાર બાળકની સારવાર કરવાના બદલે સામાજીક કાર્યક્રમમાં પહોંચી ગયેલા ડોક્ટરની બેદરકારીથી બાળકના મોતના કેસમાં ગ્રાહક અદાલતે જુનાગઢના તબીબને પાંચ લાખનું વળતર ચુકવવાનો આદેશ કર્યો છે.



આ કેસમાં ભાવેશ તથા જીજ્ઞા અધેરા પોતાના નવ માસના સંતાન વનરાજને લઈને ૧૪ ઓક્ટોબર-૨૦૧૩ના રોજ જુનાગઢના ડો. વિજય ભાલોડીયાની હોસ્પીટલે ગયા હતા. બાળકની હાલત ખરાબ હોવાથી તબીબે દાખલ કરવાની સલાહ આપી હતી અને વિવિધ ટેસ્ટ કરાવવા પ્રિસ્ક્રીપ્શન લખી દીધું હતું. બાળકને લઈને દંપતિ બીજા દિવસે ફરી આવ્યું હતું અને હોસ્પીટલમાં દાખલ કરાયું હતું. બાળકને બાટલો ચડાવાયો હતો તે પુરો થાય પછી કેમ કાઢી લેવો તેવી સુચના આપીને ડોક્ટર નિકળી ગયા હતા. હોસ્પીટલમાં અન્ય કોઈ સ્ટાફ નથી. એકાએક બાળકની તબીયત બગડવા લાગી હતી ત્યારે દંપતિએ બાજુની હોસ્પીટલમાંથી મદદ માંગીને નર્સને બોલાવી હતી. નર્સે ડોકટરનો સંપર્ક કર્યો હતો પરંતુ ડોકટર ભાવનગર જીલ્લાના ગામમાં પ્રસંગમાં હાજરી આપવા પહોંચી ગયા હોવાનું માલુમ પડયું હતું. તબીબ દ્વારા બીજા બાળ નિષ્ણાંત મોકલવાની ગોઠવણ કરવામાં આવી હતી પરંતુ તેઓ પહોંચે તે પૂર્વે જ બાળકનું મૃત્યુ નિપજ્યું હતું.

આ મામલે બાળકના માતા-પિતાએ જીલ્લા ગ્રાહક પંચના દ્વાર ખખડાવ્યા હતા તેમાં નિષ્ફળતા મળતા રાજ્ય ગ્રાહક પંચમાં અપીલ કરી હતી. તબીબ દ્વારા એવો બચાવ કરાયો હતો કે બાળકને મોડો દાખલ કરાયો હતો અને બીજા તબીબની વ્યવસ્થા પણ કરી જ દીધી હતી. રાજ્ય ગ્રાહક પંચે ચુકાદામાં તબીબની બેદરકારીની વાત સ્વીકારી હતી. બાળકની સારવાર માટે કોઈ વ્યવસ્થા કર્યા વિના પ્રસંગમાં પહોંચી ગયા હતા. હોસ્પીટલમાં કોઈ સ્ટાફ ન હોવા વિશે તેઓ વાકેફ હતા. બાળકને દાખલ કર્યા બાદ તેની મેડીકલ હીસ્ટ્રી પણ ચકાસી ન હતી.

ડો. ભાલોડીયાને પોતાને પ્રસંગમાં જવાનું હોવાની ખબર હતી એટલે વૈકલ્પિક વ્યવસ્થા કરવાની જરૂર હતી અથવા બાળકને દાખલ જ કરવો જોઈતો નહતો. કોઈપણ જાતની વ્યવસ્થા વિના બાળ દર્દીને છોડી દેવાયો હતો તે ગંભીર બેદરકારી જ છે. ૨૦૧૪થી ૭ ટકાના વ્યાજ સાથે પાંચ લાખનું વળતર ચુકવવા ઉપરાંત કાનૂની ખર્ચ પેટે રૂા.૧૦ હજાર આપવાનો પણ આદેશ કર્યો હતો.

# ઈઝરાયેલના ઈરાન પર હુમલાના ધમાકાના અવાજો ઈરાક અને સિરિયામાં પણ સંભળાયા

તહેરાન (ઈરાન) તા.૧૯

ઈઝરાયેલે ઈરાન પર બદલો લેવાનું શરૂ કરી દીધું છે આજે સવારે મધ્ય ઈરાનના ઈસ્ફહાન, દક્ષિણી સીરિયાના અસ-સુવેદા ગવર્નરેટ અને ઈરાકના બગદાદ ક્ષેત્ર અને બાબિલ ગવર્નરેટમાં વિસ્ફોટોના અવાજ સંભળાયા છે.



ઈરાનના ઈસ્ફહાન, દક્ષીણી સીરિયાના અસ-સુવેદા અને ઈરાકના બગદાદ ક્ષેત્રમાં વિસ્ફોટના અવાજો સંભળાયા

આ અંગેની વિગત મુજબ ઈરાને ઈઝરાયેલ પર મિસાઈલ-ડ્રોન હુમલા તાજેતરમાં કર્યા હતા, જેને ઈઝરાયેલે નિષ્ફળ બનાવ્યા હતા. હવે ઈઝરાયેલે આજ સવારથી જવાબી કાર્યવાહી ઈરાન પર કરી છે ત્યારે ઈઝરાયેલે ઈરાન પર કરેલા હુમલામાં વિસ્ફોટોના અવાજ સીરિયા અને ઈરાકમાં પણ સંભળાયા છે. અહેવાલો મુજબ આ હવાઈ હુમલાએ દક્ષિણી સીરિયાના અસ-સુવેદા અને દારા પ્રાંતોમાં સીરિયા સેના સંબંધિત સ્થળોને પણ નિશાન બનાવાયા હતા. જયારે ઈરાકના એરબિલ અને મોસુલના નિવાસીઓના અનુસાર તેમણે લડાયક વિમાનોનો અવાજ સાંભળ્યો હતો. આ ધમાકા કયારે સંભળાયા હતા જયારે ઈઝરાયેલે ઈરાનના હુમલાનો જવાબ દેવાનો વાયદો કર્યો હતો.

# અમદાવાદમાં દીવાલ ધસી પડતાં દબાઈ જતાં બેના મોત, ત્રણ ઘાયલ

## ફાયર બ્રિગેડની ટીમ પહોંચે તે પહેલા સ્થાનિક લોકોએ બચાવ કામગીરી કરી, ઘાયલોને હોસ્પિટલે પહોંચાડ્યા



અમદાવાદ,તા.૧૯

અસારવા વિસ્તારમાં દાદા હરિની વાવ પાસે આવેલી રેલવેની દિવાલ ધસી પડતાં પાંચ લોકો દટાયા હતા. જેમાં ૨ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે. ઘટનાની જાણ થતા ફાયરબ્રિગેડની ટીમ ત્યાં પહોંચી હતી. જોકે ફાયરની ટીમ પહોંચે તે પહેલા સ્થાનિક લોકોએ તમામ લોકોને બહાર કાઢી લીધા હતા. જેમાં બે વ્યક્તિઓ ઘટનાસ્થળે જ મૃત્યુ પામેલા હતા. જ્યારે અન્ય ત્રણ લોકો બેભાન હાલતમાં હોવાથી તેમને તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સમાં સિવિલ હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યા હતા.

ફાયરબ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું કે, દિવાલ કેવી રીતે ધારાશાઈ થઈ અને આ લોકો દિવાલ પાસે કેવી રીતે રહેતા હતા તે અંગે હજી જાણવા મળ્યું નથી. ફાયર બ્રિગેડની ટીમ હાલમાં કાટમાળ નીચે કોઈ વ્યક્તિ ફસાયેલો છે કે કેમ તે અંગે સર્ચ ઓપરેશન કરવાની કામગીરી કરી રહી છે.

ફાયરબ્રિગેડના અધિકારીઓ ત્યાં ઘટનાસ્થળે પહોંચ્યા તે પહેલા જ સ્થાનિક લોકો દિવાલ નીચે જે દબાયા હતા તેમને બચાવવાની શરૂઆત કરી લીધી હતી.સ્થાનિક લોકોએ જે લોકો બહાર દેખાતા હતા તેમને તાત્કાલિક ખેંચી અને બહાર કાઢી લીધા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સને પણ જાણ કરી દીધી હતી. કુલ પાંચ લોકોને સ્થાનિક લોકોએ બહાર કાઢ્યા હતા. જેમાં બે વ્યક્તિઓ ઘટનાસ્થળે જ મૃત્યુ પામેલા હતા. જ્યારે ત્રણ લોકો જીવિત હાલતમાં હોવાથી તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. રેલવેની દીવાલ પાસે શા માટે આ લોકો બેઠા હતા ને ત્યાં રહેતા હતા કે કેમ તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે.

# વાઈસ એડમિરલ દિનેશ ત્રિપાઠીની નૌસેનાના પ્રમુખ તરીકે નિયુક્તિ

## તેઓ ૩૦ એપ્રિલે પોતાનો પદભાર સંભાળશે

નવી દિલ્હી, તા.૧૯

વાઈસ એડમિરલ દિનેશ ત્રિપાઠીને દેશના આગામી નૌસેના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ ૩૦ એપ્રિલે પોતાનો પદભાર સંભાળશે. આ જ દિવસે નેવી ચીફ આર. હરિકુમાર સેવા નિવૃત્ત થશે. વાઈસ એડમિરલ ત્રિપાઠી હાલ નૌસેનાના ઉપપ્રમુખ છે. પોતાની ૪૦ વર્ષની લાંબી કારકિર્દીમાં ત્રિપાઠી અનેક મહત્વની જવાબદારી સંભાળી ચૂક્યા છે.



૧૫ મે ૧૯૬૪માં જન્મેલા વાઈસ એડમિરલ દિનેશ ત્રિપાઠી ૧ જુલાઈ ૧૯૮૫માં નૌસેનામાં સામેલ થયા હતા. તેઓ રીવાની સૈનિક સ્કૂલ અને ખડગવાસલાની રાષ્ટ્રીય રક્ષા એકેડેમીના પૂર્વ છાત્ર રહ્યા છે.

તેમણે કોમ્યુનિકેશન અને ઈલેકટ્રોનિક્સ વોરફેર ઓફિસર તરીકે નૌસેનાના અગ્રણી યુદ્ધ જહાજો પર કામ કર્યું છે.

# પાકિસ્તાનમાં જાપાનીઝ નાગરિકોને લઈ જતી કાર પર આત્મઘાતી હુમલો: બેના મોત

## કરાંચીની ઘટના: જાપાનીઝ નાગરિકો સુરક્ષિત: હુમલો કરનાર બન્ને ત્રાસવાદી ઠાર

કરાંચી, તા.૧૯

પાકિસ્તાનમાં ચીની સહિતના વિદેશી નાગરિકો પર હુમલામાં હવે જાપાનના નાગરિકો પણ ભોગ બનવા લાગ્યા છે. આજે સવારે કરાંચીમાં જાપાનીઝ નાગરિકોને લઈ જતાં એક વાહન પર આત્મઘાતી હુમલામાં બેના મોત થયા હતા જો કે જાપાનના નાગરિકનો બચાવ થયો હતો. અને અન્ય ત્રણ ઘાયલ થયા હતા. આ વિદેશી નાગરિકોને લઈ જતી એક કાર પર ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યો હતો. અને તેમાં હુમલાખોર બંને ત્રાસવાદીઓને ઠાર મારવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ અગાઉથી જ આ વાહનને સુરક્ષા આપવામાં આવી હતી



તેમ છતાં પણ ત્રાસવાદીઓએ હુમલો કરવાનું સાહસ કર્યું હતું. આ જાપાનીઝ નાગરિકો કરાંચીમાં એક એક્સપોર્ટ યુનિટમાં કામ કરતાં હતા અને આજે સવારે તેઓને યુનિટ પર લઈ જવા માટે આવેલી કારમાં પ્રવાસ કરી રહ્યા હતા તે સમયે જ કરાંચીમાં આ હુમલો થયો હતો. જો કે હુમલાની જવાબદારી હજુ કોઈ આતંકી સંગઠને લીધી નથી. પાકિસ્તાનના બલુચીસ્તાન સહિતના પ્રાંતમાં આ પ્રકારે ચાઈનીઝ નાગરિકો જે પાકિસ્તાનમાં વિવિધ પ્રોજેક્ટમાં કામ કરી રહ્યા છે તેના પર અવાર નવાર હુમલા થતાં રહ્યા છે અને ચીને ખુદ હવે તેના નાગરિકોની સુરક્ષા માટે અલગથી વ્યવસ્થા કરી છે તેમ છતાં પણ હુમલા અટક્યા નથી. પોલીસના જણાવ્યા મુજબ આ હુમલામાં બે વાહનોને નુકસાન થયું હતું. આતંકવાદીઓએ આતમઘાતી પહેર્યું હતું અને એક ગ્રેનેડ પણ તેમની પાસે હતો. એક્સપોર્ટ યુનિટમાં કામ કરતાં જાપાનીઝ કર્મચારીઓને લઈ જતી કાર પાસે તેઓ પહોંચ્યા હતા અને ખુદને ઉડાવીને વિસ્ફોટ કર્યો હતો. પોલીસના જણાવ્યા પ્રમાણે અન્ય એક આતંકીએ કાર પર ફાયરીંગ કરીને તેને ધીમી પાડી હતી. મૃતકો બંને પાકિસ્તાની નાગરિકો છે જ્યારે ત્રણ સુરક્ષા કર્મચારીઓને ઈજા થઈ છે.

# દુલ્હા - દુલ્હનએ પહેલા વોટિંગ કર્યું, પછી ફેરા ફર્યા



આજે દેશમાં લોકસભા ચૂંટણી માટે પ્રથમ તબક્કાનું મતદાન શરૂ થયું છે. આજે ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો પર મતદાન સવારથી શરૂ થયું છે જેમાં ૧૬૨૫ ઉમેદવારોના ભાવિ નક્કી થશે. ત્યારે જમ્મુ કાશ્મીરની ઉધમપુર બેઠક પર એક યુગલ લગ્નના ફેરા ફરે તે પેહલા મતદાન કરવા પહોચ્યું હતું.

# ક્રિકેટ ૧૨ નહીં પણ ૧૧ ખેલાડીઓ સાથે રમાય છે: રોહિત





**ભારતીય કેપ્ટને કહ્યું કે તે 'ઈમ્પેક્ટ પ્લેયર રૂલ'નાં મતનો નથી**

બટલરે KKR સામે ઈમ્પેક્ટ પ્લેયર તરીકે રમ્યા હતા. રાજસ્થાને જેના આધારે IPL ઈતિહાસનો સૌથી મોટો ટાર્ગેટ હાંસલ કર્યો હતો.

શ્રીલંકાના ફાસ્ટ બોલર મથિશા પાથિરાનાએ મુંબઈ ઈન્ડિયન્સ સામે ઈમ્પેક્ટ પ્લેયર તરીકે ૪ વિકેટ લીધી હતી. આ પ્રદર્શન માટે પથિરાનાને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો

## આનાથી ઓલરાઉન્ડર ખેલાડીઓને અન્યાય થશે

નવી દિલ્હી: ભારતીય કેપ્ટન રોહિત શર્મા IPLના 'ઈમ્પેક્ટ પ્લેયર રૂલ'નો મતનો નથી. તેમનું માનવું છે કે આ નિયમને કારણે વોશિંગ્ટન સુંદર અને શિવમ દુવે જેવા ક્રિકેટરો બોલિંગમાં પોતાનું કૌશલ્ય દેખાડી શકતા નથી. તેમનું કહેવું છે કે આ નિયમથી દેશના ઓલરાઉન્ડરોના વિકાસમાં અવરોધ ઊભો થયો છે. ઈમ્પેક્ટ પ્લેયર નિયમ ૨૦૨૩ સીઝનથી લાગુ કરવામાં આવ્યો હતો, જેમાં ટીમ પ્લેઈંગ ઈલેવનમાં એક ખેલાડીને બદલે અવેજી ખેલાડી સાથે લઈ શકે છે, જેની પાસે પ્લેઈંગ ઈલેવનમાં ખેલાડીઓ જેટલો જ અધિકાર છે. રોહિતે માઈકલ વોન અને એડમ ગિલક્રિસ્ટના યુટ્યુબ પર એક વીડિયો પોસ્ટ કર્યો છે. રોહિતે શોમાં કહ્યું, 'હું માનું છું કે આનાથી ભારતીય ઓલરાઉન્ડરોના વિકાસમાં અવરોધ આવશે. ક્રિકેટ ૧૨ નહીં પણ ૧૧ ખેલાડીઓ સાથે રમાય છે. હું ઈમ્પેક્ટ પ્લેયર નિયમોને માનતો નથી. થોડા મનોરંજન માટે ક્રિકેટમાંથી ઘણું બધું છીનવાઈ રહ્યું છે. ભારતીય કેપ્ટને કહ્યું, 'હું ઘણા ઉદાહરણો આપી શકું છું. વોશિંગ્ટન સુંદર, શિવમ દુવે જેવા ખેલાડીઓ બોલિંગ કરી શકતા નથી. આ ભારતીય ટીમ માટે સારું નથી. તેના વિશે શું કરી શકાય તે ખબર નથી, પરંતુ આ બરાબર નથી રોહિતે કહ્યું, 'આ મનોરંજક છે કારણ કે ૧૨ ખેલાડીઓ મેદાનમાં ઉતરી શકે છે.'

### માત્ર IPLમાં જ છે આ નિયમ

નોંધનીય છે કે IPL જેવી ટી-૨૦ લીગમાં જ ઈમ્પેક્ટ પ્લેયરનો નિયમ લાગુ કરવામાં આવ્યો છે, જ્યારે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના અન્ય કોઈપણ ફોર્મેટમાં ખેલાડીઓની બદલી માટે આવો કોઈ નિયમ નથી. ટી-૨૦ ઈન્ટરનેશનલમાં પણ આ લાગુ પડતું નથી. આવી સ્થિતિમાં મુદ્દો એ છે કે જો તેને ક્રિકેટના અન્ય સ્તરે પણ લાગુ કરવામાં આવે તો નિયમોમાં એકરૂપતા આવશે. તેથી રોહિતની વાત તાર્કિક લાગે છે.

# 'ઈમ્પેક્ટ પ્લેયર' નિયમથી ચિંતિત દિગ્ગજો

નવી દિલ્હી : ભારતીય દિગ્ગજ ક્રિકેટરોએ IPLમાં 'ઈમ્પેક્ટ પ્લેયર' નિયમ પર ગંભીર સવાલ ઉઠાવ્યા છે. તેમના મતે આનાથી અસરકારક ઓલરાઉન્ડર તૈયાર થઈ રહ્યા છે. ફાસ્ટ બોલર ઝહીર ખાને ગુરૂવારે એક શોમાં કહ્યું કે, હું સંપૂર્ણ રીતે સંમત છું કે આ ચર્ચાનો વિષય છે, તેમાં ચોક્કસ ચિંતા છે. પરંતુ આપણે તેની સાથે વ્યવહાર કરવાનો માર્ગ શોધવાની જરૂર છે. 'ઈમ્પેક્ટ પ્લેયર' નિયમમાં, તમને કામચલાઉ ઓલરાઉન્ડર મળશે. આ પહેલા રોહિત શર્માએ પણ આ નિયમ પર ચિંતા વ્યક્ત કરી હતી. આ નિયમ ૨૦૨૩ સીઝનથી લાગુ કરવામાં આવ્યો હતો જેમાં તમામ IPL ટીમોને મેચ દરમિયાન એક ખેલાડીને બદલવાની છૂટ છે.

## ધોનીને આવકારવા લખનૌમાં હોર્ડિંગ્સ લાગ્યા





સુપર જાયન્ટ્સ સામેની તેમની હોમ મેચ માટે ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમ લખનૌ પહોંચી ગઈ છે. શહેરમાં ધોનીને આવકારવા માટે હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા છે. લખનૌની ટીમે ચેન્નાઈના પૂર્વ કેપ્ટન ધોનીના સ્વાગત માટે હોર્ડિંગ્સ લગાવ્યા છે. જે એક્સ પર ખૂબ વાયરલ થઈ રહ્યા છે. ઘરોની છત પર લગાવેલ હોર્ડિંગમાં લખ્યું છે કે, અમને ધોની સારું રમે, પરંતુ મેચ લખનૌ સુપર જાયન્ટ્સ જીતે. બંને ટીમો શુક્રવારે એકાનામાં રમવાની છે. આ ધોનીની છેલ્લી આઈપીએલ મેચ હોઈ શકે છે.

# મતદાન અસલી છે કે નકલી? માત્ર બે રૂપિયાની ટિકીટથી ખબર પડી જશે!

## લોકો કે પોલીંગ એજન્ટ બોગસ મતદારને ઓળખી શકે તે માટે ચૂંટણી પંચે કરી અનોખી વ્યવસ્થા

નવી દિલ્હી તા.૧૯

મતદાનના દિવસે મતદાન કેન્દ્ર પર બોગસ મતદારની ફરિયાદો પોલીંગ એજન્ટથી લઈને અન્ય લોકો કરતા હોય છે. ચુંટણી પંચે મતદાનના દિવસે બોગસ મતદારને ઓળખવા માટે ગાઈડલાઈન જાહેર કરી છે, જેમાં એવી વ્યવસ્થા કરવામાં આવી છે કે કોઈપણ ઉમેદવારનો એજન્ટ બોગસ મતદારનો પતો મેળવવા માટે બે રૂપિયાની રસીદ ભરીને તેને ચેલેન્જ કરી શકે છે. માત્ર બે રૂપિયા ખર્ચ કરવા પર ખબર પડી જાય કે મતદાતા અસત્ય છે કે બોગસ.



બોગસ મતદારનો દાવો કરનાર પોલીંગ એજન્ટ અને અન્ય લોકોએ જવાબદાર અધિકારીનો સંપર્ક કરવાનો રહેશે. જવાબદાર અધિકારી મતદારનું નામ, પિતાનું નામ, સરનામુ, ઘરમાં કેટલા મતદાર છે વગેરે અનેક બારામાં પુછપરછ કરશે. સંતોષ ન થવા પર તે સત્ય અને જૂઠની ઓળખ કરવા માટે વિસ્તારના કોર્પોરેટર કે પ્રધાનને બોલાવીને મતદારના બારામાં ગવાહી લેશે. જો મતદાતાએ સાબીત કરે કે તે અસલી મતદાતા છે તો તેને મત આપવાનો મોકો મળશે અને જો તે સાબીત નહીં કરી શકે તો તેને બોગસ મતદાર માનીને તેની સામે કેસ દાખલ કરવામાં આવશે.

જો કોઈ મતદાર પોતાના મતદાન કેન્દ્ર પર પોતાનો વોટ આપવા પહોંચે છે પરંતુ તે પહેલા જ કોઈ તેના નામે મત આપી ચુકયું હોય તો તે ટેન્ડર વોટનો સહારો લઈ શકે છે. તેના માટે તેણે જવાબદાર અધિકારી પાસે જવું પડશે. જો મતદાતા યાદીમાં તેનું નામ હશે. જવાબદાર અધિકારીને તેને એક ફોર્મ પર મતદાન કરાવશે. ત્યારબાદ તે મતપત્રને કવરમાં બંધ કરાશે. મતગણતરી સમયે ઓછા વોટના અંતરથી હાર-જીતની સ્થિતિમાં આવા વોટની ગણતરી કરવામાં આવે છે તેને ટેન્ડર વોટ કહે છે.

# વડોદરામાં પણ ઈસ્કોન બ્રિજ જેવો અકસ્માત: કાર ચાલકે હડફેટમાં લેતા એકનું મોત: બે ઈજાગ્રસ્ત

વડોદરા, તા.૧૯

અમદાવાદમાં ઈસ્કોન બ્રીજ અકસ્માત જેવી ઘટના વડોદરાના દાંડીયા બજાર બ્રીજમાં બની હતી જેમાં એક નબીરાએ બેફામ ડ્રાઈવીંગ કરીને બ્રીજની સાઈડમાં બેઠેલા ત્રણ લોકોને હડફેટે લેતા એકનું મોત થયું હતું જ્યારે અન્ય બે ઈજાગ્રસ્ત થયા છે. પોલીસના જણાવ્યા પ્રમાણે દાંડીયા બજાર બ્રીજમાં રાત્રીના એક યુવક અને બે યુવતીઓ ખુલ્લામાં બેઠા હતા ત્યાં અચાનક જ ઓવર સ્પીડમાં આવતી એક કારે તેમને હડફેટમાં લીધા હતા જેમાં પારૂલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં ૨૪ વર્ષના આકાશ રાકેશભાઈ ચોબલેનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું જ્યારે બે યુવતિઓ આસ્થા પરીખ અને પ્રીતિ શર્માને ઈજાગ્રસ્ત હાલતમાં ખસેડાઈ છે. કાર ચાલકની તૂર્ત જ અટકાયત કરવામાં આવી હતી અને તે નશામાં હોવાનું માનવામાં આવે છે.



# ઓડિયો આધારિત એરચેટ લોન્ચ

AirChat

ટેકનોલોજીકલ વિશ્વમાં એક નવી સોશિયલ મીડિયા એપ એરચેટ છે, જે માત્ર ઓડિયો આધારિત એપ છે. તમે AirChat એપમાં પોસ્ટ માટે સ્માર્ટફોનના માઈક્રોફોનમાં વાત કરી શકો છો. આ પછી, આ એપ પોતે જ તે વોઈસને ટ્રાંસ્ક્રાઈબ કરશે અને વોઈસ સાથે ફીડ તરીકે તૈયાર કરશે. એરચેટ એપમાં વોઈસ નોટ્સ દ્વારા ફીડ તૈયાર કરવામાં આવશે.

## સ્ટીકર પેક વોટ્સએપ પર ઉપલબ્ધ થશે

Wabitinfo અનુસાર, WhatsAppમાં ટૂંક સમયમાં એક નવું ફીચર એડ થવા જઈ રહ્યું છે. આ પ્લેટફોર્મ પર વપરાશકર્તાઓને ૩૨ નવા સ્ટીકર પેકનું સૂચન કરશે. WhatsAppએ આ વર્ષની શરૂઆતમાં સ્ટીકર મેકર ટૂલ લોન્ચ કર્યું હતું. આ ફીચર દ્વારા યુઝર્સ તેમના મનપસંદ ફોટોનું સ્ટીકર બનાવીને પ્લેટફોર્મ પર શેર કરી શકે છે. હવે મેસેજિંગ એપ સ્ટીકર ફીચરમાં એક નવું ફીચર ઉમેરવાની તૈયારી કરી રહી છે.

# ઈરાને કબ્જે કરેલા જહાજમાંથી એક ભારતીય ક્રુની મુક્તિ

## હજુ ૧૬ ભારતીય જહાજ પર: હવામાન ખરાબ હોવાનો દાવો પણ હાલના યુદ્ધને કારણે મુક્તિ વિલંબમાં પડી હોવાની શક્યતા

નવી દિલ્હી, તા.૧૯

ઈરાન દ્વારા હાલમાં કબ્જે કરાયેલ એક વ્યાપારી જહાજમાં કામ કરતાં ભારતીય ક્રુ-મેમ્બરને સલામત રીતે પરત લાવવામાં સફળતા મળી છે. ઈરાની કમાન્ડોએ કેરળના થ્રિસુરના રહેવાસી એન ટોસા જોસેબને મુક્ત કરાવ્યો હતો અને તેને ભારત પરત મોકલી આપ્યો હતો. જો કે આ જહાજ પર હજુ ૧૬ જેટલા ભારતીયો ક્રુ-મેમ્બર છે અને તેની મુક્તિના પણ વાટાઘાટ ચાલુ છે. ઈરાને આ એક ભારતીય ક્રુને શા માટે છોડયો અને અન્યને શા માટે બંધક બનાવી રાખ્યા છે તે અંગે પણ સસ્પેન્સ છે. જો કે ભારત ખાતેના ઈરાની રાજદુત ઈરાજ ઈલાહીએ જણાવ્યું હતું કે તમામ ૧૭ ભારતીય નાગરિકો સુરક્ષીત છે અને હવામાનની સ્થિતિ ખરાબ હોવાથી તેમને મોકલી શકાય નથી પરંતુ માનવામાં આવે છે કે જહાજનું સંચાલન ઈઝરાયેલના બીઝનેસમેન દ્વારા થાય છે અને જે રીતે ઈઝરાયેલ અને ઈરાક વચ્ચે તનાવ વધ્યો હતો તેના પગલે અન્ય ક્રુ-મેમ્બરને મુક્તિમાં વિલંબ કરવાનો નિર્ણય લીધો હોય તેમ મનાય છે.



# રાજકોટની ઓલમ્પસ હોસ્પિટલ સાથે ફાર્માસીસ્ટ મેનેજરે રૂા.૩૭ લાખની છેતરપીંડી આચરી

## વર્ષ ૨૦૧૬ માં હોસ્પિટલમાં આસીસ્ટન્ટ મેનેજર ફાર્માસીસ્ટની જગ્યા પર પાવન પાર્કમાં રહેતો યશેષ શેઠ નોકરી પર લાગ્યો હતોઃ દવાના સ્ટોકના વેચાણ અને ખરીદનો તમામ વહીવટની જવાબદારી સંભાળ્યા બાદ ગોટાળા શરૂ કર્યા



## વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૩ સુધીમાં દવાઓ સપ્લાયર્સને પરત ન કરી તે બારોબાર વેંચી નાંખી તેમજ એક્સપાયરી થયેલ મેડિસિન પણ પરત ન કરી વિશ્વાસઘાત કર્યોઃ આરોપીને આપેલ નોટીસ પિરિયડ પૂરો થાય તે પહેલાં રાજીનામું ધરી દીધું

રાજકોટ. તા.૧૯

રાજકોટમાં વિદ્યાનગર મેઈન રોડ પર આવેલ ઓલમ્પસ હોસ્પિટલ સાથે આસીસ્ટન્ટ મેનેજર ફાર્માસીસ્ટ યશેષ શેઠે દવાના સ્ટોકમાં મોટો ગોટાળો કરી હોસ્પિટલ સાથે રૂ.૩૭ લાખની છેતરપીંડી આચરતાં હોસ્પિટલના ડાયરેક્ટર ડો. મિહિર તન્નાએ એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગે શ્રોફ રોડ પર ચાણક્ય એપાર્ટમેન્ટમાં રહેતાં ડો. મીહીરભાઈ પ્રફુલભાઈ તન્ના (ઉ.વ.૪૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે યશેષ રાજેશ શેઠ (રહે.પાવન પાર્ક, સત્યસાઈ માર્ગ, કાલાવડ રોડ) નું નામ આપતાં એ. ડિવિઝન પોલીસે છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓએ વિદ્યાનગર મેઈન રોડ પર ઓલમ્પસ હોસ્પીટલ તન્ના હેલ્થકેર પ્રાઈવેટ લીમીટેડ વર્ષ ૨૦૧૩ માં ચાલુ કરેલ હતી. ત્યારથી તેઓ તન્ના હોસ્પીટલના ડાયરેક્ટર પદે અને કાર્ડીયોલોજીસ્ટ તરીકે સેવા આપે છે.

ગઇ તા. ૧૦/૧૧/૨૦૧૬ થી હોસ્પીટલમાં આસીસ્ટન્ટ મેનેજર ફાર્માસીસ્ટની જગ્યા ખાલી હોય જેથી અન્ય હોસ્પીટલોના રેફરન્સથી એમ્પલોયર યશેષ શેઠ ઇન્ટરવ્યુ દેવા હોસ્પીટલમાં આવેલ અને તેમના ઇન્ટરવ્યુમાં તેના ફાર્માસીસ્ટની પોસ્ટને લગત અનુભવ પરથી તન્ના હેલ્થકેર હોસ્પીટલમાં આસીસ્ટન્ટ મેનેજર ફાર્માસીસ્ટની પોસ્ટ પર તેમને જોબ પર રાખેલ અને ત્યારે હોસ્પીટલના અપોઈમેન્ટ લેટર તેમને હોસ્પીટલના નીયમો વાંચી તેમની પાસે અપોયમેન્ટ લેટર પર સહી લઇ જોબ પર રાખેલ હતા. ત્યારે તેની સેલેરી આશરે રૂ. ૨૦ હજાર નક્કી થયેલ હતી.

આરોપીની ફરજ હોસ્પીટલને લગત દવાની ખરીદી કરવી, વેચાણ કરવું, તમામ હીસાબો રાખવા, રોકડ આવક જાવક તમામ નોંધો અને હીસાબો રાખવા અને નીભાવવા તથા દવા જે કંપનીના ડીલર પાસેથી ખરીદી કરવામાં આવતી તેની નોંધ રાખવા જેવા કામો કરવાના થતા હતા. જે ફાર્માસીસ્ટના સોફ્ટવેરમાં તમામ દવાનુ ખરીદ વેચાણની ઓન લાઈન એન્ટ્રી તથા હીસાબો તે પોતાના યુઝરનેમ આઈ.ડી તથા એડમીનના યુઝરનેમ , આઈ.ડી આપેલ હતા. તેમા લોગીન કરી દવાનુ ખરીદી અને વેચાણના હીસાબો આઈ.ડીમા લોગીન થઈને કરવાનુ હોય છે.

યશેષ શેઠ દર મહીને દવાનુ ખરીદ-વેચાણનો હીસાબ એક કાચી ચીઠીમા લખી જણાવતો તેમજ દર વર્ષે પણ દવાનુ ખરીદ-વેચાણનો હીસાબ કાચી ચીઠીમા લખીને જણાવતો હતો. ગયા વર્ષે આરોપી હોસ્પીટલમાથી દવાનુ બેગ લઇ જતા હતા ત્યારે તેમને પુછેલ કે, આ દવાઓ ક્યાં લઇ જાવ છો તો તેમને જણાવેલ કે, આ એક્સપાયરી ડેટ થઇ ગયેલ દવાઓ છે અને ડીલરને આ દવાઓ પરત દેવા જઉં છું. ડો. મિહિર તન્નાને શંકા જતાં એડમીન સ્ટાફને દવાઓ એક્સપાયરી છે કે કેમ તે ચેક કરવા કહેતા તેમનો પાસે રહેલ દવાઓ એક્સપાયરી ડેટ વગરની અને રેગ્યુલર દવાઓ હતી. જેથી એડમીનીસ્ટ્રીવ સ્ટાફને બેગમાં તમામ દવાઓ વ્યવસ્થીત ચેક કરવા જણાવેલ અને તમામ દવાઓ રેગ્યુલર હોય જેથી જેથી તે દવા કેમ ડીલરને પરત આપવા જાવ છો તેમ પુછતા ગોળગોળ જવાબ આપવા લાગેલ હતાં.

બાદમાં એકાઉટન્ટસ કાજલબેન મોહીનાની અને રીયા કટારીયા પાસે સોફ્ટવેરમાં તા.૦૧/૦૪/૨૦૧૮ થી તા.૩૧/૧૦/૨૦૨૩ એન્ટ્રી ચેક કરતા ઘણી બધી દવાઓ સપ્લાયર્સને પરત કરવામા આવેલ છે. તેની સામે યશેષએ સપ્લાયર્સ પાસેથી પરચેસ રીર્ટન નોટ કે ક્રેડીટ નોટ મહીનાઓ સુધી લીધેલ ન હતી. જે બાબતની તેને જાણ થતાં તેને દવાના સપ્લાયર્સનો તાત્કાલીક સંપર્ક કરી તેની પાસેથી દવાની અમુક ક્રેડીટ નોટ મંગાવેલ હતી. જે ક્રેડીટ નોટ ચેક કરતા અલગ દવાઓની હતી. સોફ્ટવેરના ડેટા સાથે સુસંગત ન હતી. સપ્લાયર પાસેથી મંગાવેલ ક્રેડીટ નોટની કિંમત અને દવાઓ બન્ને સોફ્ટવેર પ્રમાણે અલગ અલગ હતી. આરોપીએ વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૩ સુધીમા દવાઓ સપ્લાયર્સને પરત ન કરી તે બારોબાર વેચી નાખેલની શંકા હોય અને તેઓની સાથે રૂ. ૫,૨૯,૩૨૭ ની છેતરપીંડી કરેલ હતી. તેમજ એક્સપાયરી થઇ ગયેલ દવાઓ જે સપ્લાયર્સને પરત કરવાની હોય તે કરેલ ન હતી.

ઉપરાંત દવાની ક્રેડીટનોટ કે અન્ય રિટર્ન દવાઓ તેઓએ લીધેલ ન હોય અને તે એક્સપાયરી થયેલ દવાઓ સપ્લાર્યસ સ્વીકાર કરતા ન હોય અને ડેડ સ્ટોકમા ગણાવાનુ જણાવતા અને ઘણી દવાઓ ફીઝીકલમા ફાર્મસીમા સ્ટોરરૂમમાંથી મળી આવેલ અને સોફ્ટવેરમાં આ દવાઓની એન્ટ્રી કરેલ ન હોય અને આ દવાઓ સપ્લાયર્સને પરત આપેલ ન હતી. બારોબાર બીલ બનાવ્યા વીના વેચી નાખેલની શંકા હોય જેથી એક્સપાયરી થયેલ દવા બાબતે ફરિયાદી સાથે વધારાનું રૂ.૨,૪૨,૯૪૫ નું નુકશાન અને છેતરપીંડી કરેલ છે.

જે બાદ ફાર્મસીનુ તમામ સ્ટોકનુ ઓડીટ અને દવાની ફીઝીકલ સ્ટ્રીપ તથા ઇન્જેકશનનો હીસાબ હીનાબેન ઓઝા, રીધ્ધીબેન વડગામા અને કાજલબેન હાંસલીયા પાસે કરાવતા આરોપીએ તા.૦૧/૦૪/૨૦૧૮ થી તા.૩૧/૧૦/૨૦૨૩ સુધીમાં સોફ્ટવેરમા દવાઓના સ્ટોકમા ગફલત કર્યાનુ અને ઘણી દવાઓ એક્સપાયરી ન હોવા છતા સોફ્ટવેરમાં એડજેસ્ટમેન્ટ કરેલ હોય જેના કારણે દવાના કરંટ સ્ટોક અને મેન્યુઅલ સ્ટોકમાં રૂ.૨૯,૮૪,૬૧૯ નો તફાવત જોવા મળેલ અને તમામ હીસાબો સોફ્ટવેરમા તેમને એડમીનના યુઝરનેમ અને પાસવર્ડ સાથે લોગ ઇન કરી સોફ્ટવેરમાં સ્ટોકને એડજેસ્ટમેન્ટ કરવાનો પાવર આપેલ હોય જેથી તેને કોઈ જાણ કર્યા વગર સોફ્ટવેરમા સ્ટોકમા એડજસ્ટ કરીને દુરૂપયોગ કરેલ અને આ નુકશાની બાબતે પુછતા સંતોષકારક જવાબ આપતા ન હોય તેમજ ગઇ તા.૦૮/૧૨/૨૦૨૩ ના ઇમેઇલ દ્વારા નોટીસ પીરીયડ પુરો કર્યા વગર અચાનક પોતાની નોકરીમાથી રાજીનામુ આપી દીધેલ હતું. જેથી આરોપી યશેષ શેઠે દવાના સ્ટોક રજીસ્ટરમાં અને સોફ્ટવેરમાં દવાના ખરીદ વેચાણમા પોતાના નોકરીના સમયગાળા દરમ્યાન આશરે રૂ.૩૭ લાખની છેતરપીંડી કરતાં ફરીયાદ નોંધાવી હતી.

## હોસ્પિટલના ડાયરેક્ટર ડો. મિહિર તન્નાએ ફરીયાદ નોંધાવતા એ. ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

# ચૈતર વસાવાની સંપતિ વધીઃ બન્ને પત્નીની મિલ્કતોમાં પણ વધારો

રાજપીપળાઃ

લોકસભાની બેઠક પર ભાજપ સાંસદ મનસુખ વસાવા અને ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ ચુંટણી અધિકારી સમક્ષ સોગંદનામુ રજુ કર્યું હતું. ભાજપના ઉમેદવાર મનસુખ વસાવા તથા તેમના પત્નીની સ્થાવર અને જંગમ સંપતિમાં ૫ વર્ષમાં ૧.૧૮ કરોડનો વધારો થયો છે. ૨૦૧૯ની ચુંટણીમાં તેમણે પોતાની કુલ સંપતિ ૬૮.૩૫ લાખ દર્શાવી હતી. ૨૦૨૪માં એ વધીને ૧.૨૮ કરોડ પર પહોંચી છે. ૨૦૧૯ થી ૨૦૨૪ના સમયગાળામાં તેમની કુલ સંપતિમાં ૭૮.૯૮ લાખનો વધારો થયો છે.



૨૦૧૯માં મનસુખ વસાવાની જંગમ સંપતિ ૩૦,૯૬,૦૪૪ રૂપિયા અને સ્થાવર સંપતિ ૨૦,૫૦,૦૦૦ રૂપિયા હતી. તેમના પત્નીની જંગમ સંપતિ ૧૬,૮૯,૯૧૩ રૂપિયા હતી. પાંચ વર્ષના સમયગાળામાં મનસુખ વસાવાની જંગમ સંપતિમાં ૨.૨૮ લાખનો વધારો થયો છે. જયારે તેમની પત્નીની જંગમ સંપતિમાં ૪૧.૪૬ લાખનો વધારો થયો છે.

મનસુખ વસાવા પાસે ૫ તોલા સોનું, ૧૦૦ ગ્રામ ચાંદી, પત્ની સરસ્વતીબેન પાસે ૩૫ તોલા સોનુ અને ૫૦૦ ગ્રામ ચાંદી છે. વાહનોમાં તેઓ પાસે એક ઈનોવા જયારે પત્ની પાસે સ્કોર્પીયો છે. કાર લોનમાં તેઓનું દેવું ૨.૦૪ લાખ અને પત્નીનું ૯ લાખનું દેવું છે.

મનસુખભાઈની ઉંમર ૬૬ વર્ષ અને તેઓ બી.એ. એમએસડબલ્યુ થયેલા છે. વર્ષ ૨૦૨૨ અને ૨૩માં તેઓએ રૂપિયા ૧૨.૩૫ લાખનું રીટર્ન ભર્યું છે અને પત્નીનું રીટર્ન ૪.૧૪ લાખ બતાવ્યું છે. તેઓને એક પણ રૂપિયાનું સરકારી દેવું નથી, કે કોઈ પોલીસ કે કોર્ટ કેસ નથી.

જયારે ઈન્ડીયા ગઠબંધનના ૩૪ વર્ષના ઉમેદવાર આપના ઉમેદવાર ચૈતર વસાવાએ રજુ કરેલા સોગંદનામા મુજબ તેઓ પાસે ૧૩ ગુના પૈકી ૧૦ દેડીયાપાડા અને એક એક કેવડીયા, સાગબારા તેમજ રાજપીપળા પોલીસ મથકે નોંધાયેલા છે. ૨૦૨૨ની વિધાનસભા વખતે દર્શાવેલ જંગમ મિલકત સામે ૨૦૨૪માં સોગંદનામા મુજબ તેઓની જંગમ મિલકતમાં રૂપિયા ૨.૯૬ લાખનો વધારો થયો છે. જયારે ૨૦ લાખ સ્થાવર મિલકત સ્થિર રહી છે.

બે પત્નીઓ પૈકી શકુંતલાબેનની જંગમ મિલકત ૧૫ મહિનામાં ૩.૪૩ લાખ જયારે વર્ષાબેનની ૧૧.૫૧ લાખ ઘટી છે. તેઓ પાસે એક એસયુવી કાર છે. જો કે સોનામાં તેઓ અને બન્ને પત્નીના નામે બે બે તોલાનો વધારો થયો છે. તેમની પાસે ૫ તોલા, શકુંતલાબેન પાસે ૯ તોલા જયારે વર્ષાબેન પાસે ૫ તોલા સોનું છે. હાથ પર રોકડ તેઓ પાસે ૨ લાખ, શકુંતલાબેન પાસે ૨ લાખ જયારે વર્ષાબેન પાસે ૨ લાખ જયારે વર્ષાબેન પાસે ૫૦ હજાર હોવાનું દર્શાવ્યું છે.

બીઆરએસ ગ્રેજયુએટ થયેલા ચૈતર વસાવાની આવકનો સ્ત્રોત ખેતી, લેબર કોન્ટ્રાકટ અને વેપાર છે. શકુંતલાબેન પણ ખેતી અને વેપાર કરે છે. જયારે બીજા પત્ની વર્ષાબેન ગૃહિણી છે.

# લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં સાત પૂર્વ મુખ્યમંત્રીઓ પણ સ્પર્ધામાં

Lok Sabha Election ૨૦૨૪ Latest News: લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં લગભગ ૧૬ કરોડ ૬૩ લાખ મતદારો ૨૧ રાજ્યોની ૧૦૨ લોકસભા બેઠકો માટે તેમના નવા સાંસદને પસંદ કરવા માટે તેમના મતાધિકારનો ઉપયોગ કરશે

Lok Sabha Election ૨૦૨૪ : લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કા માટે મતદાન ચાલી રહ્યું છે. લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં લગભગ ૧૬ કરોડ ૬૩ લાખ મતદારો ૨૧ રાજ્યોની ૧૦૨ લોકસભા બેઠકો માટે તેમના નવા સાંસદને પસંદ કરવા માટે તેમના મતાધિકારનો ઉપયોગ કરશે.

લોકસભાની ૫૪૩ બેઠકો માટે સાત તબક્કામાં ચૂંટણી યોજાવાની છે. આમાંથી ઘણી બેઠકો પર ઘણા હાઈપ્રોફાઈલ નેતાઓ અને મંત્રીઓ ચૂંટણી લડી રહ્યા છે પરંતુ આ વખતે પ્રથમ તબક્કાના મતદાનમાં વિવિધ રાજ્યોના ૭ પૂર્વ મુખ્યમંત્રીઓ પણ સાંસદ બનવાની રેસમાં છે.



## બિહાર, તામિલનાડુ, ઉત્તરાખંડ, આસામ, ત્રિપુરા સહિતના રાજ્યોમાં શાસન કરી ચૂકેલા નેતાઓ હવે સાંસદ બનવા તૈયાર

**જીતન રામ માંઝી**

બિહારના પૂર્વ સીએમ અને હિન્દુસ્તાન અવમ મોરચા (ઇંઅખ)ના નેતા જીતન રામ માંઝી પણ લોકસભા ચૂંટણી લડી રહ્યા છે. તેઓ બિહારની ગયા સંસદીય બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. તેમની પાર્ટી એનડીએનો ભાગ છે, તેથી તેમને ભાજપ અને જેડીયુનું સમર્થન છે.

**ઓ. પનીરસેલ્વમ**

તમિલનાડુના ભૂતપૂર્વ સીએમ ઓ.પનીરસેલ્વમ આ વખતે લોકસભા ચૂંટણી લડી રહ્યા છે. તેઓ તમિલનાડુની રામનાથપુરમ લોકસભા સીટ પરથી ચૂંટણી લડી રહ્યા છે. પન્નીરસેલ્વમે આ ચૂંટણી અપક્ષ ઉમેદવાર તરીકે લડી છે. જોકે આ બેઠક પર તેમને ભાજપનું સમર્થન મળ્યું છે.

**ત્રિવેન્દ્ર સિંહ રાવત**

ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી ત્રિવેન્દ્ર સિંહ રાવત પણ આ વખતે રાષ્ટ્રીય રાજકારણમાં પ્રવેશ કરવા માટે પોતાનો દાવો રજૂ કરી રહ્યા છે. તેઓ ભારતીય જનતા પાર્ટીની ટિકિટ પર ઉત્તરાખંડની હરિદ્વાર લોકસભા બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.

**સર્બાનંદ સોનોવાલ**

આસામના ભૂતપૂર્વ સીએમ સર્બાનંદ સોનોવાલ પણ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનોની યાદીમાં સામેલ છે જેઓ હવે વિધાનસભાથી આગળ લોકસભાના માર્ગ પર જવા માટે તૈયાર છે. સર્બાનંદ સોનોવાલ આસામની ડિબ્રુગઢ લોકસભા સીટ પરથી પોતાનો દાવો રજૂ કરી રહ્યા છે. તેઓ ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી રહ્યા છે.

**દેબ બિપ્લબ**

ત્રિપુરાના પૂર્વ મુખ્યમંત્રી બિપ્લબ દેબ રાજ્યસભાના સાંસદ બન્યા બાદ હવે લોકસભા ચૂંટણીમાં પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીએ તેમને ત્રિપુરા પશ્ચિમ સંસદીય બેઠક પરથી પોતાના ઉમેદવાર બનાવ્યા છે.

**વી. વૈદ્યલિંગમ**

પુડુચેરીના પૂર્વ સીએમ વી. વૈદ્યલિંગમ પણ લોકસભા ચૂંટણી ૨૦૨૪ માં પોતાનું નસીબ અજમાવી રહ્યા છે . તેઓ કોંગ્રેસની ટિકિટ પર પુડુચેરી લોકસભા સીટ પરથી ચૂંટણી લડી રહ્યા છે.

## ઈરાનના આક્રમણનાં ગણતરીના દિવસોમાં વળતો પ્રહાર

# બદલો....ઈરાન પર ત્રાટકતુ ઈઝરાયેલઃ મિસાઈલ-ડ્રોનથી હુમલોઃ નવા યુદ્ધના ભણકારા

### પરમાણુ કેન્દ્રો ધરાવતાં ઈસ્ફાહાનનાં એરપોર્ટ નજીક પ્રચંડ વિસ્ફોટઃ ડ્રોન તોડી પડાયાનો અને અણુસ્થળો સુરક્ષિત હોવાનો ઈરાનનો દાવો

### ઈરાને તહેરાન સહિત ત્રણ શહેરોની ફલાઈટો બંધ કરી દીધીઃ આંતરરાષ્ટ્રીય વિમાનો વૈકલ્પિક રૂટ પરથી ઉડવા લાગ્યાઃ હાલત

તહેરાન તા.૧૯

ઈરાનનાં ડ્રોન-મીસાઈલ હુમલા બાદ હવે ઈઝરાયેલે બદલો લેવા માટે પ્રહાર શરૂ કર્યા છે અને મધ્ય પૂર્વમાં ભીષણ યુધ્ધનાં ભણકારા વાગવા લાગ્યા છે. ઈઝરાયેલે મોડીરાત્રે ઈરાન પર ડ્રોન-મીસાઈલ ઝીંકયા હતા જેને પગલે અમુક ભાગોમાં પ્રચંડ વિસ્ફોટ સંભળાયા હતા. ઈરાને મિસાઈલ હુમલાની વાત નકારીને ડ્રોન હુમલા મારી હટાવ્યાનો દાવો કર્યો છે. લોકલ વિમાની સેવા બંધ કરી દેવામાં આવી છે. જયારે આંતર રાષ્ટ્રીય વિમાનોએ રૂટ ડાઈવર્ટ કરવાનું શરૂ કરી દીધુ છે.

ઈરાનની ન્યુઝ એજન્સીએ એવો દાવો કર્યો હતો કે ઈરાનનાં શહેર ઈસ્ફાસનના એરપોર્ટ નજીક પ્રચંડ વિસ્ફોટ સંભળાયો હતો.જેને પગલે ઈરાને એરકન્ડીશન્ડ સીસ્ટમ એકટીવ કરી દીધી હતી. ઉલ્લેખનીય છે કે ઈરાનનાં અનેક અણુ સ્થળો ઈસ્ફાહાન ક્ષેત્રમાં જ છે.જોકે કોઈ અણુ પ્લાન્ટને નિશાન બનાવવામાં આવ્યા નથી અને તમામ સુરક્ષિત છે.

સિરીયામાં ઈરાની દુતાવાસ પર હુમલાનો બદલો લેવા માટે ઈરાને ગત સપ્તાહમાં ઈઝરાયેલ પર ડ્રોન મિસાઈલ હુમલો કર્યો હતો તેના વળતા બદલારૂપે હવે ઈઝરાયેલ દ્વારા પ્રહાર કરાયો છે. ઈઝરાયેલે ગઈકાલે જ બદલો લેવાનું જાહેર કર્યું હતું અને બાદમાં મોડીરાત્રે આક્રમણ કર્યું હતું.

અમેરિકી અધિકારીઓએ ટાંકીને પણ એમ જણાવવામાં આવ્યુ છે કે ઈરાનના ઈસ્ફાહાન એરપોર્ટ પર પ્રચંડ ધડાકો સર્જાયો હતો.જોકે તે પાછળનું કારણ સ્પષ્ટ થયુ નથી.

ઈરાની મીડીયાનાં રીપોર્ટ પ્રમાણે મધરાત બાદ ઈસ્ફાહાન એરપોર્ટ નજીકનાં આકાશમાં ત્રણ ડ્રોન નજરે ચડયા હતા. ઈરાને એર ડીફેન્સ સીસ્ટમ એકટીવ કરીને ત્રણેય ડ્રોનને આકાશમાં જ તોડી પાડયા હતા. ડ્રોન હુમલા મારી હટાવ્યા હતા. પરંતુ કોઈ મીસાઈલ મિસાઈલ અટેક થયા ન હતા.એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે આ ક્ષેત્રમાં ઈરાનનાં અનેક પરમાણું કેન્દ્રો છે પરંતુ તે તમામ સુરક્ષીત છે.

મધરાત બાદ ઈઝરાયેલ હુમલા શરૂ થવા સાથે આંતર રાષ્ટ્રીય વિમાનોએ રૂટ બદલવાનું શરૂ કરી દીધુ હતું. પશ્ચિમી ઈરાનનાં આકાશના બદલે વૈકલ્પિક માર્ગેથી વિમાન ઉડ્યન શરૂ કરાયા હતા. ઈરાને લોકલ વિમાની વ્યવહાર બંધ કરી દીધો હતો.ઈસ્ફાહાન, શીરાઝ તથા તહેરાનની વિમાની સેવા અનિશ્ચિત મુદત માટે સસ્પેન્ડ કરી દેવામાં આવી હતી.

ઈઝરાયેલનાં આ હુમલાને પગલે પશ્ચિમી એશીયામાં ભૌગોલીક ટેન્શન વધુ વકરવાની આશંકા વ્યકત કરવામાં આવી હતી. આ મુદ્દે યુનોની સુરક્ષા પરિષદમાં પણ ઉઠયો હતો અને બન્ને દેશોને સંયમ રાખવાની સલાહ આપવામાં આવી હતી. હવે ઈઝરાયેલ-હમાસ યુદ્ધ ઉપરાંત નવો મોરચો ખુલતા સમગ્ર પશ્ચિમ એશીયામાં હાલત વકરવાનાં ભણકારા છે.

### ઈરાનના વડા ખોમૈનીના ૮૫ માં જન્મદિને જ ઈઝરાયેલે પ્રહાર કર્યો

ઈરાન પર હુમલાની તારીખ ઈઝરાયેલે સમજી-વિચારીને અને પૂર્વ નિયોજીત રીતે નકકી કરી હોવાની છાપ ઉપસી હતી. વાસ્તવમાં આજે ૧૯ એપ્રિલે ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખોમૈનીનો ૮૫ મો જન્મદિવસ છે.તેઓ ૧૯૮૯ થી શાસન સંભાળી રહ્યા છે. મધ્યપૂર્વમાં સૌથી લાંબા સમય સુધી સતા ધરાવનારા નેતા છે.ઈઝરાયેલનાં આક્રમણ દરમ્યાન પ્રચંડ વિસ્ફોટ તેના મિસાઈલ તોડી પાડવાનાં હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

# તું દીકરાની સંભાળ નથી રાખતી કહીં પરિણીતા પર પતિનો ત્રાસ

### દેરાણી ઘરકામ બાબતે અવાર નવાર ઝઘડાઓ કરતીઃ પરિણીતાએ પતિ અને દેરાણી સામે નોંધાવી ફરીયાદ

રાજકોટ, તા.૧૯

તું દીકરાની સંભાળ નથી રાખતી કહી પરિણીતા પર પતિ ત્રાસ ગુજારતો અને દેરાણી ઘરકામ બાબતે અવાર નવાર ઝઘડાઓ કરી માનસિક ત્રાસ આપતી જે અંગેની પરિણિતાએ પતિ અને દેરાણી સામે ફરીયાદ નોંધાવી હતી.

માવતરે રહેતી પરિણીતા પુજાબેન મનોજભાઈ જરિયા (ઉ.વ.૨૯ રહે- રાજનગર સોસાયટી)એ પતિ મનોજભાઈ રમેશભાઈ જરિયા અને દેરાણી મનિષાબેન જયેશભાઈ જરિયા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ મારા લગ્ન વર્ષ ૨૦૧૮માં થયાં હતાં. અને આ લગ્ન દરમ્યાન સંતાનમાં એક દીકરો છે. અને મારા પતિ મનોજભાઇ મજુરી કામ કરે છે. અમે સંયુકત પરિવારમાં રહીએ છીએ. મારા પતિ લગ્ન થયા બાદ થોડો સમય સારી રીતે રાખેલ બાદ નાની નાની વાતોમાંથી ઝઘડાઓ કરતા. મને મારા માતા- પિતા સાથે બોલવા ચાલવાનો કે આવવા જવાનો વહેવાર ન રાખવા ત્રાસ આપતા હતા. મને થાઈરોડની બીમારી છે. જેથી મારા પતિ મારી સારવાર પણ ન કરાવતા. કહેતા કે, તું દીકરાની સંભાળ નથી રાખતી. મારી દેરાણી જેઓ ઘરકામની બાબતે અવાર નવાર ઝઘડાઓ કરી અપશબ્દો બોલતા હતા. આ વાત મારા પતિને કહું તો ઝઘડો કરી માર મારતા હતા. જેથી મારા પતિ તથા મારા દેરાણીના ત્રાસથી કંટાળી ગત તા.૯ એપ્રિલના રોજ મારા પિતાના ઘરે રહેવા આવી ગયેલ. બાદ પરણિતાએ તેના પતિ અને દેરાણી સામે માનસિક શારિરીક ત્રાસ આપવા અંગેની ફરિયાદ નોંધાવી હતી.

# તારા માવતરેથી કંઈ લાવી નથી, અમારૂ છે એ પણ નહીં રહેવા દે, કહી પરિણીતાને સાસરિયાનો ત્રાસ

### સુરત રહેતા પતિ સહિત સાસરિયા સામે પરિણિતાએ નોંધાવી ફરીયાદ

રાજકોટ, તા.૧૯

તારા માવતરેથી કાઈ લાવી નથી, તું અમારૂ છે એ પણ નહીં રહેવા દે તેમ કહી પરિણીતાને ત્રાસ આપાતા સુરત રહેતાં પતિ સહિત સાસરિયાં સામે પરિણિતાએ ફરીયાદ નોંધાવી છે. બનાવ અંગે મહિલા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

એસ્ટ્રોન ચોક પાસે સરદારનગર સોસાયટી, શ્રી રામધામ એપાર્ટમેન્ટમાં માવતરે રહેતા વર્ષાબેન જતીનભાઈ વારડે (ઉ.વ.૪૨)એ સુરત રહેતા પતિ જતિનભાઈ વારડે , સસરા ચંદ્રકાંતભાઈ, સાસુ સુભદ્રાબેન, જેઠ સંજયભાઈ અને જેઠાણી પ્રવિણાબેન સામે મહિલા પોલીસ મથકમાં શારીરિક માનસિક ત્રાસ આપવા અંગેની ફરીયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યું કે, મારા લગ્ન તા.૭/૧૨/૨૦૨૦ ના રોજ સુરતના રહેવાસી જતીન વારડે સાથે થયાં હતાં. પતિ લગ્નના ત્રીજા દિવસથી મારી સાથે ઝઘડા કરવા લાગેલ. ડરાવા અને માનસિક દબાણ કરવાં એકદમ ગુસ્સે થઈને તેનુ માથુ દિવાલમાં ભટકાવેલ અને ઘરની બહાર જતા રહેલ. મારા સાસુ મને નવા ઘરમાં તેના રિત રિવાજ સમજાવવાના બદલે ઘરની બહાર જતા રહેતા. પતિ ઘરમા કંઈ લઇ આપતા નહી. હુ તેને કહું તો તે મને કહેતા કે તું મારા ઘરમાં બધું બગાડી નાખીશ. અમારી પાછળ કંઈ વધવા નહીં દે. તું બધા રૂપિયા ઉડાવી દઈશ. તું તારા માવતરેથી તો કંઈ લાવેલ નથી. પણ અમારૂ છે એ પણ તું નહીં રહેવા દે. હું જમીને આરામ કરવા ગયેલ ત્યારે પતિ મારા મોબાઇલમાં મારા મિત્ર વર્તુળમાંથી મને લગ્નના અભિનંદન માટે મેસેજ આવેલ. તે મેસેજ મેં ડીલેટ કરેલ અને તે મારા પતિએ જોતા મારા પર શંકા કરીને મારો મોબાઇલ ઝુંટવીને કહેવા લાગેલ કે તને કોનો મેસેજ આવેલ છે. એમ કરીને રાડારાડી કરવા લાગેલ. મોબાઈલ મારા માથા ઉપર ઘા કરેલ. ટીવીનો વાયર ખેચીને ટી.વી પણ તોડી નાખેલ. મારા જેઠ અને જેઠાણી અમારા ઘરે અવારનવાર આવે ત્યારે મારા પતિ અને સાસુ સસરાને ચડામણી કરતા. કહેતા કે આ વર્ષાને કોઇ ગમતા નથી તે આપણા કુટુંબમા સંપ નહી રહેવા દે. આ બાબતે મારા પતિ અને સાસુ સસરા મારી સાથે ઝઘડા કરવા લાગેલ. મારી આ પ્રેગનેંસી દરમ્યાન મારી તબીયત સારી રહેતી ન હોય. મારા સસરા ઘરમાં જ બીડી અને સિગારેટ પીતા. જેની વાસ આવતા મારાથી રહેવાતુ ન હોય અને ગભરામણ થતુ હોય તો મેં મારા પતિ અને સાસુને વાત કરતા તેઓ મારી સાથે ઝઘડો કરી તારે ઘરમાં રહેવુ હોય તો રહે નહીતર નિકળી જા તેમ કહેતા. મારા પતિ કે સાસરીવાળા મારા બાળકને સ્વીકરવા તૈયાર નહોતા અને કહેતા કે ચાલ એબોશન કરાવી નાખ. બાળક છઠ્ઠા મહીને ગર્ભમાં જ મૃત પામેલ. મારા સાસરીવાળા સતત મને માનસિક તણાવમાં જ રાખતા હતા અને કહેતા કે આ બાળકની તારા લીધે જ કસુવાડ થયેલ છે. પતિ મારા મોબાઇલ સતત રેકોર્ડીંગ કરતા અને શંકાઓ કરતા. છેલ્લે તા.૩/૩/૨૦૨૩માં મને ઘરમાંથી ઝઘડો કરીને માર મારીને કાઢી મુકેલ અને મને બસમાં બેસાડી દિધેલ હતી. પિયર પક્ષ તરફ થી સમાજના આગેવાનો અને વડીલોથી સમાધાન કરવાનો પ્રયત્ન કરેલ પરંતુ મારા પતિ કે કોઇએ જવાબ આપેલ નહી. અંતે પરિણીતાએ તેનાં પતિ, સાસુ- સસરા, જેઠ-જેઠાણી સામે ફરીયાદ નોંધાવી છે.

# ૧૫ વર્ષની સગીરાનું અપહરણ

### પરાપીપળીયા ફાટક પાસે ઝુપડામાં રહેતા મધ્યપ્રદેશના શ્રમિક પરિવારની સગીરાનો ૩ દિવસથી કોઈ પતો નહીં, ગુનો નોંધી ગાંધીગ્રામ પોલીસે તપાસ હાથ ધરી

રાજકોટ, તા.૧૯

પરાપીપળીયા ફાટક પાસે એલએલપી નામના નવા બની રહેલા પાર્ટી પ્લોટની બાજુમાં ઝુપડામાં રહેતા મૂળ મધ્યપ્રદેશના શ્રમિક પરિવારની ૧૫ વર્ષની દીકરીનું અપહરણ થયાની ફરિયાદ ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાઇ છે. ૧૫ વર્ષીય સગીરાના ૨૦ વર્ષીય ભાઈએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, હું કડીયા કામ કરું છું. મારા પરીવારમાં હું તથા મારી માતા તથા મારા પિતા તથા મારે એક નાની બહેન ૧૫ વર્ષની છે. આશરે દસેક દિવસ પહેલા મારા પિતા તથા મારા માતા મધ્યપ્રદેશ ગયા. હું તથા મારી નાની બહેન રાજકોટ સ્થિત ઘરે હતા. ગઈ તા.૧૬/૪ના રોજ હું સવારે આઠેક વાગ્યે મારા કામે ગયો. ત્યારે મારી બહેન ઘરે હાજર હતી. સાડા દસેક વાગ્યે પાછો આવ્યો. બહેને મને ચા બનાવીને આપેલ. ચા પી પાછો કામે ગયો. સાડા બારેક વાગ્યે જમવા ગયો જ્ઞારે મારી બહેન હાજર જોવા મળેલ નહી. આજુ-બાજુ આવેલ ઝુપડામાં રહેતા પડોશીને તથા રાજકોટ ખાતે રહેતા મારા સગાવહાલાને પુછતા કોઈને મારી બહેન કયા છે તેનો ખ્યાલ નહતો. વતન મારા પિતાને જાણ કરી હતી. તેઓ રાજકોટ આવતા ફરિયાદ નોંધાવી છે. પોલીસે કોઈ અજાણ્યો શખ્સ સગીરાનું અપહરણ કરી ગયો હોવાની શંકાએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૪૦-૨૫૯૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૯૦-૨૫૪૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૨૦-૧૭૫૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૭૦-૧૭૦૦ |
| પામોલીયન તેલ | ૧૫૫૦-૧૫૫૫ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૧૦-૧૬૨૦ |
| સનફ્લાવર તેલ | ૧૫૫૦-૧૫૭૦ |
| મકાઇ તેલ | ૧૫૬૦-૧૫૭૫ |
| વનસ્પતિ ઘી | ૧૬૮૦-૧૭૨૦ |
| કોપરેલ | ૨૨૮૦-૨૩૦૦ |
| દિવેલ | ૨૦૨૦-૨૦૪૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) | ચાંદી |
|---|---|
| ૭૫૮૫૦(+૨૫૦) | ૮૫૭૫૦(-૨૫૦) |

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. **અઢારમાં એડી.સીની.સીવીલ જજ શ્રી જે.એમ.સોલંકી** સાહેબની કોર્ટ સમક્ષ દિ.પ.અ.નં.:- ૮૭૮/૨૦૨૪ અરજદાર ઈન્દુબેન મેઘજીભાઈ સોજીત્રા, રહે.રાજકોટએ ગુજ. મેઘજીભાઈ પરસોત્તમભાઈ સોજીત્રાની (૧) રાજકોટ શહેરની હદમાં સમાવેશ કરવામાં આવેલ ગામ કોઠારીયાના રે.સ.નં.૧૭૮ પૈકી ૨/૩ની બીનખેડવાણ થયેલ જમીનના પ્લોટસ કે જે "દર્શન પાર્ક-૨" તરીકે ઓળખાય છે તેના પ્લોટસ પૈકી પ્લોટ નં.૪૧ની જમીન ચો.મી.આ.૬૬-૭૯ ઉપર આવેલ મકાન ગુજ.મેઘજીભાઈ પરસોત્તમભાઈ સોજીત્રાએ રજી.વે.દ.અનું.નં. ૫૫૨, તા.૧૦/૦૩/૨૦૧૭ના રોજથી નીમુબેન રતુભાઈ વઘાસીયા પાસેથી ખરીદ કરેલ.ત્યારથી સદરહું મિલ્કત ગુજ. મેઘજીભાઈ પરસોત્તમભાઈ સોજીત્રાની સ્વતંત્ર માલીકી, કબ્જા, ભોગવટાની આવેલ. (૨) ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ-ડીસ્ટ્રીકટ રાજકોટ તાલુકાના ગામ કસ્તુરબા ધામના રે.સ.નં.૧૨૮ પૈકી ૧ના બીનખેડવાણ અને ઔદ્યોગીક (ઓબ્નોકસીયસ તથા હેઝાર્ડસ સિવાયના) હેતુ માટેની ઈમારત બાંધવાની મંજુરીવાળા "સદગુરૂ પાર્ક ઈન્ડસ્ટ્રીયલ ઝોન " તરીકે ઓળખાતા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૧-એની જમીન ચો.મી.આ.૧૭૫૬-૬૯ તે ચો.વા.આ. ૨૧૦૧-૦૦ ગુજ.મેઘજીભાઈ પરસોત્તમભાઈ સોજીત્રા તથા અમો અરજદાર ઈન્દુબેન મેઘજીભાઈ સોજીત્રાએ રજી.વે.દ.અનું.નં.૧૪૫૧, તા.૧૦/૦૩/૨૦૨૧ના રોજથી દેવજીભાઈ પાંચાભાઈ મેઘાણી તથા ગોવિંદભાઈ પાંચાભાઈ મેઘાણી પાસેથી ખરીદ કરેલ. ત્યારથી સદરહું જમીન ગુજ.મેઘજીભાઈ પરસોત્તમભાઈ સોજીત્રાની સંયુકત માલીકી, કબ્જા ભોગવટાની આવેલ જેમાં ગુજ. મેઘજીભાઈ પરસોત્તમભાઈ સોજીત્રાનો ૫૦% અવિભાજય હકક, હિત, હિસ્સો આવેલ છે ઉપરોકત મિલ્કતનું વારસાસર્ટીફિકેટ મેળવવા તેમના વકીલ પ્રતિક ડી.રાજયગુરૂ, પાર્થ ડી.પીઠડીયા, મહીપાલ એમ.સબાડ, દેવાંગ વી.ભટ્ટ, તથા જીજ્ઞેશ સી.પંડયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તે સંબંધે જે કોઈ વ્યકિતને વાંધો તકરાર હોય તેમને મુદત તારીખ ૧૦/૦૬/૨૦૨૪ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ વાંધા રજુ કરવા, ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની આથી સ્પષ્ટ નોંધ લેશો.

આજ તારીખ ૧૯/૦૪/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર
એમ.ડી.મશરૂ
આસીસ્ટન્ટ/

કોર્ટનો સિકકો

હુકમથી
જે.જે.ચાવડા
રજીસ્ટ્રાર





## રાજકોટ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ વાજતે-ગાજતે નોંધાવી ઉમેદવારી

# ધાનાણી દંપતી રૂા. ૩.૩૪ કરોડની સ્થાવર-જંગમ મિલ્કતના આસામી : એક પણ ગુનો કે ફોર વ્હીલ નથી

**પરેશભાઇ પાસે રૂા. ૧.૪૦ લાખ અને પત્ની વર્ષાબેનના હાથ પર રૂા. ૧.૫૬ લાખની રોકડ**

**બી.કોમ. સુધીનો અભ્યાસ કરેલ છે : ગાંધીનગરમાં પ્લોટ તેમજ અમરેલી, ચાંદગઢ, ચાંચાઇમાં ખેતીની જમીન**

**રૂા. ૨૫ લાખના વડીલોપાર્જીત સોનાના દાગીના ધરાવે છે**

**સમાજ સેવા અને ખેતીનો મુખ્ય વ્યવસાય : ડમી તરીકે ડો.હેમાંગ વસાવડાનું નામાંકન**

રાજકોટ, તા. ૧૯

રાજકોટ લોકસભાની બેઠક ઉપર આજે ઉમેદવારી ફોર્મ રજૂ કરવાના અંતિમ દિવસે કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ વાજતે-ગાજતે પોતાનું ઉમેદવારી ફોર્મ ટેકેદારો સાથે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશી સમક્ષ રજૂ કરી પોતાની ઉમેદવારી નોંધાવી દીધી હતી. કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ તેમના ઉમેદવારી ફોર્મ સાથે પોતાની આવક અને સ્થાવર-જંગમ મિલ્કત જાહેર કરતી એફીડેવીટ પણ રજૂ કરી હતી.

કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ ઉમેદવારી ફોર્મ સાથે રજૂ કરેલા એફીડેવીટમાં તેઓ તેમજ તેમના પત્ની વર્ષાબેન ધાનાણીના નામે રૂા.૩.૩૪ કરોડની સ્થાવર-જંગમ મિલ્કત હોવાનું ઉલ્લેખ કર્યો છે. જેમાં પરેશ ધાનાણી પાસે રૂા.૧.૪૦ લાખ અને તેમના પત્ની વર્ષાબેન ધાનાણી પાસે રૂા.૧.૫૬ લાખની હાથ પર રોકડ દર્શાવવામાં આવી છે.

પરેશ ધાનાણીએ બી.કોમ. સુધીનો અભ્યાસ કરેલ છે. તેમજ તેમના નામે એક પણ ફોર વ્હીલ નથી કે તેઓની સામે એક પણ ગુનો દાખલ થયેલ નથી. પરેશ ધાનાણીએ વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૨,૫૯,૫૧૦નું આઇટી રીટર્ન દર્શાવેલ છે. આ ઉપરાંત પરેશ ધાનાણી બેંકમાં રૂા.૫૫,૮૮,૦૫૯ની રોકાણ અને બચત ધરાવે છે તેમજ પરેશ ધાનાણી પાસે રૂા. ૭.૯૨ લાખની કિંમતના ૧૨૦ ગ્રામ સોનાના દાગીના છે.

જયારે તેમના પત્ની વર્ષાબેન ધાનાણી પાસે રૂા. ૧૭.૧૬ લાખના ૨૬૦ ગ્રામ સોનાના દાગીના છે. પરેશ ધાનાણી ધારીના ચાંચાઇ તેમજ અમરેલીના ચાંદગઢ, અમરેલીમાં ખેતીની જમીન ઉપરાંત ગાંધીનગરમાં પ્લોટ ધરાવે છે. આ મિલ્કતની કિંમત રૂા.૧,૧૦,૧૪,૦૦૦ થવા જાય છે.

પરેશ ધાનાણીએ બી.કોમ. સુધીનો અભ્યાસ કરેલ છે. તેમનો સમાજ સેવા અને ખેતીનો મુખ્ય વ્યવસાય છે જયારે તેમના પત્ની વર્ષાબેન ટયુશન કરાવે છે. પરેશ ધાનાણીના નામે રૂા. ૫૫.૮૮ લાખની અને તેમના પત્ની વર્ષાબેનના નામે ૮૮.૧૩ લાખની જંગમ મિલ્કત હોવાનો એફીડેવીટમાં ઉલ્લેખ કરાયો છે.

આ ઉપરાંત પરેશ ધાનાણી પાસે રૂા. ૧.૧૦ લાખ અને તેમના પત્ની વર્ષાબેન પાસે રૂા.૧.૫૦ લાખની સ્થાવર મિલ્કત છે. પરેશ ધાનાણીએ તેમના ટેકેદારો સાથે આજે ધામધુમથી જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી સમક્ષ ઉમેદવારી ફોર્મ રજૂ કરી ઉમેદવારી નોંધાવી હતી. આ સમયે તેમની સાથે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરની ઓફિસમાં તેમના ટેકેદાર અને દરખાસ્ત કરનાર તરીકે શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલભાઇ રાજાણી, વશરામભાઇ સાગઠીયા, ગાયત્રીબા વાઘેલા, પૂર્વ ધારાસભ્ય માધાભાઇ ગોહેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સમયે પરેશ ધાનાણીના ડમી તરીકે ડો.હેમાંગ વસાવડાએ પણ તેમનું ઉમેદવારી ફોર્મ ચૂંટણી અધિકારી પ્રભવ જોશી સમક્ષ રજૂ કર્યુ હતું.

આ પ્રસંગે કોંગ્રેસના આગેવાનો સર્વશ્રી મહેશ રાજપૂત, અશોક ડાંગર, ડો.રાજદીપસિંહ જાડેજા, મુકુંદભાઇ ટાંક, મયુરસિંહ પરમાર, અશોકસિંહ વાઘેલા, જશવંતસિંહ ભટ્ટી, હિતેષ વોરા, સંજય અજુડીયા, કોર્પોરેટર મકબુલભાઇ દાઉદાણી, હરપાલસિંહ જાડેજા, ગોપાલભાઇ અનડકટ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# કેનેડાના એરપોર્ટમાં ૨૨ મિલિયન ડોલરના સોનાની દિલધડક લૂંટ: બે ભારતીય સહિત ૬ની ધરપકડ

**લુંટારા સોનાની લગડીઓ અને ફોરેન કરન્સી ભરેલું આખું કન્ટેનર જ ઉઠાવી ગયા**



ટોરેન્ટો,તા.૧૯

કેનેડાના ઈતિહાસમાં સૌથી મોટી લૂંટ થઈ તેમાં બે ભારતીય મૂળના શખ્સ કુલ છ લોકોની ધરપકડ કરવામાં આવી છે. એપ્રિલ ૨૦૨૩માં ટોરેન્ટોના મુખ્ય એરપોર્ટની સ્ટોરેજ ફેસિલિટીમાંથી સોનાની લૂંટ કરવામાં આવી હતી જેની વેલ્યુ ૨૨ મિલિયન કેનેડિયન ડોલર જેટલી હતી. આ કેસમાં બુધવારે પોલીસે છ લોકોની ધરપકડ કરી હતી.

કેનેડાના ઈતિહાસની સૌથી મોટી લૂંટમાં બે ભારતીય મૂળના લોકો સહિત કુલ છ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ટોરેન્ટોના મેઈન એરપોર્ટની સ્ટોરેજ ફેસેલિટીમાં એપ્રિલ ૨૦૨૩માં થયેલી આ લૂંટમાં સોનાની લગડીઓ તેમજ ફોરે કરન્સી ભરેલું આખું કન્ટેનર લૂંટારા ઉડાવી ગયા હતા, જેમાં ભરેલા કિંમતી સામાનની વેલ્યૂ ૨૨ મિલિયન કેનેડિયન ડોલર જેટલી થતી હતી. આ કન્ટેનર સ્વિટઝર્લેન્ડના ઝુરિકથી બાય એર કેનેડાના ટોરેન્ટોના પિઅર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ થયું હતું. આ કેસની પોલીસ ફરિયાદ અનુસાર એર કેનેડાના બે ભૂતપૂર્વ કર્મચારીઓએ આ લૂંટમાં આરોપીઓની મદદ કરી હતી, જેમાંથી એક હાલ પોલીસની કસ્ટડીમાં છે જ્યારે બીજાની સામે અરેસ્ટ વોરન્ટ ઈશ્યૂ કરવાની કામગીરી ચાલી રહી છે. બુધવારે આ મામલે કેનેડિયન પોલીસે જે છ લોકોની ધરપકડ કરી હતી તેમાં પરમપાલ સિંધુ અને અમિત જલોટાનો સમાવેશ થાય છે. આ બંને મૂળ ભારતીય છે અને કેનેડાના ઓન્ટારિયોમાં રહે છે, તેમના સિવાય કેનેડિયન પોલીસે અમ્માદ ચૌધરી, અલી રઝા, પ્રસાદ પારામલિંગમ નામના આરોપીઓ સામે પણ વોરંટ ઈશ્યૂ કરાવ્યું છે.

કેનેડાની પીલ પોલીસે સિમરન પ્રીત પાનેસર, અર્ચિત ગ્રોવર અને અરસલન ચૌધરી સામે પણ આ લૂંટમાં કથિત સંડોવણી બદલ વોરન્ટ ઈશ્યૂ કર્યા હતા. એર કેનેડાએ પણ એક સમયે લૂંટમાં સામેલ સિધુ અને પાનેસર પોતાના કર્મચારીઓ હોવાનું કન્ફર્મ કર્યું હતું, પરંતુ તેમાંથી એક આરોપીએ તેની અરેસ્ટ થાય તે પહેલા જ જોબ છોડી દીધી હતી, જ્યારે બીજાને તપાસ પૂરી ના થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. આ કેસના મુખ્ય તપાસ અધિકારી માઈક માવિટીએ ટોરેન્ટોના એરપોર્ટ પર થયેલી લૂંટને કેનેડાના ઈતિહાસની સૌથી મોટી લૂંટ ગણાવતા કહ્યું હતું કે એર કેનેડાના કર્મચારીની મદદથી જ આ સમગ્ર કાવતરૂ પાર પાડવામાં આવ્યું હતું.

કેનેડાની પોલીસે એક આરોપીની અમેરિકાથી પણ ધરપકડ કરી હતી.. લૂંટ કરનારા આરોપીઓ પાસે કેટલાક મોડિફાઈડ હથિયારો પણ હતા. પોલીસને લૂંટવામાં આવેલું કેટલુંક ગોલ્ડ પણ જપ્ત કરવામાં સફળતા મળી છે, જોકે ઘણું સોનું લૂંટારાએ ઓગાળી દીધું હોવાની પણ આશંકા છે, કારણકે આ કેસની તપાસ દરમિયાન ગોલ્ડ ઓગાળવાના સાધનો પણ પોલીસને મળી આવ્યા હતા. આ લૂંટને ૧૭ એપ્રિલ ૨૦૨૩ના રોજ અંજામ આપવામાં આવ્યો હતો, જેમાં સ્વિટ્ઝર્લેન્ડથી આવેલા કન્ટેનરને એરક્રાફટમાંથી ઉતારીને કાર્ગો ફેસિલિટીમાં લઈ જવાયું હતું પરંતુ તેને તેની નિશ્ચિત જગ્યા પર પહોંચાડાય તે પહેલા જ લૂંટારા કાર્ગો ફેસિલિટીમાં પહોંચી ગયા હતા અને તેમણે તેમાંથી સામાન કાઢીને ડિલિવરી ટ્રકમાં ચઢાવી દીધો હતો ત્યારબાદ તેઓ કોઈને જરા સરખો પણ અણસાર ના આવે તે રીતે આ ટ્રકને લઈને રફુચક્કર થઈ ગયા હતા.

# જો સીટ બેલ્ટ નથી પહેર્યો તો અકસ્માતમાં વળતર ન મળી શકે

**મહારાષ્ટ્રમાં એક એક્સિડન્ટના કેસમાં એરબેગ્સ ના ખુલતા ગ્રાહકે કેસ કરતા કાર કંપનીની તરફેણમાં ચુકાદો**

નવીદિલ્હી,તા.૧૯

તાજેતરમાં ગ્રાહક પંચના એક ચુકાદામાં એવું જોવા મળ્યું છે કે સીટ બેલ્ટ ન પહેરવાના કારણે એક્સિડન્ટ વખતે એર બેગ્સ ન ખુલી. તેના કારણે કાર કંપની તરફથી કોઈ વળતર પણ નહીં મળી શકે.



કાર એક્સિડન્ટના એક કેસમાં એર બેગ ન ખુલવાના કારણે એક વ્યક્તિએ કાર કંપની સામે કેસ કર્યો હતો. મહારાષ્ટ્ર રાજ્ય ગ્રાહક પંચે આ કેસમાં એક લાખ રૂપિયાનું વળતર ચૂકવવા કાર કંપનીને આદેશ આપ્યો હતો. પરંતુ નેશનલ ગ્રાહક ફરિયાદ નિવારણ પંચે કાર કંપનીની ફેવરમાં ચુકાદો આપીને કહ્યું કે ગ્રાહકે સીટ બેલ્ટ જ પહેર્યો ન હતો. તેથી કાર એક્સિડન્ટ વખતે એર બેગ ખુલી ન હતી. તેથી વાંક ગ્રાહકનો છે અને તેને વળતર ચૂકવી ન શકાય.

ગ્રાહકે દલીલ કરી હતી કે એર બેગ્સ એક્ટિવેટ થવા માટે સીટ બેલ્ટ બાંધવા જરૂરી નથી. આ દલીલની રાષ્ટ્રીય ગ્રાહક પંચે નોંધ લીધી હતી, પરંતુ એવું પણ કહ્યું હતું કે આ વાતના કોઈ પૂરાવા નથી. મેન્યુફેક્ચરિંગ ખામીના કારણે એર બેગ્સ ખુલી ન હતી તેવી દલીલને પણ રાષ્ટ્રીય પંચે રિજેક્ટ કરી હતી. ભારતમાં કારમાં આગળની સાઈડમાં બેસેલા લોકો માટે તો સીટ બેલ્ટ બાંધવું ફરજિયાત છે જ. પરંતુ ઘણા લોકો તેની ઉપેક્ષા કરે છે. કાયદો અને સેફ્ટીના એક્સપર્ટ તો એમ કહે છે કે પાછળની સીટ પર પણ સીટ બેલ્ટ બાંધવા જોઈએ.

## એક વર્ષમાં નવા ૩.૬૯ કરોડ ડિમેટ ખાતા ખૂલ્યા, ૩૨.૨૫ ટકાની વૃદ્ધિ જોવા મળી

# લોકો શેરબજાર તરફ વધુ વળ્યા, માર્ચમાં નવા ૩૧ લાખ ખાતા ખૂલ્યા

**૨૦૨૩-૨૪ માં હર મહિને સરેરાશ ૩૧ લાખ નવા ડિમેટ ખાતા ખૂલ્યા : કુલ ડિમેટ એકાઉન્ટ ૧૫ કરોડના રેકોર્ડ સ્તરે**

નવી દિલ્હી : દેશમાં ઈક્વિટી માર્કેટમાં તેજીને પગલે ડિમેટ ખાતાની સંખ્યા માર્ચ-૨૦૨૪માં ૧૫ કરોડના રેકોર્ડ સ્તર પર પહોંચી ગઈ છે. માર્ચ મહિનામાં જ નવા ૩૧ લાખ ડિમેટ ખાતા ખૂલ્યા હતા. માર્ચ-૨૦૨૩ના અંતે ડિમેટ ખાતાની કુલ સંખ્યા ૧૧.૪૫ કરોડ હતી, જે વધીને માર્ચ- ૨૦૨૪ના અંતે ૧૫.૧ કરોડ થઈ હતી. આમ, એક વર્ષમાં નવા ૩.૬૯ કરોડ ડિમેટ ખાતા ખૂલ્યા હતા, જે ૩૨.૨૫ ટકા વધારો દર્શાવે છે.

બ્રોકરેજ મોતીલાલ ઓસ્વાલના ડેટા એનાલિસીસ અનુસાર નવા વર્ષમાં પણ આ ટ્રેન્ડ ચાલુ રહેશે તેવી ધારણા છે. તેણે કહ્યું કે ૨૦૨૩-૨૪માં દર મહિને સરેરાશ ૩૧ લાખ (એક્ઝેટ ૩૦.૭ લાખ) નવા ડિમેટ ખાતા ખૂલ્યા હતા.

ડિપોઝીટરી સર્વિસ પ્રોવાઈડર્સ સીડીએસએલ અને એનએસડીએલ પૈકી સીડીએસએલનો માર્કેટ હિસ્સો વધી રહ્યો છે. તેનો અર્થ એ છે કે નવા ખૂલી રહેલા ડિમેટ ખાતા સીડીએસએલમાં વધુ સંખ્યામાં ખૂલી રહ્યા છે. સીડીએસએલનો માર્કેટ હિસ્સો ફેબ્રુઆરીની સરખામણીમાં પણ વધ્યો છે અને ગત વર્ષે માર્ચની સરખામણીમાં પણ વધ્યો છે. બીજી તરફ



એનએસડીએલનો માર્કેટ હિસ્સો બન્ને રીતે ઘટ્યો છે. કુલ ડિમેટ ખાતાની સંખ્યાની દષ્ટિએ અને નવા ખાતાના ઉમેરા બન્નેમાં તેમાં ઘટાડો જોવા મળ્યો છે.

એનએસઈ ખાતે એક્ટિવ કલાયન્ટ્સની સંખ્યા ફેબ્રુઆરીની સરખામણીમાં માર્ચમાં ૧.૮ ટકા વધીને ૪.૦૮ કરોડ થઈ હતી. હાલમાં એનએસઈના એક્ટિવ ક્યાલન્ટ્સના ૬૩.૮ ટકા પર ટોપ-૫ ડિસ્કાઉન્ટ બ્રોકર્સનો કબજો છે. માર્ચ-૨૦૨૩માં તેમની ટકાવારી ૫૯.૯ ટકા હતી.

ઝીરોધા ટોચના સ્થાન પર રહી છે. જોકે માર્ચમાં તેનો કલાયન્ટ બેઝ ૦.૯ ટકા વધવા છતાં તેનો માર્કેટ હિસ્સો ૦.૨ ટકા ઘટ્યો છે. પરંપરાગત બ્રોકર્સમાં મિશ્ર માહોલ જોવા મળ્યો હતો. આઈએસઈસીના કલાયન્ટ્સની સંખ્યામાં ૧.૩ ટકાનો ઘટાડો જોવાયો હતો અને તેનો માર્કેટહિસ્સો ૦.૧૫ ટકા ઘટ્યો હતો. જોકે આઈઆઈએફએલ સિક્યુરિટીઝના કલાયન્ટ્સની સંખ્યા ૦.૩ ટકા વધી હતી, અને તેણે માર્કેટ હિસ્સો ૧.૧ ટકા જાળવી રાખ્યો હતો. ડિસેમ્બર ૨૦૨૩થી નવા ડિમેટ ખાતા ખૂલવાનું પ્રમાણ ઝડપથી વધ્યું છે. ડિસેમ્બર, જાન્યુઆરી અને ફેબ્રુઆરી એ ત્રણેય મહિનામાં પ્રત્યેકમાં ૪૦ લાખથી વધુ નવા ડિમેટ ખાતા ખૂલ્યા હતા. જાન્યુઆરીમાં સૌથી વધુ ૪૬ લાખ ડિમેટ ખાતા ખૂલ્યા હતા. ઉલ્લેખનીય છે કે માર્ચ મહિનામાં નિફ્ટી ઈન્ડેક્સ ૧.૫ ટકા વધ્યો હતો.

# હાર્દિક પંડ્યાએ મેચ જીત્યો પણ સ્લો ઓવર રેટને કારણે લાગ્યો ૧૨ લાખનો દંડ



ચંદીગઢ / મુંબઈ : IPL ૨૦૨૪મા ગઈકાલે ૧૮ એપ્રિલના રોજ પંજાબ કિંગ્સ (PBKS) અને મુંબઈ ઈન્ડિયન્સ (MI) વચ્ચે મેચ રમાઈ હતી. આ મેચને મુંબઈએ રોમાંચક રીતે ૯ રને જીતી લીધી, પરંતુ મેચ બાદ હાર્દિક પંડ્યાને જોરદાર ઝટકો લાગ્યો. હાર્દિક પંડ્યાની કેપ્ટનશિપવાળી મુંબઈ ઈન્ડિયન્સે આઈપીએલની આ સિઝનમાં પહેલીવાર સ્લોઓવર રેટ હેઠળ બોલિંગ કરી હતી. જે બાદ BCCIએ મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટનને ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો. BCCIએ તેની પ્રેસ રિલીઝમાં કહ્યું કે, 'IPL કોડ ઓફ કંડક્ટ હેઠળ પહેલીવાર તેમની ટીમ (મુંબઈ ઈન્ડિયન્સ)નો આ સિઝનનો પહેલો ઓફેન્સ હતો, તેથી પંડ્યાને ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો.' હાર્દિક પંડ્યા પહેલા આઈપીએલમાં સ્લોઓવર રેટના કારણે કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)ના કેપ્ટન શ્રેયસ અય્યર ૧૬ એપ્રિલે દંડ ફટકારવામાં આવ્યો હતો. IPL ૨૦૨૪માં રાજસ્થાન રોયલ્સ સામે મેચ દરમિયાન સ્લોઓવર રેટ રાખવા બદલ ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

## દાવો : ૨૭ વર્ષની મહિલા અને ૬૦ વર્ષની વૃદ્ધાને સમસ્યા હતી, સારવાર દરમિયાન સ્તન કાઢવાની જરૂર ન રહી

# દેશમાં પ્રથમ વખત સ્તન કેન્સર માટે કરાઈ રોબોટિક સર્જરી



(પ્રતીકાત્મક તસવીર)

નવી દિલ્હી :

દેશમાં પ્રથમ વખત સ્તન કેન્સરથી પીડિત મહિલાઓ માટે રોબોટિક સર્જરી કરવામાં આવી છે. દિલ્હીની એક ખાનગી હોસ્પિટલે આ દાવો કર્યો છે. હોસ્પિટલે જણાવ્યું હતું કે બે મહિલાઓના સ્તનોને ટિશ્યુ રિકન્સ્ટ્રક્શન સાથે સાચવવામાં આવ્યા હતા. સર્જરી દરમિયાન મહિલાઓના સ્તન કાઢવાની જરૂર નહોતી.

પંજાબી બાગ સ્થિત સી.કે. બિરલા હોસ્પિટલના ઓન્કોલોજી સર્જરી વિભાગના ડાયરેક્ટર મનદીપ સિંહ મલ્હોત્રાએ જણાવ્યું કે ડિલિવરી પછી ૨૭ વર્ષીય મહિલાને સ્તનમાં ગાંઠ થઈ હોવાની ફરિયાદ હતી. ગર્ભાવસ્થા અને સ્તનપાન દરમિયાન સ્તનમાં આવા ફેરફારો દેખાય છે, પરંતુ મહિલા તેની સમસ્યાને અવગણતી રહી. તબીબી તપાસમાં પ્રારંભિક તબક્કામાં સ્તન કેન્સર હોવાનું બહાર આવ્યું હતું. આ પછી મહિલા કીમોથેરાપી, ઇમ્યુનોથેરાપી અને કુદરતી પૂરવણીઓ આપવામાં આવી હતી.

મહિલા સારવાર પછી બાળકને સ્તનપાન કરાવી શકી: કીમોથેરાપી ગાંઠને સંપૂર્ણપણે દૂર કરવામાં મદદરૂપ છે. કોઈપણ ગૂંચવણો વિના રોબોટિક સહાયથી પેશી પુનઃનિર્માણ સહિત સ્તન સાચવવાની શસ્ત્રક્રિયા કરાઈ.

કેન્સરને કારણે તેના બંને સ્તનો કાઢી નાખવામાં આવશે તેવી મહિલાને ચિંતા હતી. જોકે રોબોટિક સર્જરીમાં આવું બન્યું નહિ અને સારવાર બાદ મહિલાએ બાળકને ફરીથી સ્તનપાન કરાવ્યું. અન્ય એક કિસ્સામાં, ૬૦ વર્ષીય મહિલાની સ્તન કેન્સરની સર્જરી આ જ તકનીકનો ઉપયોગ કરીને કરવામાં આવી હતી. સ્તનમાં ત્રણ ગઠ્ઠો હતા. મહિલા હવે સ્વસ્થ જીવન જીવી રહી છે.

### ત્વચાને નુકસાન થતું નથી :

ડોક્ટરે કહ્યું કે આ એક દુર્લભ પ્રકારની સર્જરી છે, જેમાં લેટિસિમસ પ્લાન્ટર રિકન્સ્ટ્રક્શનનો ઉપયોગ કરવામાં આવે છે. શસ્ત્રક્રિયામાં રોબોટ્સની મદદથી, સર્જરી વધુ સચોટ બને છે અને કટ કે અન્ય કોઈ માર્ક ઓછું થાય છે. રોબોટને બગલમાંથી સ્તનમાં દાખલ કરવામાં આવે છે, જે પેશીઓને દૂર કરે છે અને સ્તનનું પુનઃનિર્માણ કરે છે. આ પ્રક્રિયામાં સ્તનની ત્વચાને નુકસાન થતું નથી.

# વોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ યુઝર્સના આનંદમાં થશે વધારો: AI ચેટિંગ કરશે

વોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ વપરાશકર્તાઓ ની મજા મા થશે વધારો. કારણ કે AI સુવિધાઓ વોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામમાં એકીકૃત કરવામાં આવી રહી છે. મતલબ કે આ બંને પ્લેટફોર્મ પર યુઝર્સ AIની મદદ લઈ શકશે. અઈની મદદથી યુઝર્સ તેમના રોજિંદા કામને ખૂબ જ સરળ બનાવી શકશે. ધારો કે તમે મેટા પર સારો સંદેશ લખવા માંગો છો, તો કેટલાક પોઈન્ટર્સ આપીને તમે AI દ્વારા લખાયેલ સંદેશ મેળવી શકો છો. આ સિવાય તમે મેસેજ કરેક્શન જેવા તમામ કામ એક ક્ષણમાં કરી શકશો. અત્યાર સુધી આ કામ માટે થર્ડ પાર્ટી AI એપનો ઉપયોગ કરવામાં આવતો હતો. પરંતુ હવે મેટાએ તેને તેની બંને એપ્સમાં રોલઆઉટ કરવાનું શરૂ કરી દીધું છે. જો કે, આ સુવિધા હજુ પણ તેના પ્રારંભિક તબક્કામાં છે.



**WhatsApp પર Meta AIનો ઉપયોગ કેવી રીતે કરવો**

- સૌ પ્રથમ WhatsApp ખોલો.
- પછી નીચે જમણા ખૂણે Meta AI આઇકન પર ટેપ કરો.
- આ પછી Meta AI Chatbox નો વિકલ્પ દેખાશે.
- પછી તમે વિવિધ પ્રશ્નો પૂછી શકશો. તમે ઈમેજ જનરેશન સહિત અન્ય ઘણા કાર્યો પણ કરી શકશો.

**ઈન્સ્ટા પર કેવી રીતે ઉપયોગ કરવો**

- સૌપ્રથમ Apple એપ સ્ટોર અથવા પ્લે સ્ટોર પરથી એપ અપડેટ કરો.
- આ પછી Insta એપ ખોલો અને પછી બોટમની સ્ક્રીન પર સર્ચ બટન જુઓ.
- જ્યારે તમે એક્સેસ કરશો, ત્યારે સર્ચ પર બ્લુ રિંગ દેખાશે.
- આ પછી તમે તમારો પ્રશ્ન ટાઇપ કરી શકશો અને માઇક્રોફોનની મદદથી પૂછી શકશો.

**નોંધ - મેટા AI સુવિધા હાલમાં પસંદગીના દેશો અને ડીવાઇસમાં રોલઆઉટ કરવામાં આવી રહી છે.**

# પીડિતા સાથે રેપનો વીડિયો આરોપીઓને સોંપી શકાય નહીં : ગુજરાત હાઈકોર્ટ



**આરોપીઓને DVD ની પાંચ નકલ સોંપવાના નીચલી કોર્ટના આદેશને ભૂલભરેલો ગણાવી હાઈકોર્ટે રદ કર્યો : રાજુલાના એડી.સેશન્સ જજે આરોપીઓને DVD આપવાનો આદેશ કર્યો હતો**

અમદાવાદ : કાયદાની એક અત્યંત મહત્ત્વપૂર્ણ બાબતને સ્પષ્ટ કરતાં હાઈકોર્ટે એવો આદેશ કર્યો છે કે, પીડિતા સાથે રેપ દરમિયાન બનાવેલા વીડિયોની DVD આરોપીઓને સોંપી શકાય નહીં. આ સ્પષ્ટતા કરવાની સાથે હાઈકોર્ટે નીચલી કોર્ટનો એ આદેશ પણ ફગાવી દીધો હતો, જેમાં કોર્ટે DVDની પાંચ નકલ બનાવી આરોપીઓને આપવાનો હુકમ કર્યો હતો.

પ્રસ્તુત કેસમાં હાઈકોર્ટના જસ્ટિસ જે.સી.દોશીએ એવું અવલોકન કર્યું હતું કે, આ ઘટનામાં ગુનો બન્યો એ વખતે પીડિતા સગીરવયની હતી અને નીચલી કોર્ટના આદેશ મુજબ એ સંપૂર્ણપણે સ્પષ્ટ થાય છે કે તેની ઓળખ છતી થઈ શકે છે. આવા તબક્કે કોર્ટે DVDની નકલ આરોપીઓને આપવી એવું વલણ અપનાવવા કરતાં આરોપીઓ અને તેના વકીલોને ચેમ્બરમાં ડોક્યુમેન્ટ્સની ચકાસણી કરી લેવાની તક આપવી જોઇએ. જો એકવાર પીડિતા સાથે બનેલી ઘટના જેમાં રેકોર્ડ છે એ DVD આરોપીઓને સોંપી દેવામાં આવે તો પીડિતાની ઓળખ છતી થવાનો ભય રહે છે અને તે ઘટના અનેક લોકો સુધી પહોંચી શકે છે.

હાઈકોર્ટે આદેશમાં નોંધ્યું હતું કે, નીચલી કોર્ટના આદેશથી સંબંધિત DVD નો દુરુપયોગ નકારી શકાય નહીં. આરોપીઓને આ પ્રકારના ડોક્યુમેન્ટ્સની ચકાસણી વકીલો અહીં સુધી કે IT નિષ્ણાંતની હાજરીમાં કરવાનો અધિકાર છે, પરંતુ એનાથી વિશેષ અધિકાર નથી. નીચલી કોર્ટે DVDની પાંચ નકલ તૈયાર કરવાનો આદેશ કરીને ભૂલ કરી હોવાનું જણાય છે. તેથી આ આદેશ સામે પીડિતાએ કરેલી રિવિઝન અરજીને ગ્રાહ્ય રાખવામાં આવે છે અને DVDની નકલ આરોપીઓને આપવાનો આદેશ રદ કરવામાં આવે છે. સાથે જ કોર્ટને આદેશ કરવામાં આવે છે કે તેઓ આ સંદર્ભમાં સુપ્રીમ કોર્ટના ગોપાલક્રિષ્ણાના આદેશમાં આપેલી ગાઈડલાઈન્સનો અમલ કરવો. ખાસ કરીને શારીરિક શોષણના કૃત્યની DVDની ચકાસણી કરવાના સંદર્ભમાં આ ગાઇડલાઇન્સનો અમલ કરવો.પ્રસ્તુત કેસમાં અમરેલી જિલ્લાના ડુંગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદનો મામલો સામે આવ્યો હતો. જેમાં પીડિતા દ્વારા હાઈકોર્ટ સમક્ષ એક અરજી કરીને નીચલી કોર્ટના આદેશને પડકારવામાં આવ્યો હતો. હાઈકોર્ટે આદેશમાં નોંધલી હકીકત મુજબ પીડિતા સાથે જુદીજુદી પાંચ વ્યક્તિઓ દ્વારા દુષ્કર્મ કરવામાં આવ્યો હતો. વારંવાર થયેલા દુષ્કર્મ અને ઘટનાના બનાવેલા વીડિયોથી ત્રસ્ત સગીરાએ આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ કરી હતી. ત્યારબાદ આ કેસમાં રાજુલાના એડી.સેશન્સ જજે આરોપીઓને DVD આપવાનો આદેશ કર્યો હતો. તેથી આ આદેશને રદ કરવા પીડિતાએ હાઈકોર્ટમાં રિટ કરી હતી.

### બુથના કાર્યકર્તાથી સાંસદ બનવાનું બહુમાન મને આ મત વિસ્તારના નાગરિકોએ આપ્યું છેઃ ગૃહમંત્રી

# નરેન્દ્ર મોદી મતદાર છે તે બેઠકનું પ્રતિનિધિત્વ કરવું એ મારા માટે બહુમાનઃ અમિત શાહ

**ગાંધીનગર લોકસભા બેઠક પર સતત બીજી વખત ઉમેદવારી નોંધાવતા કેન્દ્રીય ગૃહમંત્રીઃ મુખ્યમંત્રી સહિતના મહાનુભાવો હાજર રહ્યા**

**અટલજી અને અડવાણી જે બેઠકનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે ત્યાં મને લોકોની સેવા કરવાની તક મળી એ મારું સદભાગ્ય છેઃ ગાંધીનગર સૌથી વિકસિત લોકસભા ક્ષેત્ર બનશે**





રાજકોટ, તા.૧૯

ગાંધીનગર લોકસભા બેઠકની તમામ સાત વિધાનસભા બેઠક પર ગઇકાલે જબરા રોડ શો બાદ આજે ઉમેદવારી નોંધાવતા સમયે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહએ જણાવ્યું હતું કે હું આ જ બેઠક પર ૩૦ વર્ષ ધારાસભ્ય અને સાંસદ રહ્યો છું અને બહુ નાના બુથના કાર્યકરોમાંથી સંસદ સુધી પહોંચ્યો છું તે માટે આ વિસ્તારના લોકોએ મને જે પ્રેમ આપ્યો છે તે માટે હું તેમનો આભારી છું. શ્રી શાહએ કહ્યું કે ગાંધીનગર બેઠક પર લોકસભામાં પ્રતિનિધિત્વ કરું એ મારા માટે ગૌરવની બેઠક છે. આ ક્ષેત્રનું પ્રતિનિધિત્વ અટલ બિહારી વાજપેયી, એલ.કે. અડવાણી કરી ચૂક્યા છે અને સૌથી મહત્વની વાત એ છે કે સ્વયં નરેન્દ્ર મોદી આ બેઠકના મતદાતા છે. તેઓએ કહ્યું કે ૨૦૩૬માં ગુજરાતમાં ઓલિમ્પીક રમાવાની છે અને તેના કારણે ગાંધીનગરને સૌથી વિકસીત લોકસભા ક્ષેત્ર તરીકેનું બહુમાન પણ મળશે.

ગુજરાતમાં રસપ્રદ બનેલી લોકસભા ચૂંટણીમાં આજે ઉમેદવારીના અંતિમ દિવસે ભાજપના બે દિગ્ગજ નેતાઓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહએ ગાંધીનગર લોકસભા બેઠક અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલએ નવસારી લોકસભા બેઠક પરથી ઉમેદવારી કરી હતી. ગઇકાલે આ બંને નેતાઓએ પોતાના મત વિસ્તારમાં જબ્બરા રોડ શો યોજ્યા હતા અને આજે ગાંધીનગર જિલ્લા કલેક્ટર સમક્ષ ગૃહ મંત્રી અમિત શાહએ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેમજ રાજ્યના મંત્રી મંડળના સભ્યો અને રાજયસભાના સાંસદ મયંક નાયક સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા બીજી તરફ નવસારીમાં ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલે પણ આજે વિજય મુહુર્તમાં તેમની ઉમેદવારી નોંધાવી છે તે સમયે રાજ્યના નાણાં મંત્રી કનુભાઇ પટેલ ઉપરાંત સુરત જિલ્લાના ધારાસભ્યો અને ભાજપના અગ્રણીઓ હાજર હતા. આજે આ ઉપરાંત રાજકોટ બેઠક પર કોંગ્રેસના પરેશ ધાનાણી, જામનગર બેઠક પર ભાજપના પૂનમબેન માડમ, મહેસાણા લોકસભા બેઠક પર રામજી ઠાકોરએ પણ ઉમેદવારી નોંધાવતા રાજ્યમાં હવે ઉમેદવારીનો તબકકો પુરો થયો છે અને આવતીકાલે ઉમેદવારી ફોર્મની ચકાસણી બાદ તા.૨૧ અને ૨૨ના રોજ ફોર્મ પાછા ખેંચી શકાશે અને તા.૨૨ને સાંજે સમગ્ર રાજ્યમાં લોકસભા ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે.

## ગઈકાલે મુહુર્ત ચૂકી ગયેલા સી.આર. પાટિલએ આજે ૧૨.૩૯ના વિજય ચોઘડીયામાં ફોર્મ ભર્યું





રાજકોટ, તા.૧૯

ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલ નવસારી લોકસભા બેઠક પર ફરી એક વખત ચૂંટણી લડવા જઇ રહ્યા છે તેઓનો રોડ શોમાં સમય જતાં પોતે ઉમેદવારી નોંધાવી શક્યા ન હતા અને આજે તેમણે વિજય મુર્હુતમાં ફોર્મ ભરીને ફરી એક વખત નવસારીના સાંસદ બનવા માટેની સ્પર્ધામાં ઝુકાવ્યું છે. તેમની સામે કોંગ્રેસના

**કોંગ્રેસના ઉમેદવાર પણ ફોર્મ ભરવા પહોંચ્યાઃ પાટિલની નજીક જઇને કાનમાં કાંઇક કહ્યુંઃ બંને હસ્યા**

ઉમેદવાર તરીકે શ્રી નૈષેદ દેસાઇ છે અને આજે તેઓ પણ ઉમેદવારી નોંધાવવા પહોંચ્યા હતા અને કલેક્ટર કચેરીના પરિસરમાં બંને હરિફો વચ્ચે બે મીનીટની મુલાકાત થઇ હતી તે સમયે શ્રી દેસાઇએ પાટિલની નજીક જઇને કાનમાં કાંઇક કહ્યુ હતુ બાદમાં પાટિલ હસ્યા હતા અને ઉમેદવારી નોંધાવવા પહોંચ્યા હતાં. સી.આર. પાટિલે ૨૦૧૯માં દેશમાં સૌથી વધુ મતે બેઠક જીતવાનો રેકોર્ડ બનાવ્યો છે.

## જામનગર લોકસભા બેઠક ઉપર ભાજપના પૂનમબેન માડમની ઉમેદવારી





તસવીર : હિતેષ મકવાણા

જામનગર તા.૧૯

જામનગર લોકસભા બેઠક ઉપર સતત ત્રીજી વખત ભાજપના ઉમેદવાર તરીકે સાંસદ પૂનમબેન માડમે આજે પોતાની ઉમેદવારી નોંધાવી હતી. ઉમેદવારી પત્ર ભરવા માટે જતાં પહેલાં તેઓએ પોતાની માતાના આશિર્વાદ લીધા હતાં. ઉમેદવારીપત્ર ભર્યા બાદ તેઓએ હાલારવાસીઓના સમર્થનથી પાંચ લાખની જંગી સરસાઈથી જીત મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

સ્વસ્તિક સોસાયટીમાં આવેલા નિવાસસ્થાને આજે ઉમેદવારી નોંધાવતા પહેલાં સાંસદ પૂનમબેન માડમે પોતાના પિતા સ્વ.હેમંતભાઈ માડમની તસ્વીર સમક્ષ પ્રાર્થના કરી હતી તેમજ તેમના માતાના આશિર્વાદ મેળવ્યા હતાં. પૂનમબેને ભગવાનની પણ પૂજા કરી આશિર્વાદ લીધા હતાં. આ પછી તેઓ ભાજપના સિનિયર નેતાઓની સાથે ભાજપના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયે પહોંચ્યા હતાં અને ત્યાંથી જિલ્લા સેવા સદન ખાતે ઉમેદવારી નોંધાવવા ગયા હતાં.

ઉમેદવારી પત્ર રજૂ કરવા માટે પૂનમબેન માડમની સાથે કૃષિમંત્રી રાઘવજી પટેલ, પૂર્વ મંત્રી આર.સી.ફળદુ, પરમાણંદ ખટ્ટર, વસુબેન ત્રિવેદી, ચિમન સાપરિયા, જામનગરના ધારાસભ્ય દિવ્યેશ અકબરી, રિવાબા જાડેજા, વિધાનસભાના દંડક જગદીશ મકવાણા, જામનગરના મેયર વિનોદ ખિમસુર્યા, જામનગર લોકસભા બેઠકના ભાજપના સંયોજક ડો.વિનોદ ભંડેરી, શહેર ભાજપ પ્રમુખ ડો.વિમલ કગથરા, જાડાના પૂર્વ ચેરમેન દિલીપસિંહ ચુડાસમા વિગેરે જિલ્લા સેવા સદન પહોંચ્યા હતાં.

આજે બપોરે ૧૨:૩૯ કલાકે વિજયમુહૂર્તમાં પૂનમબેન માડમે જિલ્લા ચૂંટણી અધિકારી ભાર્ગવ પંડ્યા સમક્ષ પોતાનું ઉમેદવારીપત્ર રજૂ કર્યું હતું. ઉમેદવારીપત્ર રજૂ કર્યા બાદ મીડિયા સાથેની વાતચિતમાં પૂનમબેન માડમે કહ્યું હતું કે સમગ્ર દેશમાં ગુજરાતના પનોતા પુત્ર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની લહેર છે અને આ વખતની ચૂંટણીમાં જનતા જર્નાદન મોદીની ગેરેંટી તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કરાયેલા વિકાસકામોથી પ્રભાવિત થઈને પાંચ લાખથી વધુ મતની સરસાઈથી મને જીત અપાવશે તેવો વિશ્વાસ છે.

## રૂપાલાની ટીકીટ રદ્દ નહીં કરાતા ધોરાજી તાલુકા ભાજપના ક્ષત્રિય હોદ્દેદારોના સામુહિક રાજીનામા

**તાલુકા પ્રમુખને રાજીનામાના પત્રો સોંપાયા : રાજકારણ ધગ્યું : વિરૂધ્ધમાં મતદાનની પણ ચેતવણી અપાતા નવા સમીકરણો**

(સાગર સોલંકી / ધર્મેન્દ્ર બાબરીયા)

ધોરાજી, તા. ૧૯

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાની ટીકીટ રદ્દ નહીં કરાતા ધોરાજી તાલુકા ભાજપના ક્ષત્રિય હોદ્દેદારોએ તેમના હોદ્દા પરથી આજે ધડાધડ રાજીનામા ધરી દીધા હતા. ક્ષત્રિય સમાજના આ હોદ્દેદારોએ તેમના રાજીનામાના પત્રો તાલુકા ભાજપના પ્રમુખ મયુરભાઇને સોંપેલ હતા.

ક્ષત્રિય સમાજના આ હોદ્દેદારોએ આપેલા સામુહિક રાજીનામાથી તાલુકાનું રાજકારણ ધગધગી ગયું છે. તેની સાથે જ આ હોદ્દેદારોએ ભાજપની વિરૂધ્ધમાં મતદાન કરવાની પણ ચેતવણી આપતા નવા સમીકરણો સર્જાયા છે.



ધોરાજી તાલુકા ભાજપના ઉપપ્રમુખ પ્રતાપસિંહ ચુડાસમા, મંત્રી મહાવીરસિંહ સરવૈયા, મહિલા મોરચાના મહામંત્રી (તાલુકા ભાજપ) તારાબા વાઘેલા, ઉપપ્રમુખ ધોરાજી તાલુકા યુવા ભાજપ દિગુભા વાળા, મંત્રી દિવ્યરાજસિંહ વાઘેલા, કારોબારી સભ્ય અનિલસિંહ ચુડાસમા, પ્રમુખ (શકિત કેન્દ્ર) સત્યેન્દ્રસિંહ સરવૈયા, ઉપપ્રમુખ દશરથસિંહ જાડેજા, ઉપપ્રમુખ પ્રવિણસિંહ જાડેજા, બુથ પ્રમુખો સર્વશ્રી નિરૂભા વાઘેલા, વિજયસિંહ વાઘેલા, રાજેન્દ્રસિંહ વાઘેલા, ક્રિપાલસિંહ સરવૈયા, બકુલસિંહ સરવૈયા, લક્કીરાજસિંહ સરવૈયા, યુવરાજસિંહ જાડેજા, મહાવીરસિંહ જાડેજા, અનોપસિંહ જાડેજા, યશપાલસિંહ જાડેજા સહિતના હોદ્દેદારોએ સામુહિક રાજીનામા આપી દેતા તાલુકાના રાજકારણમાં ભૂકંપ સર્જાયો છે.

તાલુકા ભાજપના આ હોદ્દેદારોએ તેમજ કાર્યકરોએ ભાજપના પ્રાથમિક સભ્યપદેથી પણ રાજીનામા ધરી દીધા છે. અહીં એ ઉલ્લેખનીય છે. રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલી ટીપ્પણીથી ક્ષત્રિય સમાજમાં ઉગ્ર રોષ ભભુકી ઉઠયો છે અને આ બાબતે છેલ્લા કેટલાક સમયથી રૂપાલા સામે ક્ષત્રિય સમાજ દ્વારા આંદોલન ચલાવાઇ રહ્યું છે. જેમાં રૂપાલાની ટીકીટ રદ્દ કરવાની માંગ ઉઠાવાઇ હોવા છતાં રૂપાલાની ટીકીટ ભાજપ દ્વારા રદ્દ નહીં કરાતા ક્ષત્રિય સમાજ હવે આગબબુલા બની ગયો છે જેના પરિણામ સ્વરૂપ આજે ધોરાજી તાલુકા ભાજપના ક્ષત્રિય હોદ્દેદારોએ આજે સામુહિક રાજીનામા ધરી દેતા તાલુકાના રાજકારણમાં નવા સમીકરણો સર્જાયા છે.

## હૈદ્રાબાદમાં રેલીમાં ભાજપના ઉમેદવારના હવામાં તીર તાકવાના વિડીયોથી વિવાદ

હૈદ્રાબાદ તા.૧૯

લોકસભા ચૂંટણીને લઈને તેલંગારામાં રાજનીતિ ચરમ પર છે. અહીં એઆઈએમઆઈએમના નેતા ઔવેસી અને ભાજપના ઉમેદવાર માધવી લતા વચ્ચે ટકકર છે ત્યારે એક રેલીમાં માધવી લતા તીર ચલાવતી જોવા મળે છે અને તેમાં સામે મસ્જીદ દેખાતા ઔવેસી ભડકયા છે. માધવી તીર લઈ મસ્જીદ તરફ ઈશારો કરતી હોવાનો વિડીયો વાયરલ થયો છે. વિડીયોમાં જોવા મળે છે કે માધવી પોતાની પીઠ પર ભાથામાંથી તીર કાઢીને તેને ચલાવવાનો ઈશારો કરે છે. આ વિડીયોમાં જે તરફ માધવી ઈશારો કરે છે તે બાજુ મસ્જીદ હોવાનો દાવો કરવામાં આવ્યો છે.આ વિડીયો પર ઔવેસીએ કહ્યું હતુ કે હૈદરાબાદના લોકો ભાજપ અને આરએસએસના હથકંડાને ઓળખી ચૂકી છે. તેમણે આ મામલે કાર્યવાહી કરવાની ઈલેકશન કમીશનને માંગ કરી છે.બીજી બાજુ માધવી લતાએ પોતાનો બચાવ કરતા કહ્યું છે કે આ બધુ જુઠું છે. જો કોઈની ધાર્મિક લાગણી દુલાઈ હોય તો માફી માગું છું. માધવી લતાએ કહ્યું હતું કે આ અધુરો વિડીયો છે અને તેમાં મસ્જીદ કયાંથી આવી ગઈ, હું તો હવામાં તીર ચલાવતી હતી.

**ઈરાન–ઈઝરાયેલના રોકેટમારા વચ્ચે મસ્કની પ્રતિક્રિયા**

## આપણે એકબીજા પર નહીં, તારાઓમાં રોકેટ મોકલવા જોઈએઃ એલન મસ્ક

નવીદિલ્હી તા.૧૯



ઈઝરાયેલે આજે ઈરાન પર કાર્યવાહી હાથ ધરતા ટેસ્લાના માલિક એલન મસ્કની પ્રતિક્રિયા બહાર આવી છે, તેમણે બન્ને દેશોને શાંતિથી અપીલ કરી છે તેમણે એકસ પર એક પોસ્ટ પણ લખી છે, જેમાં તેણે એક રોકેટની તસ્વીર શેર કરી છે. મસ્કે લખ્યું છે- આપણે એકબીજા પર નહીં, બલકે તારાઓ પર રોકેટ મોકલવા જોઈએ.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ઈરાને ઈઝરાયેલ પર મિસાઈલ હુમલા કર્યા હતા જેના જવાબમાં આજે ઈઝરાયેલએ પલટવાર કર્યો હતો.

## ભારત નિર્મિત બ્રહ્મોસ મિસાઈલાનો પ્રથમ સેટ ફિલીપાઈન્સ જવા રવાના

**બે વર્ષ પહેલા થયો હતો ૩૭૫ મિલિયન ડોલરમાં સોદો**

નવીદિલ્હી તા.૧૯



ભારતે ફિલીપાઈન્સને બ્રહ્મોસ સુપરસોનિક મિસાઈલોનો પુરવઠો પહોંચાડવાનું શરૂ કરી દીધું છે. જે અંતર્ગત બ્રહ્મોસ સુપર સોનિક મિસાઈલોનો પહેલો સેટ ફિલીપાઈન્સ રવાના કરી દીધો છે. બન્ને દેશો વચ્ચે વર્ષ ૨૦૨૨માં આ હથીયાર પ્રણાલીને લઈને ૩૭૫ મિલીયન અમેરિકી ડોલરમાં સોદો થયો હતો. ભારતીય વાયુસેના (આઈએફ) મિસાઈલોની પોતાનું સી-૧૭ ગ્લોબ માસ્ટર માલવાહક વિમાન ફિલીપાઈન્સ મોકલી રહ્યું છે. ફિલીપાઈન્સ સાથે આ ડીલ ત્યારે બની છે જયારે દક્ષિણ ચીન સાગરમાં સતત થતી અથડામણોના કારણે તેનો ચીન સામે તનાવ વધી રહ્યો છે.

## પોલીસના ઓબ્ઝર્વર સાથે પોલીસ કમિશનરની બેઠક

**પોલીસ અધિકારીઓ–કર્મચારીઓની સંખ્યા, ચૂંટણી તૈયારી અંગે સમીક્ષા કરી**

રાજકોટ, તા.૧૯

લોકસભાની ચૂંટણી સંદર્ભે ગત રોજ રાજકોટમાં પોલીસના ઓબ્ઝર્વર ચંદન કુમાર ઝા નું આગમન થયું હતું. ત્યારે આજે પોલીસ કમિશનર સાથે પોલીસના ઓબ્ઝર્વરે બેઠક કરી હતી. તેઓએ પોલીસ અધિકારીઓ-કર્મચારીઓની સંખ્યા, ચૂંટણી તૈયારી અંગે સમીક્ષા કરી હતી.

ઉલ્લેખનીય છેકે, રાજકોટ લોકસભાની ચૂંટણી પ્રક્રિયા માટે જનરલ ઓબ્ઝર્વર માટે ભવાનીસિંહ દેઠા અને પોલીસના ઓબ્ઝર્વર તરીકે ચંદનકુમાર ઝાની નિયુકિત ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવી હતી. આ બન્ને ઓબ્ઝર્વર ગઈકાલે સાંજે રાજકોટ આવી પહોંચ્યા હતા. જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશી અને પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જિલ્લા પોલીસ વડા નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડે તેમને આવકાર્યા હતા. ભવાનીસિંહ દેઠા એ રાજસ્થાનના પ્રિન્સીપલ સેક્રેટરી છે. જયારે પોલીસના ઓબ્ઝર્વર તરીકે નિમાયેલા ચંદનકુમાર ઝા એ ઝારખંડના આઈપીએસ અધિકારી છે. આ બન્ને ઉચ્ચ અધિકારીઓ હવે રાજકોટ બેઠકની ચૂંટણી પ્રક્રિયા પર બન્ને ઉચ્ચ અધિકારીઓ નજર રાખશે.

ચંદન કુમાર ઝાએ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, રાજકોટ જિલ્લા પોલીસ વડા, નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડ સહિતના પોલીસ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. આચારસંહિતાને લઈ રાજકોટ શહેર પોલીસ અને ગ્રામ્ય પોલીસે કેટલી કામગીરી કરી છે. ચૂંટણીને લઈ કેટલી તૈયારી છે. બંદોબસ્તનો શું પ્લાન રહેશે. વગેરે બાબતે બેઠકમાં ચર્ચા થઈ હોવાનું જાણવા મળે છે. આગામી સમયમાં ઓબ્ઝર્વર ચંદનકુમાર ઝા રાજકોટ બેઠકના સંવેદનશીલ વિસ્તારોની મુલાકાત લઈ શકે છે.

**ભાજપ ઉમેદવારને મોટી રાહત ! ક્ષત્રિય સમાજે ફોર્મ ન ભર્યા : હવે શું કરશે ? ચર્ચા**

## ક્ષત્રિય સમાજની સાંજે સંકલન બેઠક : ભાવિ રણનીતિ પર મીટ

રાજકોટ, તા. ૧૯

રૂપાલા સાથે ક્ષત્રિયોના વિવાદ બાદ ભારે ચર્ચાસ્પદ બનેલી રાજકોટ લોકસભા બેઠક ઉપર આજરોજ ફોર્મ ભરવાના અંતિમ દિવસે ક્ષત્રિય સમાજ દ્વારા આશ્ચર્યજનક રીતે એક પણ ફોર્મ નહીં ભરાતા ભાજપ ઉમેદવાર પરસોતમ રૂપાલા ને મોટી રાહત થઇ છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં રાજકોટ લોકસભા બેઠક માટે ફોર્મ ઉપાડનાર ક્ષત્રિય સમાજે તેના ૧૦૦થી વધુ ઉમેદવારો ઉભા રાખવાની જાહેરાત કરી હતી.

આ જાહેરાત બાદ ગઇકાલે ફોર્મ ઉપાડવાના અને રજુ કરવાનાં એક દિવસ રહ્યા બાદ ક્ષત્રિય સમાજે એક પણ ફોર્મ ભર્યુ ન હતું. જયારે આજે ફોર્મ ભરવાનાં અંતિમ દિવસે પણ ક્ષત્રિય સમાજે એક પણ ફોર્મ રજૂ કરેલ ન હતું. ત્યારે હવે ક્ષત્રિય સમાજ કોઇ નવી સ્ટ્રેટેજી અપનાવશે કે રણનીતિ બદલવામાં આવી છે તેવી અટકળો થવા લાગી છે.

ઉલ્લેખનીય બાબત એ પણ છે કે આજરોજ સાંજે ફરી ક્ષત્રિય સમાજની સંકલન બેઠક મળનાર છે. જેમાં હવે શું રણનીતિ ઘડાશે તેના ઉપર મીટ મંડાઇ છે.

## વેલનાથપરામાં ગૃહ કંકાસથી કંટાળી યુવાનનો ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ

રાજકોટ. તા.૧૯

વેલનાથપરા સોસાયટીમા રહેતાં એક યુવાને ઘર કંકાસથી કંટાળી ફિનાઈલ પી આપઘાનો પ્રયાસ કરતાં સારવારમાં ખસેડાયો હતો. બનાવ અંગે વેલનાથ સોસાયટીમાં ખોખડદળ નદી નજીક રહેતા પ્રવીણભાઈ છગનભાઇ માલકીયા (ઉ.વ.૩૨) એ પોતાના ઘરે ફિનાઇલ પી લેતાં સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી. વધુમાં મળેલ વિગત મુજબ, દંપતી વચ્ચે અવાર-નવાર થતા ઝઘડાથી કંટાળીને પગલું ભર્યાનું પ્રાથમિક તારણ સામે આવ્યું હતું.

## શેરબજાર

(પહેલા પાનાનું ચાલું)

શેર બ્રોકરોના કહેવા પ્રમાણે યુદ્ધના ભયના કારણે પ્રારંભીક ગભરાટ હતો તે પછી ઓસરી જતાં માર્કેટ તેજીમાં આવી ગયું હતું હવે બે દિવસ વીકએન્ડની રજા છે. આ દરમિયાન નવા કોઇ પ્રત્યાઘાતો ન પડે તો માર્કેટની તેજીને કોઇ આંચ આવે તેમ નથી.શેરબજારમાં આજે એક્સીસ બેંક, બજાજ ફાઇનાન્સ, ભારતી એરટેલ, એચડીએફસી બેંક, હિન્દ લીવર, આઇસીઆઇસીઆઇ બેંક, ઇન્ડુસઇન્ડ બેંક, જેએસડબલ્યુ સ્ટીલ, મહિન્દ્ર, મારૂતી, પાવર ગ્રીડ, રીલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા સ્ટીલ, ટાઇટન જેવા શેરોમાં ઉછાળો હતો. ઇન્ફોસીસ, લાર્સન, ટાટા મોટર્સ, ટીસીએસ, બજાજ ઓટો, એચસીએલ ટેકનો, નેસ્લે જેવા શેરો નબળા હતા.

મુંબઇ શેરબજારનો સેન્સીટીવ ઇન્ડેક્સ ૬૦૨ પોઇન્ટના ઉછાળાથી ૭૩૦૯૧ સાંપડયો હતો જે ઉંચામાં ૭૩૨૧૦ તથા નીચામાં ૭૧૮૧૬ હતો. નીફ્ટી ૧૫૮ પોઇન્ટ ઉંચકાઇને ૨૨૧૫૪ હતો જે ઉંચામાં ૨૨૧૭૯ તથા નીચામાં ૨૧૭૭૭ હતો.

સોના-ચાંદીમાં પણ પ્રારંભીક ઉછાળા બાદ સ્થિરતા આવી ગઇ હતી. કોમોડીટી એક્સચેંજમાં સોનુ ૨૦૦ રુપિયા ઉંચકાયા બાદ માઇન્સમાં આવી ગયું હતું. હાજર સોનુ ૭૫૮૫૦ હતું રૂપિયા તથા ક્રુડ તેલમાં પણ પ્રારંભીક વધઘટ શાંત પડી ગઇ હતી.

## ભૂકંપ

(પહેલા પાનાનું ચાલું)

૧૬ કીમી દુર દક્ષિણ-દક્ષિણ પુર્વમાં હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ગત ૧૨મી એપ્રિલે આ જ ક્ષેત્રમાં ઉપરાઉપરી ચાર આંચકા અનુભવાયા હતા અને તેનુ કેન્દ્રબિંદુ રાજકોટથી દક્ષિણ-દક્ષિણપુર્વમાં ૧૭ કીમી દુર હતુ. આજના આંચકાનુ કેન્દ્રબિંદુ એક કીમી નજીક માલુમ પડયુ હતું.

ભૂકંપના આ આંચકાની અસર રાજકોટ સુધી અનુભવાઈ હતી. રાજકોટની બહુમાળી ઈમારતો સહિત અનેક ભાગોમાં લોકોએ આંચકો અનુભવ્યો હતો અને ફફડાટ સર્જાયો હતો. શાપરમાં ભયભીત લોકો કારખાના-ઓફીસોમાંથી બહાર નીકળી ગયા હતા. આંચકાનુ ડયુરેશન વધુ હોવાનો લોકોનો દાવો હતો.

સપ્તાહ પુર્વે આ જ ક્ષેત્રમાં ધરતીકંપના ચાર આંચકાને પગલે સિસ્મોલોજી વિભાગની ટીમ પણ સર્વે માટે આવી હતી. ઉપરાંત શાપરમાં ભૂકંપમાપક યંત્ર મુકવાનો પણ નિર્ણય લેવાયો હતો.

## મતદાન

(પહેલા પાનાનું ચાલું)

રાજ્યમાં ભારે ગરમીના યલ્લો એલર્ટ વચ્ચે પણ મતદારોએ મતદાન મથક પર કતાર લગાવી હતી અને બપોર સુધીમાં ૪૦ ટકા જેવા મતો પડયા છે. મહારાષ્ટ્રની પાંચ લોકસભા બેઠકમાં ૩૬ ટકા, મધ્યપ્રદેશ, બિહાર, રાજસ્થાન, જમ્મુ કાશ્મીર, આસામ તેમજ ઉત્તર પૂર્વના રાજ્યોમાં ૪૦ થી ૫૦ ટકા વચ્ચે મતદાન નોંધાયું છે. જેમાં આજે પશ્ચિમ બંગાળમાં એક-બે મતદાન મથકો ઉપર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કાર્યકર્તાઓ વચ્ચે ટકર થઇ હતી જ્યારે મણિપુરમાં એક મતદાન મથકો પર બંદૂકધારીઓ ઘૂસ્યા હતા અને હવામાન ગોળીબાર કરીને મતદાનોને ડરાવવા કૌશીશ કરી હતી જો કે તુર્ત જ સલામતી દળોએ પરિસ્થિતિ સંભાળી લીધી હતી. આજના મતદાનમાં આઠ કેન્દ્રીય મંત્રીઓ સહિત અનેક ટોચના રાજકીય નેતાઓના ભાવિ એવીએમમાં કેદ થશે અનેક બેઠકો પર રસપ્રદ જંગ છે અને ખાસ કરીને તામિલનાડુ કે જ્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેની તમામ તાકાત લગાવીને રાજ્યમાં પ્રથમ વખત લોકસભા માટે ભાજપનું ખાતુ ખુલે તે માટે સાત વખત રાજ્યનો પ્રવાસ કર્યો હતો. ત્યાં ડીએમકે અને અન્ના ડીએમકેની ટક્કર વચ્ચે ભાજપ બે કે ત્રણ બેઠકો પર વિજય મેળવવા આશાવાદી છે. આજના મતદાન પછી હજુ વધુ છ તબકકામાં મતદાન થશે અને તા.૧ જુનના રોજ મતદાન પ્રક્રિયા પૂરી થયા બાદ તા.૪ના દેશભરમાં મત ગણતરી એક સાથે યોજાશે. આજના મતદાનની સાથે સિક્કીમ અને મેઘાલયમાં લોકસભા સાથે વિધાનસભા ચૂંટણીઓ સાથે મતદાન થઇ રહ્યું છે અને સાંજે ૬ વાગ્યા સુધીમાં મતદાનની ટકાવારી ઉંચી આવવાની શક્યતા છે. આજ સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચાર પ્રાદેશિક સહિત છ ભાષામાં પોસ્ટ મુકીને વધુને વધુ લોકોને મતદાન કરવા અપીલ કરી હતી.

# ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણક મહોત્સવની ઉજવણીમાં જૈનસમાજ રસતરબોળ: કાલે એનીમેશન શોનું આયોજન

## ધર્મયાત્રા ધર્મસભાના અધ્યક્ષ બનતાં દામિનીબેન કામદાર:જૈન શ્રેષ્ઠી જીતુભાઈ બેનાણી દ્વારા ફલોટસને સબસીડી, વેષભૂષા સ્પર્ધાના તમામ સ્પર્ધકો, નવપદના ૧૦૮ બાળકોને ગીફ્ટ અને વિજેતાઓને ઈનામો અપાશે: રંગોળી સ્પર્ધા યોજાઈ






રાજકોટ,તા.૧૯

આગામી તા.૨૧મીના રાજકોટના સમસ્ત જૈન સમાજ તથા જૈનમના ઉપક્રમે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણક મહોત્સવની ઉજવણી અંતર્ગત ભવ્યતિ ધર્મયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. આ અંગેની વિશેષ માહિતી આપવા સાંજ સમાચાર કાર્યાલય પર ટીમ જૈનમના સેજલભાઈ કોઠારી, શૈલેષભાઈ માઉ, રાજેશભાઈ મોદી, ધીરેન ભરવાડ, હિતેશ શાહ, કૌશિક કોઠારી, હિમાંશુ પારેખ, અમિત લાખાણી, જયદેવ સંઘાણી, વિશાલ મહેતા, વોરા, રાકેશ શેઠ, ઉમંગ ગોસલીયા વગેરે આવેલા હતાં.

ધર્મયાત્રા - ધર્મસભાનાં અધ્યક્ષ બનતા શ્રીમતિ દામીનીબેન પીયુષભાઈ કામદાર જૈન શ્રેષ્ઠીવર્ય જીતુભાઈ બેનાણી દ્વારા ફલોટ્સને સબસીડી, વેશભુષા સ્પર્ધાનાં તમામ સ્પર્ધકો, નવ પદનાં ૧૦૮ બાળકોને ગીફ્ટ અને વિજેતાને ઈનામો અપાશે

આગામી ૨૧ એપ્રીલ-૨૦૨૪નાં રોજ જૈનમૂનાં સંકલન દ્વારા રાજકોટનો સમસ્ત જૈન સમાજ ભગવાનશ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક મહોત્સવમાં આ વખતની ભવ્ય અને દર્શનીય ધર્મયાત્રા મહાવીર જન્મ કલ્યાણક નિમિતે થવા જઈ રહી છે જેમાં અનેકવિધ ફલોટ, અનુકંપારથ, પ્રભુજીનો ચાંદીનો રથ, વિરપ્રભુનું પારણું, મ્યુઝીકલ બેન્ડ, કળશધારી બહેનો, વેશભુષામાં સજ્જ બાળકો જોડાવવાના છે એવી સુંદર ધર્મયાત્રા અને ધર્મયાત્રા પૂર્ણ થયે યોજાનાર ધર્મસભા કે જેમાં અનેક સાધુ-સાધ્વીજી ભગવંતો આર્શિવચન પાઠવશે, સમાજ શ્રેષ્ઠીઓ પ્રેરક ઉદ્બોધન આપશે, અલગ અલગ સ્પર્ધાનાં વિજેતાઓને ઈનામોથી નવાઝવામાં આવશે. તેવી ધર્મસભા તથા ધર્મયાત્રાનાં આ વખતનાં અધ્યક્ષ તરીકે જાણીતા ઉદારદીલા દાનવીર દાતા એવા શ્રીમતિ દામીનીબેન પીયુષભાઈ કામદારની વરણી કરવામાં આવી છે.

ધર્મયાત્રામાં જોડાતા તમામ ફલોટ ધારકોને આર્થિક સહયોગ મળી રહે તેવા હેતુથી ખર્ચને પહોંચી વળવા માટે સબસીડી, જન્મ કલ્યાણકનાં દિવસે યોજાતી વેશભુષા સ્પર્ધાનાં તમામ સ્પર્ધકોને ગીફ્ટ તેમજ આ સ્પર્ધામાં વિજેતા થનાર બાળકોને ઈનામો આ ઉપરાંત નવ નવકાર મંત્રનાં પદનાં સ્ટેજ જેમાં કુલ ૧૦૮ બાળકો ધર્મયાત્રાને સ્વાગત કરવાનાં છે તમામ બાળકોને એક સુંદર ગીફ્ટ જાણીતા જૈન અગ્રણી જીતુભાઈ બેનાણી દ્વારા આપવામાં આવનાર છે.

ધર્મયાત્રામાં જોડાનાર અનુકંપા રથ કે જેમાંથી ધર્મયાત્રાનાં રૂટ ઉપર ભાવિકોને પ્રભાવના વિતરણ કરવામાં આવશે તેનો લાભ નીતીનભાઈ કામદાર (જુલીયાના ફેશન) દ્વારા લેવામાં આવીયો છે. ધર્મસભા પૂર્ણ થયે લાડુંની પ્રભાવના શ્રી હરેશભાઈ વોરા તથા રાજુભાઈ પારેખ દ્વારા કરવામાં આવનાર છે. હાલમાં પડી રહેલ ભયંકર તડકાનાં માહોલમાં શ્રાવકોને રક્ષણ માટે હિતેશભાઈ મહેતા દ્વારા ૫૦૦ ટોપીનું વિતરણની સેવા કરવામાં આવનાર છે.

તા.૨૦ ને શનિવારનાં રોજ રાત્રે ૮.૦૦ કલાકે યોજાનાર એનીમેશન શોનું સાંજ સમાચારનાં યુવા એડીટર કરણભાઈ શાહ તથા દાદાવાડી જિનાલય, માંડવી ચોકનાં પ્રમુખ જીતુભાઈ દેસાઈ દ્વારા ઉદઘાટન કરવામાં આવશે. વેશભુષા સ્પર્ધા કે જેમાં મોટી સંખ્યામાં બાળકો ભાગ લઈ રહયા છે તેવી આ સ્પર્ધાનાં સ્ટેજને ખારા પરિવારનાં વડીલો

વિરેન્દ્રભાઈ ખારા, ગીરીશભાઈ ખારા, જિતેન્દ્રભાઈ ખારા, સુનીલભાઈ ખારા વિગેરે કરકમલો દ્વારા ખુલ્લુ મુકવામાં આવશે.ભગવાન મહાવીર સ્વામીનાં બાળ સ્વરૂપને પ્રભુજીનું પારણું બનાવી ઝુલાવવામાં આવશે આ પારણામાં ચાંદીથી બનેલા ૧૪ સ્વપનો, ફળફળાદી વિગેરેથી સજાવટ કરી બનાવવામાં આવશે. જે જોવું એ એક લ્હાવો છે. આ પ્રભુજીનું પારણું ને દાતા પ્રદિપભાઈ વોરા દ્વારા દર્શનાથીઓ માટે ખુલ્લુ મુકવામાં આવશે. રવિવારનાં રોજ જે પણ દેરાસરમાં ભગવાન મહાવીર સ્વામી બિરાજમાન છે તે તમામ દેરાસરમાં પ્રભુજીની પ્રતીમા ને વિશેષ આંગી જૈનમ દ્વારા કરવામાં આવશે.

### સાતાકારી સેવા

ધર્મયાત્રાનાં રૂટ ઉપર ઠેર ઠેર યાત્રામાં જોડાયેલ શ્રાવકો માટે સાતાકારી સેવા અનેક સંસ્થા પરિવાર દ્વારા કરવામાં આવનાર છે જેમાં કસ્તુરબા રોડ ખાતે સાંજ સમાચાર કોર્પોરેટ હાઉસ ખાતે સાંજ સમાચાર પરિવાર દ્વારા શરબત, સર્કિટ હાઉસ પાસે શ્રીમદ રાજચંદ્ર જ્ઞાન મંદિર દ્વારા લીંબુ પાણી, ફુલછાબ ચોક ખાતે ફુલછાબ દૈનિક પરિવાર દ્વારા સરબત, મોટી ટાંકી ચોક ખાતે નેમીનાથ વિતરાગ યુવક મંડળ દ્વારા પેકડ બોટલ, એવરસાઈન હોટલ સામે કિશોરભાઈ દોશી દ્વારા છાસ, લીમડા ચોક ખાતે પંચનાથ મંદિર દ્વારા છાસ, ત્રિકોણ બાગ ખાદી ભવન પાસે સુખડીયા કંદોઈ સમાજ દ્વારા શરબત, બાપુનાં બાવલા પાસે જેએસજી રાજકોટ એલીટ ગ્રુપ દ્વારા પેક્ડ બોટલ, રાજેશ્રી સીનેમા પાસે સ્થાનકવાસી પ્રતિક્રમણ મંડળ દ્વારા ઠંડા પીણાની બોટલ, દિવાનપરા પોલીસ ચોકી પાસે જયભાઈ ખારા, મનીષભાઈ કામાણી, જીતેશભાઈ મહેતાનાં સહયોગથી વરીયાળીનું સરબત વિગેરેની સેવા આપવામાં આવનાર છે.

### રંગોળી સ્પર્ધા

ગઈકાલે યોજાયેલ રંગોળી સ્પર્ધામાં ૨૪ તિર્થંકરો જેટલી સંખ્યામાં ૨૪ સ્પધર્કોએ હોંશભેર ભાગ લીધો હતો. આ રંગોળી સ્પર્ધાનું ઉદઘાટન શ્રીમતિ દામીનીબેન પીયુષભાઈ કામદાર, શ્રીમતિ ઝરણાબેન વિભાશભાઈ શેઠ, જાગૃતિબેન કમલેશભાઈ શાહ નાં કરકમલો દ્વારા કરવામાં આવેલ હતું. ઉપરાંત સ્પર્ધા દરમ્યાન મોનીટરીંગ અને બાળકોને પ્રોત્સાહન શ્રીમતિ કાજલબેન જુગલભાઈ દોશી અને કામીનીબેન ભાવીનભાઈ ઉદાણી દ્વારા કરેલ, આ તમામ સ્પર્ધકોને સન્માન પત્ર તથા રોકડ પુરસ્કારનાં કવર અંકીતાબેન જયભાઈખારા, રૂપલબેન સેતલભાઈ સોલંકી, કવિતાબેન પારસભાઈ શેઠ નાં વરદહસ્તે એનાયત કરવામાં આવેલ હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ચિત્રનગરીનાં રૂપલબેન સેતલભાઈ સોલંકી,હેમાબેન મુકેશભાઈ વ્યાસ તથા અન્ય પરિવારનાં શ્રીમતિ કવિતાબેન પારસભાઈ શાહ, શીતલબેન અમીષભાઈ દેસાઈ, વિરબેન ભાવિકભાઈ શાહ એ સેવા આપેલ હતી.

આજરોજ બપોરે ૪ થી ૬ દરમ્યાન ઓપન રાજકોટ ચિત્ર સ્પર્ધા યોજાનાર છે જેમાં ૧૦૦ થી વધુ સ્પર્ધકો ભાગ લેનાર છે. આ બન્ને સ્પર્ધાનાં રંગોળી અને ચિત્રો નીહાળવા માટે તા.૨૧-૪-૨૦૨ રવિવાર સુધી સવારે ૮.૦૭)થી રાત્રે ૧૦.કકલાક સુધી વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેનો તમામ જૈન સમાજ અને અન્ય સમાજનાં ભાઈ-બહેનોએ બહોળી સંખ્યામાં લાભ લે તેવી અપીલ કરવામાં આવી છે.

મહાવીર સ્વામી જન્ક કલ્યાણક મહોત્સવ નિમિતે આયોજીત અનેકવિધ કાર્યક્રમનું સંકલન જૈનમનાં જીતુભાઈ કોઠારી, સુજીતભાઈ ઉદાણી તથા જયેશભાઈ વસા દ્વારા કરવામાં આવી રહયું છે, અને વ્યવસ્થા માટે બનેલી અલગ અલગ કમીટીનાં મિત્રો દ્વારા તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહયો છે.

## ત્રિશલાનંદન વીરના જન્મ વધામણાના પાવન અવસરે

# રવિવારે જાગનાથ જિનાલયમાં ભવ્યાતિત મહાપૂજા, પરમાત્માની લાખેણી આંગી દર્શન: તૈયારીઓ પુરજોશમાં

## જિનાલયના રંગમંડપમાં રંગોળી: પરમાત્માને હીરા, માણેક, મોતી, પન્નાની ભવ્ય આંગી: ભકિત સંગીત, મહાઆરતી સહિતના દિવ્ય આયોજનો: જિનાલયને સુશોભન અને રોશનીની શણગાર: હજારો જૈન-જૈનેતરો લેશે દર્શનનો લાભ



રાજકોટ તા.૧૯

રાજકોટ જૈન તપગચ્છ સંઘ-રાજકોટ સંચાલિત શ્રી મહાવીર સ્વામી જિનાલય (જાગનાથ દેરાસર)માં તા.૨૧મીના રવિવારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણક પ્રસંગે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્યાતિભવ્ય મહાપૂજા, ભવ્ય આંગી દર્શનનું આયોજન કરવામાં આવેલ છે.

જાગનાથ જિનાલયમાં મૂળનાયક રૂપે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બિરાજમાન છે તેમ પ્લોટ દેરાસરમાં પણ મૂળનાયક રૂપે શ્રી મહાવીર સ્વામી બિરાજમાન છે પ્લોટ દેરાસરમાં પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્યાતિત આંગી રચાશે.

### વિશિષ્ટતા

જાગનાથ જિનાલયમાં ભવ્ય રોશનીનો શણગાર તથા દેવ વિમાનની અનુભૂતિ કરાવતું જાજરમાન મનમોહક સુશોભન કરાશે. જિનાલયના રંગમંડપમાં વીર પ્રભુના દ્રશ્યની રજૂઆત ભવ્ય રંગોળી દ્વારા કરવામાં આવશે.

મૂળનાયક શ્રી મહાવીર સ્વામીને હીરા, મોતી, માણેક, પન્નાના જડતરની ભવ્ય અંગ રચનાના દર્શન ભાવિકો કરી શકશે.

### ભકિત સંગીત

જાગનાથ જિનાલયે સાંજે ૭થી ૧૧ સુધી ભકિત સંગીતનું આયોજન કરવામાં આવેલ છે.

જૈન સમાજના જાણીતા ભકિતકારો શૈલેષભાઈ વ્યાસ, ધર્મેશભાઈ દોશી, નીલેશભાઈ ટોળીયા જૈન સ્તવનોની પ્રસ્તુતિ કરીને ભાવિકોને ભકિતમાં રસ તરબોળ કરશે.

### સંગીતમય આરતી

સંધ્યાકાળે સંગીતના સથવારે ભકિતમય વાતાવરણમાં વીર પ્રભુ, આદેશ્વર દાદા તથા શ્રી માણિભદ્ર વીરની ભવ્ય આરતી યોજાશે.

### ભવ્યાતિભવ્ય મહાપૂજા

નવ નિર્મિત જિનાલયની ભવ્યાતિભવ્ય મહાપૂજાને પૂ.શ્રી બૌધ્ધિદર્શન વિજયજી મ. પોતાના આશીર્વચન- માંગલીક દ્વારા આપશે આ પ્રસંગે રાજકોટમાં બિરાજમાન સર્વ સાધુ-સાધ્વીજી ભગવંતો દર્શનાર્થે પધારશે.

મહાપૂજામાં જૈન શ્રેષ્ઠીઓ, દરેક સંઘોના ટ્રસ્ટીઓ ખાસ ઉપસ્થિત રહીને પ્રભુ ભકિત તથા પ્રભુદર્શનનો લાભ લેશે.

મહાપૂજાના મુખ્ય લાભાર્થી ગુલાબચંદ કિરચંદ લોદરીયા (હસ્તે રાજુભાઈ) પરિવાર છે. જયારે સહાયક દાતા શ્રીમતી ઈંદીરાબેન અનંતરાય કામદાર (જુલીયાના ફેશની તતા સ્વ. ભારતીબેન ભુપતલાલ લાઠીયા પરીવાર છે.

### ભવ્ય આંગી

જાગનાથ જિનાલયમાં બિરાજમાન શ્રી મહાવીર સ્વામી, શ્રી આદિનાથ પરમાત્મા તથા અન્ય જિનબિંબોની ભવ્યાતિત આંગી કરવામાં આવશે.

જિનાલયના રંગમંડપ તથા પ્રભુજીની આંગી રચનાના સુશોભન માટે શ્રેણિકભાઈ દોશીની આગેવાની હેઠળ રાજકોટ જૈન તપગચ્છ સંઘના યુવા ભાઈ બહેનો મહેનત કરી રહ્યા છે.

### દર્શનનો સમય

મહાપૂજા તથા આંગીદર્શનનો સમય સાંજના ૬થી ૧૨ સુધીનો રાખવામાં આવેલ છે.

પ્રભુ મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ અંતર્ગત રાજકોટમાં છેલ્લા દસ દિવસથી થતા વિવિધ કાર્યક્રમોની પૂર્ણાહુતિ રૂપ શ્રી જાગનાથ જિનાલયની ભવ્યાતિભવ્ય મહાપૂજા, આંગી દર્શન તથા પ્રભુ ભકિતમાં રાજકોટના તમામ જૈન ફીરકાઓના ભાવિકો ઉપસ્થિત રહેનાર છે.

### તૈયારીનો ધમધમાટ

જાગનાથ જિનાલયમાં તા.૨૧મીના રવિવારના યોજવામાં આવેલ મહાપૂજા તથા અન્ય દર્શનનો લાભ ભાવિકોને મળે તે માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

ઉપરોકત પ્રસંગે જૈન-જૈનેતરોને પધારવા રાજકોટ જૈન તપગચ્છ સંઘના પ્રમુખ જીતુભાઈ ચા વાળા તથા તમામ ટ્રસ્ટીગણ, જાગનાથ જિનાલયના કન્વીનર એડવોકેટ તરૂણભાઈ કોઠારી, સહ કન્વીનર એડવોકેટ જયંતભાઈ મહેતા, ઈન્ચાર્જ દિલીપભાઈ ટોળીયાના માર્ગદર્શન હેઠળ, જિનાલય કમીટીના સર્વે સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# આત્મીય ગ્રુપની એમ. એન્ડ એન. વિરાણી સાયન્સ (ઓટોનોમસ) કોલેજને NAAC દ્વારા A++ ગ્રેડ થયો પ્રાપ્ત





રાજકોટ, તા.૧૯

સર્વોદય કેળવણી સમાજ' સંચાલિત એમ.એન્ડ એન.વિરાણી સાયન્સ (ઓટોનોમસ) કોલેજ વર્ષોથી વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શૈક્ષણિક ગુણવત્તા અને ઉત્તરોત્તર માળખાકીય સુવિધાઓવાળું શિક્ષણ નિરંતર પૂરી પાડતી રહી છે.

અધ્યાપન અને સંશોધન જ નહીં, 'પેપર રિસાયકિંલગ યુનિટ'- પરિવર્તન, 'એગ્રી વેસ્ટ ટુ વેલ્થ પ્રોજેકટ્સ - સર્જન, 'કન્સયુમર કેમિકલ' - સમર્થ તથા 'ટેરેસ ગાર્ડનિંગ' - નિરામય વગેરે સસ્ટેનેબલ ડેવલોપમેન્ટના પ્રકલ્પોથી વિદ્યાર્થીઓ સામાજિક અને શૈક્ષણિક ઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે તેમજ કોલેજની એન.સી.સી., એન.એસ.એસ. તથા સ્પોર્ટ્સ એકિટવિટીઝ વિદ્યાર્થીઓને તંદુરસ્ત બનાવતી રહે છે. આ રીતના શિક્ષણકાર્યથી વિદ્યાર્થીઓ પોતાના જીવનજગતમાં સફળતાના દરેક સોપાનો સર કરી રહ્યા છે. નવીનતા, નૈતૃત્વ અને વ્યવસ્થાપન તેમજ નામાંકિત કંપનીઓના કેમ્પસ ઈન્ટરવ્યૂ જેવી સતત ચાલતી પ્રવૃતિઓને લીધે ભણતર દરમ્યાન જ વિદ્યાર્થીઓને સારી એવી જોબ મળી જાય છે. આ સઘળી પ્રવૃતિઓને જોતા એમ. એન્ડ એન. વિરાણી સાયન્સ કોલેજને ગઅઅઈ સાઈકલમાં દર વખતે ઉચ્ચ A+ તથા A++ ગ્રેડ પ્રાપ્ત થતો આવ્યો છે.

'સર્વોદય કેળવણી સમાજ'ના સેક્રેટરી પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીજીના માર્ગદર્શન અને આશીર્વાદથી આ વર્ષ ૨૦૨૩-૨૪ માં પણ એમ.એન્ડ એન. વિરાણી સાયન્સ કોલેજને પ્રિન્સીપાલ ડો. કાર્તિક લાડવાની અધ્યક્ષતામાં A+ ગ્રેડ અંકિત થતા કોલેજના પ્રોફેસરો, વર્તમાન અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ, શૈક્ષણિક અને અને બિન-શૈક્ષણિક સ્ટાફ વગેરે ધન્યતાની લાગણી અનુભવી રહ્યા છે.

# સંતશ્રી ભોજલરામ ફાઉન્ડેશન દ્વારા ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ પાટીદાર પ્રીમિયર લીગનું ધમાકેદાર આયોજન

## ગુજરાતની ૬૪ ટીમ ભાગ લેશે: ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલ અને પોલીસ કમિશનર રાજુ ભાર્ગવના હસ્તે શુભારંભ થશે

રાજકોટ:તા ૧૯

રાજકોટના ઉપલા કાંઠે સંતશ્રી ભોજલરામ ફાઉન્ડેશન દ્વારા ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ પાટીદાર પ્રીમિયર લીગનું ધમાકેદાર આયોજન સાથે અલ્ટ્રા પાટીદાર પ્રીમિયર લીગ યોજાશે. આ ટુર્નમેન્ટમાં કુલ ગુજરાત ની ૬૪ ટીમ રમશે. સાથે આ વખતે કંઈક નવા આઈપીએલ ફોર્મેટ સાથે અલ્ટ્રા પાટીદાર પ્રીમિયર લીગમાં ૮ ફ્રેન્ચાઈસીસ ભાગ લેશે. જેમા સાવલિયા આઈ ચેલેન્જર્સ, આરવી એવિએટર, બાલાજી ટાઈટન્સ, એચ. આર. મેટલ કિંગ્સ, સિનોક્સ વોરિયર, આર. કે. શ્રીજી અવેન્જરસ, શ્રીજી મવડી જાયન્ટ્સ, વિશાલ વોરિયર ૧૧ નો સમાવેશ થાય છે.

આ ટુર્નમેન્ટ તા.૨૦/૦૪/૨૪ને શનિવારે સાંજે ૬ વાગ્યે ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલ અને પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ સહીત સમાજના અગ્રણીઓ દ્વારા ખુલ્લું મુકવામાં આવશે.સતત સાત વર્ષથી ઉપલા કાંઠે પાટીદાર પ્રીમિયર લીગના નામથી સમાજના ખેલાડીઓ માટે આયોજન કરવામાં આવે છે.વિજેતા ટીમને અને રનર્સઅપ ટીમને રોકડ પુરસ્કાર અને ટ્રોફી આપવામાં આવશે.

# રફાળેશ્વરમાં બિરાજતા શ્રી સુરાપુરા દાદાની રવિવારે તેરસ નિમિત્તે ફુલહારનો શણગાર કરાશે

## બપોરે નાના બાળકો માટે બટુક ભોજનનું આયોજન



રાજકોટ:તા ૧૯

મોરબીમાં રફાળેશ્વર માં બિરાજમાન વાગડીયા પાટડીયા હળવદીયા પાટડીયા જાબુકીયા પાટડીયા મેથાણીયા પાટડીયા તથા સમસ્ત શ્રી માળી સોની પાટડીયા પરિવાર નાં શ્રી સુરાપુરા દાદા શ્રી ગોકળદાસ દાદા તથા શ્રી તુલસીદાસ દાદા ની ચૈત્રસુદ તેરસ તારીખ ૨૧/૦૪/૨૦૨૪ નાં રવિવાર એ છે. ત્યારે આ દિવસે સવારે ૯ વાગે સુરાપુરા દાદાની પુંજા અર્ચના તથા ફુલ હાર નો શણગાર,બપોરે ૧૨ વાગે નાના બાળકો માટે બટુક ભોજન નું આયોજન કરવામાં આવ્યું છે.

આ ધાર્મિક કાર્યક્રમ સફળ બનાવવા જીજ્ઞેશ વાગડીયા સંજયભાઈ વાગડીયા કલ્પેશભાઈ પાટડીયા નિકેશભાઈ વાગડીયા સુમિત ભાઈ વાગડીયા હિતેશભાઈ પાટડીયા પરેશભાઈ પાટડીયા દિપકભાઈ પાટડીયા દિનેશભાઈ પાટડીયા પીન્ટુ પાટડીયા નિલેશભાઈ જડીયા કાર્યક્રમ સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ૨૦૨૩-૨૪ના વર્ષ દરમ્યાન સ્વધામે ગયેલ આત્માઓના મોક્ષાર્થે રવિવારે ૧૪૦૦અસ્થિફુલના પૂજનનું આયોજન: હરીદ્વારમાં વિસર્જન કરશે

## ૮૦' રોડ સ્થિત બાપુનગર સ્મશાનનું ૨ કરોડના ખર્ચે નવીનીકરણ થશે





રાજકોટ:તા ૧૯

જય સરદાર યુવા ગ્રુપના નેજા હેઠળ બાપુનગર મુકતીધામનો સુચારૂ વહિવટ ચલાવે છે. કોરોના કાળના કપરા સમયમાં રાત-દિવસ જાગીને આશરે ૫૫૦૦ માનવદેહોને અગ્નિ સંસ્કાર કરીને આ યુવાનોએ માનવ સેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડેલ છે. આ સેવા ભાવનાની નોંધ લઈને ૮૦' રોડ સ્થિત બાપુનગર સ્મશાનને વધુ સગવડતા મળી રહે એ હેતુસર રાજય સરકાર દ્વારા સ્વર્ણિમ વિકાસ યોજના હેઠળ ૨ કરોડ ના ખર્ચે નવીનીકરણ કરવા મા આવશે.

જેમાં મુકિતધામ પરિસરમાં આધુનિક વિશ્રાંતી રૂમ, ચાર બેડ સાથેનું અદ્યતન અગ્નિ સંસ્કાર હોલ, છાણા અને લાકડાના સ્ટોર માટે રૂમો, મૃત્યુદેહ સાચવવા માટે મોટા રૂમ તથા સ્મશાનયાત્રામાં જોડાનાર સ્વજનો માટે આરામ દાયક બેઠક વ્યવસ્થાનો સમાવેશ થશે.

દર વર્ષની માફક આ વર્ષે પણ સંસ્થા તરફથી ૨૦૨૩-૨૪ ના વર્ષ દરમ્યાન સ્વધામે ગયેલ આત્માઓના મોક્ષ પ્રદાન માટે મૃતકના સ્વજનોને સાથે રાખીને તા.૨૧-૦૪-૨૦૨૪ ન ને રવિવાર નારોજ અસ્થિફુલનું પુજન કરાશે, અને વિર્સજન જય સરદાર યુવા ગ્રુપના યુવાનો અને જે કોઈ સ્વજનોને આવવું હોય તેઓને સાથે રાખીને હરિદ્વાર ખાતે હરકીપોરી ઉપર તા.૦૩-૦૫-૨૦૨૪ નારોજ સંપુર્ણ શાસ્ત્રોકત પધ્ધતિથી પુજા અર્ચન દ્વારા ગંગામાં વિર્સજીત કરવામાં આવનાર છે. ૧૪૦૦ અસ્થિઓનું વિસર્જન કરવામાં આવશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા મેને.ટ્રસ્ટી રમેશભાઈ વેકરીયા, અશ્વીનભાઈ પાંભર, અતુલભાઈ પોકર, વીપુલભાઈ પાંભર, ચંદુભાઈ ઘેલાણી, સંજયભાઈ વઘાસીયા, હીરેનભાઈ ગૌસ્વામી જહેમત ઉઠાવી રહયા છે.

# ઈન્ટરનેશનલ સુજોક એસોસિએશન દ્વારા સુજોક થેરાપીનો નિ:શુલ્ક સેમિનાર યોજાયો



સુજોક થેરાપીની માતૃસંસ્થા ઈન્ટરનેશનલ સુજોક એસોસિએશન દ્વારા સુજોક જાગૃતિ પખવાડિયા નિમિત્તે, મારવાડી યુનિવર્સિટી, હરિવંદના કોલેજ, તેમજ વિવિધ યોગ કેન્દ્રો પર સુજોક થેરાપીના નિ:શુલ્ક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કોઈપણ દવા કે આડઅસર વગરની આ પદ્ધતિ, શારીરિક તેમજ માનસિક રોગોમાં ચમત્કારિક પરિણામો આપે છે. આ વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિમાં ફકત હાથ-પગના પંજામાં જ સારવાર આપવામાં આવે છે. જે કફથી માંડીને કેન્સર સુધીના રોગોમાં ઉપયોગી છે. તદ્પરાંત જુન માસમાં, રાજકોટમાં આ થેરાપીની રાજ્ય કક્ષાની કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સીટી કર્મચારી સોસાયટીમાં મનુભાઈ વોરા ચિલ્ડ્રન-સીનીયર સીટીઝન પાર્કનું વજુભાઈ વાળાના હસ્તે ઉદ્ઘાટન




સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કોઓપરેટીવ હાઉસિંગ સોસાયટીમાં મનુભાઈ વોરા ચિલ્ડ્રન-સિનીયર સિટીઝન પાર્કનું પૂર્વ નાણા મંત્રી અને ગવર્નર વજુભાઈ વાળાના હસ્તે ઉદ્ઘાટન થયું હતું. મનુભાઈ વોરા મેમોરીયલ ટ્રસ્ટ અને સીઝન્સ સ્કેવર ચેરીટેબલ ટ્રસ્ટનાં આર્થિક સહયોગથી આ પાર્કનું સર્જન થયું છે. આ પ્રસંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટીનાં પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડીયા, સોસાયટીનાં પ્રથ પ્રમુખ આર ડી. આરદેશણા, સોસાયટીનાં મંત્રી અને સીઝન્સ સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટનાં ચેરમેન અજય જોશી, મેનેજીંગ ટ્રસ્ટી અલ્કાબેન વોરા વાઈસ ચેરમેન કૌશિક મહેતા અને અન્યો ઉપસ્થિત હતા.

# અનરાધાર વરસાદથી દુબઈના રણમાં અજબ દ્રશ્યો સર્જાયાઃ નદીઓ વહેવા લાગી, તળાવો ભરાયા





## રણમાં અનેક જગ્યાએ નાના નાનાં ઝરણાં વહ્યા

અબુધાબી (યુએઈ) તા.૧૯ સંયુકત અરબ અમીરાત (યુએઈ)માં ૭૫ વર્ષનાં ઈતિહાસમાં રેકોર્ડબ્રેક વરસાદ ૧૦.૨ ઈંચ પડતાં યુએઈ પાણી પાણી થઈ ગયુ હતું.

આ ધોધમાર વરસાદે રણપ્રદેશમાં અનોખા દ્રશ્યો ખડા કરી દીધા હતા. આ સુકા પ્રદેશમાં દોઢ વર્ષ માંડ માંડ છુટક છુટક આટલો કુલ વરસાદ પડે છે. ત્યારે મંગળવારે અનરાધાર વરસાદથી રણમાં નદીઓ વહેવા લાગી હતી.

અહીં અનેક વર્ગ કિલોમીટરમાં ફેલાયેલા રણ વિસ્તાર અલફુદરાની ખીણ પાણી એટલુ જમા થઈ ગયુ કે આ રણની આ ખીણ તળાવમાં ફેરવાઈ ગઈ હતી.ભારે વરસાદને કારણે રણમાં આવા અનેક જગ્યાએ નાના નાના ઝરણાં વહેતા જોવા મળ્યા હતા.

જયારે બીજી બાજુ શહેરી વિસ્તારમાં વરસાદના કારણે પાણી ભરાવાથી અનેક સડકો પાણીમાં ડુબી છે. અનેક ભાગોમાં જનજીવન ઠપ્પ થઈ ગયુ છે. મંગળવારે વરસાદ પછી લોકો અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે.લોકો મેટ્રો સ્ટેશન વિમાની મથકે સુવા મજબુર બન્યા છે.

# મોસમનો માર! એક જ સિસ્ટમે દુબઈને જળબંબાકાર કર્યું;મુંબઈને પરસેવે નિતાર્યું

## દુબઈમાં રેકોર્ડબ્રેક વરસાદ વરસાવનારી એન્ટીસાયકલોનિક સિસ્ટમથી મુંબઈમાં ભેજયુકત પવન વચ્ચે ૧૫ વર્ષનું સૌથી ઉંચુ તાપમાન નોંધાયુ




નવી દિલ્હી તા.૧૯

દુબઈ અને મુંબઈ વચ્ચે ૨૦૦૦ કિલોમીટરનું અંતર છે છતા બન્ને શહેરોને એક જ સીસ્ટમનાં પ્રભાવથી મોસમનો માર સહન કરવાનો વખત આવ્યો છે.બે દિવસ પૂર્વે દુબઈમાં અનરાધાર વરસાદ વરસતા જળબંબાકાર પુરની હાલત સર્જાઈ હતી. જયારે મુંબઈમાં અસામાન્ય ગરમીનો માહોલ સર્જાયો હતો. આ બન્ને સ્થિતિ માટે એક જ હવામાન સીસ્ટમ જવાબદાર રહી છે.

હવામાન વિભાગના નિષ્ણાંતોએ કહ્યું કે એક જ એન્ટી સાયકલોનીક સીસ્ટમથી દુબઈ અને મુંબઈને અસામાન્ય સ્થિતિનો સામનો કરવો પડયો છે. એન્ટીસાયકલોન તથા લોકલ હવામાનની સીસ્ટમ ભેગી થતા અસર વધી ગઈ હતી. દુબઈમાં વરસાદ થયો અને મુંબઈમાં બે દિવસથી ભેજવાળી લુથી ભીષણ ગરમી છે.

પુનાનાં હવામાન વિજ્ઞાની રૂષિકેશ આગ્રેએ કહ્યુ કે ૧૫ મી એપ્રિલે મુંબઈનું સાંજે ૫-૩૦ વાગ્યાનું તાપમાન ૩૭.૯ ડીગ્રી હતુ ભેજ ૫૫ ટકા હતા.ત્યારે વેટ બલ્બ ટેમ્પરેચર ૨૯.૩ ડીગ્રી થઈ ગયુ હતું.

વેટ બલ્બ ટેમ્પરેચર તાપમાન તથા ભેજની માત્રાના આધારે નકકી થાય છે અને લોકોને કેટલી ગરમી સહન કરવી પડી રહી છે તે સુચવે છે.

૧૬ એપ્રિલે સાંજે તાપમાન ૩૯ ડીગ્રી હતું જે છેલ્લા ૧૫ વર્ષનું સૌથી વધુ હતું. આ ૪ દિવસે દુબઈમાં રેકોર્ડબ્રેક વરસાદ થયો હતો અને પુરની સ્થિતિ સર્જાઈ હતી.

આઈઆઈટી બોમ્બેનાં કલાઈમેટ સ્ટડીઝના પ્રોફેસર ચ્યુ મુર્તુગુડુએ કહ્યું કે દુબઈ અને મુંબઈનાં હવામાન બદલાવ એક જ એન્ટી સાયકલોન સીસ્ટમથી સર્જાયા હતા.

એન્ટી સાયકલોનક સરકયુલેશન ગરમ હવાનું એક ક્ષેત્ર હોય છે. આ સીસ્ટમ અરબી સમુદ્રથી ગરમ પવનોને પશ્ચિમ એશીયા તરફ ધકેલે છે. રાતના સમયે મુંબઈ સમુદ્રની ઠંડી હવાથી ઠંડુ થઈ જતુ હોય છે. પરંતુ એન્ટી સાયકલોનને કારણે સમુદ્રનાં ઠંડા પવન બ્લોક થઈ ગયા છે.



# જંગલમાં છે બિલ ગેટ્સનું ઘર

**વિશ્વભરમાં સફળ સોફ્ટવેર ડેવલપર અને માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક તરીકે જાણીતા બિલ ગેટ્સ આજે વિશ્વના સાતમા સૌથી ધનિક વ્યક્તિ છે. તેઓ એક જાણીતા અમેરિકન બિઝનેસ મેગ્નેટ, પરોપકારી અને રોકાણકાર છે. ForbesIndia.comના ૩ એપ્રિલ, ૨૦૨૪ના લેખ અનુસાર, તેમની કુલ સંપત્તિ ૧૨૮ બિલિયન યુએસ ડોલર છે. હૃદય અને સંપત્તિની દૃષ્ટિએ તેનુ જેટલુ મોટુ વ્યક્તિત્વ છે, તેનું ઘર પણ એટલું જ વૈભવી અને વિસ્મયકારક છે**



**વોશિંગ્ટન લેક પાસે બિલ ગેટ્સના બંગલાને Xanadu 2.0 નામ આપવામાં આવ્યું છે. આ આશરે ૧.૫-એકર (૬૬,૦૦૦-સ્કવેર-ફટ) એસ્ટેટ મદિના, વોશિંગ્ટનમાં એક ટેકરી પર સ્થિત છે. ઘર વોશિંગ્ટન લેકને જુએ છે. આ ડ્રીમ હોમ માત્ર તકનીકી રીતે અદ્યતન નથી પણ ગ્રીન અને ઈકો-ફ્રેન્ડલી પણ છે. બોહલિન સિવિન્સ્કી જેક્સન અને કટલર-એન્ડરસન આર્કિટેક્ટ્સે વીલા ની રચના કરી હતી. તેમાં ૭ બેડરૂમ, ૨૪ બાથરૂમ, ૬ કિચન, સ્વિમિંગ પૂલ, ૨,૩૦૦ સ્કવેર ફીટ રિસેપ્શન હોલ અને ૨,૫૦૦ સ્કવેર ફીટ જિમ છે. આ તેની સૌથી ભવ્ય અને પ્રખ્યાત મિલકત છે. તેનું નામ Xanadu ૨.૦ રાખવામાં આવ્યું છે કારણ કે હવેલી Xanadu, ચાર્લ્સ કેનની બહુચર્ચિત ફિલ્મ સિટીઝન કેનના રહેઠાણને મળતી આવે છે.**



### તૈયાર કરવા માટે ૩૦૦ મજૂરોએ ૭ વર્ષ સુધી સતત કામ કર્યું

બિલ ગેટ્સનું ડ્રીમ હાઉસ તૈયાર કરવા માટે ૩૦૦ બાંધકામ કામદારોએ સાત વર્ષમાં આ ઘર તૈયાર કર્યું હતું. તેમાંથી ૧૦૦ ઈલેક્ટ્રિશિયન હતા. ૧૯૮૮માં ૨ મિલિયન ડોલરમાં ખરીદવામાં આવેલી આ જમીન પર આ ભવ્ય મહેલ બનાવવાની કિંમત ૬૩ મિલિયન ડોલર હતી.



### ઘર મોટા વૃક્ષોથી ઘેરાયેલું છે

આવા ઊંચા વૃક્ષો બિલ્ગેટ્સના ઘરની બહાર અને અંદર વાવવામાં આવ્યા છે, જે ગરમીને નિયંત્રિત કરે છે. આકાશમાંથી જોવામાં આવે તો આખું ઘર જાણે જંગલમાં વસેલું હોય એવું લાગે છે.

### ખાનગી ટનલ દ્વારા ઍક્સેસ દરવાજા સુધી

આ વિશાળ સંકુલનો દરવાજો ખાનગી ટનલમાંથી પસાર થાય છે. આ ટનલ હવેલીને હાઈવે ૧૦૬ સાથે જોડે છે. તેના ભોંયતળિયે પહોંચવા માટે ૪૪ સીડીઓથી ઉતરવું પડે છે. જોકે, નીચે જવા માટે લિફ્ટની પણ જોગવાઈ છે.

### આ જીમ ૨૫,૦૦૦ સ્કવેર ફટમાં ફેલાયેલું છે

આ ઘર પેસિફિક નોર્થવેસ્ટમાં પર્વતો ના પત્થરોમાંથી બનાવેલ ૨૫,૦૦૦ ચોરસ ફૂટનું જિમ છે. વ્યાયામ સંકુલમાં ૨૦ ફૂટ ઉંચી છત સાથે સ્પા અને ટ્રેમ્પોલીન રૂમ પણ છે.

### સ્વિમિંગ પૂલ ૬૦ ફટમાં ફેલાયેલો છે

૬૦ ફૂટનો ભવ્ય પૂલ એવી રીતે બનાવવામાં આવ્યો છે કે તેનો એક ભાગ અંદર અને ભાગ બહાર છે. જો કે, તરવૈયાઓ માત્ર પાણીની અંદરના એક ભાગમાંથી બીજા ભાગમાં જઈ શકે છે. પૂલમાં અંડરવોટર મ્યુઝિક સિસ્ટમ પણ લગાવવામાં આવી છે. ઘર પેસિફિક લોજ શૈલીમાં બનાવવામાં આવ્યું છે, જે પેસિફિક નોર્થવેસ્ટ પ્રદેશમાં મળેલી સામગ્રીથી પ્રભાવિત છે. , આમાં ૫૦૦ વર્ષ જૂના ડગ્લાસ ફિર વૃક્ષોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. એવું કહેવાય છે કે તેના નિર્માણમાં પાંચ લાખ લાકડાના લોગનો ઉપયોગ કરવામાં આવેલ છે.

### ૭ શયનખંડ, ૨૪ બાથરૂમ, ૬ રસોડા

ઘરમાં ૭ શયનખંડ, ૨૪ બાથરૂમ અને ૬ રસોડા છે. ઓછામાં ઓછા ૧૦ બાથરૂમમાં બાથટબ અથવા જેકુઝી પણ છે. મોટા ઘરના દરેક ખૂણા પર મોટી સંખ્યામાં રસોડા એવી રીતે ડિઝાઇન કરવામાં આવ્યા છે કે કોઈ પણ વ્યક્તિ ક્યાય પણ હોય તે ઘરના ઓછામાં ઓછા એક રસોડાની નજીક હોય છે. અહીં ૧૦૦૦ ચોરસ ફૂટનો ડાઇનિંગ હોલ છે જ્યાં મોટી સંખ્યામાં લોકો ભીડ વગર ભોજન કરી શકે છે. ઘરની અંદર ૧૯૦૦ ચોરસ ફૂટનું ગેસ્ટ હાઉસ પણ છે.

### હાઈટેક દિવાલો

માઈક્રોસોફ્ટના સ્થાપક ટેક્નોલોજીના એટલા શોખીન છે કે તેઓ તેમના ઘરની દિવાલો પર પણ તેનો ઉપયોગ કરવાનું ચૂક્યા નથી. હા, બિલ ગેટ્સના ઘરની દિવાલો પણ હાઈટેક છે. ઘરની દિવાલો પર એવી ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે કે તેને સ્પર્શ કરીને આર્ટવર્ક બદલી શકાય છે.

### બંગલાની રેતી હવાઈથી લાવવામાં આવી હતી

બંગલાની અંદર બીચ પર ફેલાયેલી રેતી હવાઈથી લાવવામાં આવી હતી. આ ઘર ૧૭૦ ફૂટની ટેકરી પર છે. જેના કારણે દૂરથી જોવામાં આવે તે પહાડો પર બનેલા ઘર જેવું લાગે છે. અહીંથી નજીકના તળાવનો નજારો પણ સ્પષ્ટપણે જોઈ શકાય છે.

### ૨૦ મહેમાનો માટે હોમ થિયેટર

ઘરની અંદર એક ખાસ હોમ થિયેટર ઓછામાં ઓછા ૨૦ મહેમાનો આલીશાન બેઠકો અને સોફા પર બેસી શકે છે. તેમાં એક મોટી મૂવી સ્ક્રીન અને પોપકોર્ન મશીન છે જે સિનેમા હોલમાં બેસીને



મૂવી જોવાનો સંપૂર્ણ અહેસાસ આપે છે.ઓટોમેટેડ હાઇ-ટેક સેન્સર સિસ્ટમનો ઉપયોગ રૂમની આબોહવા અને લાઇટિંગ પર નજર રાખવા માટે થાય છે. મહેમાનો તેમની પસંદગી અનુસાર રૂમનું તાપમાન અને લાઇટિંગ બદલી શકે છે.

### ૨૦૦ લોકો માટે રિસેપ્શન હોલ

કોકટેલ પાર્ટીઓ માટે ૨૦૦ કવર અને ડિનર પાર્ટીના કિસ્સામાં ૧૫૦ કવરની ક્ષમતા ધરાવતો ૨૩૦૦ ચોરસ ફૂટનો રિસેપ્શન હોલ ખાસ કરીને મોટા પાયે કાર્યક્રમો અને પાર્ટીઓ માટે તૈયાર કરવામાં આવ્યો છે. તેમાં ૨૨ ફૂટની વિડિયો સ્ક્રીન પણ છે જેનો ઉપયોગ બહુવિધ હેતુઓ માટે કરી શકાય છે.



### ૨૧૦૦ ચોરસ ફૂટમાં વિશાળ પુસ્તકાલય છે

તેમાં ગુંબજ આકારની છત સાથે એક વિશાળ પુસ્તકાલય છે જે ૨૧૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલું છે. તેમાં છુપાયેલા બારની સાથે બે ગુપ્ત બુક શેલ્ફ પણ છે. લાઇબ્રેરીમાં ૧૬મી સદીની લિયોનાર્ડો દા વિન્સીની હસ્તપ્રત સંગ્રહિત છે.







## ગણિતમાં પાઈથાગોરસનો સિદ્ધાંત ઉકેલવો સરળ હશે પણ ભારતની ચૂંટણીમાં જ્ઞાતિ, જાતિ, ધર્મ સહિતના જે કોકટેલનું સમીકરણ છે તે ઉકેલવું સૌથી અઘરૂ છે

# પ્રથમ ચરણ

# સમીકરણોની પણ પ્રથમ કસોટી

**વિશ્વના સૌથી મોટા લોકશાહી તહેવારનો આજથી ભારતમાં પ્રારંભ થયો છે અને પ્રથમ તબકકામાં ૧૦૨ બેઠકો પર મતદાન થયું આ મતદાન અનેક રીતે નિર્ણાયક બની શકે છે, સૌપ્રથમ તો દક્ષિણમાં પ્રવેશ માટે ભાજપે એક નવા દ્વારથી આક્રમણ કર્યુ છે તો બીજી તરફ ડીએમકે-અન્ના ડીએમકે વચ્ચે રમતા આ રાજયમાં મોદી બ્રાન્ડની કસોટી છે, કુલ ૧૦૨માંથી ૪૨ બેઠકો ભાજપ પાસે છે, ૪૦ બેઠકો ખાસ કરીને દક્ષિણમાં ડીએમકે સહિતના પક્ષો પાસે છે અને ૨૦ બેઠકો સપા-બસપા અને અન્ય દળો પાસે છે, આ આંકડામાં સરસાઈ મેળવવા ભાજપે એડીચોટીનું જોર લગાવ્યું છે**

**તામિલનાડુમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પરિવારવાદ અને ભ્રષ્ટાચારને ટાર્ગેટ કર્યો, પ્રથમ વખત ભાજપ આ મોટા પાયે ચૂંટણી લડી રહ્યો છે અને ત્રણ વર્ષથી અહીં પક્ષે તેનો પગપેસારો મજબુત બનાવવા પ્રયત્ન કર્યા હતા, લડાઈ છેક સનાતન સુધી લઈ જવાઈ અને રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્વે વડાપ્રધાન મોદીના અનુષ્ઠાનની યાત્રા પણ મુખ્યત્વે આ રાજયમાંથી પસાર થઈ હતી, આમ ખુદ મોદી પર જ તામિલનાડુમાં ભાજપે જોર લગાવ્યું છે અને તે પણ હવે સાઉથનો ટેસ્ટ કેસ બની ગયો છે**

**બિહારમાં મોદી વિરૂદ્ધ તેજસ્વી છે, બંગાળમાં મમતા સામે મોદીનો કાયમી મોરચો તૃણમુલના ગઢને તોડવા માટે પ્રયત્નશીલ હોય છે, પશ્ચિમ ઉત્તરપ્રદેશને આવરી લેતી બેઠકો પર આજનું મતદાન એ ઠાકુર અને રાજપૂતોની ભાજપ સામેની નવી લડાઈ કેવી મજબુત છે તે નિશ્ચિત કરશે, રાજસ્થાન અને મધ્યપ્રદેશને ગઢ બનાવ્યા પછી તેમાં જાળવી રાખવાની કસોટી છે, ઉત્તર-પૂર્વના રાજયો ઉપરાંત ઉત્તરાખંડ સહિતના વિસ્તારોમાં સાયલન્ટ મુસ્લિમ વોટર સામે સીએએ અને કોમન સીવીલ કોડ ધરીને વિપક્ષો તેને ભડકાવીને મત મેળવવા માંગે છે આમ ભાજપના એજન્ડાની પણ કસોટી છે**

જો તમે સ્કુલમાં અભ્યાસ સમયે ગણિતમાં રૂચી રાખતા હો તો પાઈથાગોરસના સિધ્ધાંતને કદાચ ઉકેલી શકયા હોત પરંતુ ભારતીય રાજકારણમાં પાઈથાગોરસમાં જે રીતે જ્ઞાતિ, જાતિ, ધર્મ, પક્ષ, રંગ અને જૂથવાદ આ તમામનું જે કોકટેલ બન્યું છે તે ભાગ્યે જ દુનિયાના કોઈ નિષ્ણાંત પણ ઉકેલી શકે તેમ છે અને તેમાં આજથી ભારતીય લોકશાહીની અગ્નિપરીક્ષા જેવું ચૂંટણીના પ્રથમ તબકકામાં ૧૦૨ બેઠકો પર થઈ રહેલા મતદાનથી તમે જાણી શકો છો કે આગામી છ તબકકાનો ટોન બનશે તે પણ સંકેત છે અને સૌથી મહત્વનું એ છે કે ભારતીય જનતા પક્ષે અબ કી બાર ૪૦૦ કે પારનો નારો આપ્યો છે તેમાં પ્રથમ તબકકો તેની કસોટી કરી જશે. આજે જે ૧૦૨ બેઠકો પર મતદાન થયું તે ૨૦૧૯ની તુલનામાં ગણો તો ભાજપ પાસે બેઠકો છે, ૪૦ બેઠકો બીન ભાજપ પક્ષો અને ખાસ કરીને તમિલનાડુમાં ડીએમકે પાસે છે ૨૦ બેઠકો પર સમાજવાદી પક્ષ બહુજન પક્ષ અને અન્ય પક્ષો ધરાવે છે અને જો આ સમીકરણો યથાવત રહે તો ભાજપ માટે ખુદની ૩૭૦ બેઠકો જીતવી મુશ્કેલ થઈ પડે સમગ્ર દાવ નરેન્દ્ર મોદી પર જ લાગી ગયો છે. દક્ષિણનું તમિલનાડુ હોય કે રાજસ્થાનથી લઈ ઉત્તરપ્રદેશ અને અન્ય રાજયો કે આજે રાજયો કે મતદાન થાય તે વિસ્તારો હોય રસપ્રદ બાબત એ છે કે એક તરફ કોંગ્રેસ પક્ષ અસ્તિત્વની લડાઈ લડી રહી છે. પરંતુ ભાગ્યે જ આ પક્ષ ત્યાં સ્પર્ધામાં છે અને દક્ષિણમાં જે રીતે ભાજપે પ્રથમ વખત કર્ણાટકને એક બાજુ મુકીને તામિલનાડુ પર સૌથી વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે તેથી શું દક્ષિણમાં પ્રવેશ માટે ભાજપ બીજો માર્ગ શોધી શકશે તે પણ પ્રશ્ન છે.

પ્રથમ તબકકામાં જ તામિલનાડુની ૩૯ બેઠકો પર આજે મતદાન થયું જે ૨૦૧૯માં ડીએમકે અને તેના સાથી પક્ષો એટલે કે કોંગ્રેસે જીતી હતી પરંતુ ૨૦૧૪ પછી ઉત્તરપ્રદેશ સહિતના રાજયનો ગઢ યથાવત રાખવા અને સ્કોર સુધારવા માટે ભાજપે દક્ષિણના રાજયોમાં કર્ણાટક સિવાય ભાગ્યે જ કોઈ ચિંતા કરી હતી આ ચૂંટણીનું ફોકસ તામિલનાડુ અને કેરળ પર વધુ કેન્દ્રીત કર્યુ છે તેનું મુખ્ય કારણ એ છે કે બે રાજયોમાં સૌથી ટફ મુકાબલો છે. તેથી અઘરો પ્રશ્ન પહેલા સોલ્વ કરવો તે જે સલાહ પરીક્ષા વખતે મળે છે તેનો વડાપ્રધાન મોદીએ બેખુબીથી ઉપયોગ કર્યો છે. તામિલનાડુમાં દ્રવિડીયન પક્ષો એટલે કે ડીએમકે અને અન્ના ડીએમકે વારાફરતી રાજયમાં શાસન કરતા રહ્યા છે અને છેલ્લે કરૂણાનિધિ અને જયલલિતાની ટકકર અનેક વખત જોવા મળી હતી. આ બંને દિગ્ગજ નેતાઓની ગેરહાજરીમાં ભાજપે સૌથી વધુ તાકાત આ રાજયમાં લગાવી છે. તો એક તરફ બ્રાન્ડ મોદીને દક્ષિણના આ રાજયમાં ઘુસાડવાની કોશીષ છે અને જે રીતે પ્રચાર થયો તે ભ્રષ્ટાચાર અને પરિવારવાદના મુદા ઉઠાવીને મોદીએ તેની ભગવાન રામના ભવ્ય મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની પૂર્વે જે અનુષ્ઠાન કર્યુ તેમાં તામિલનાડુ અને દક્ષિણના રાજયોની રામ સર્કિટનો પૂરેપૂરો ઉપયોગ કર્યો અને એક બાદ એક મંદિરોમાં જઈને વડાપ્રધાને પોતાના અનુષ્ઠાનને આગળ ધરી અને આડકતરો પ્રચાર કરી લીધો હતો. આમ મોદીનો સાઉથ ટેસ્ટ પણ આજે જોવા મળશે. તો બીજી તરફ ડીએમકે કે જે ગત ચૂંટણીમાં કોંગ્રેસ સાથે રહીને તમામ ૩૯ બેઠકો જીત્યું હતું તેના માટે લોકસભા બેઠકોનો સ્કોર જાળવી રાખવો મુશ્કેલ થઈ પડશે અને તેની સીધી ઈફેકટ ઈન્ડિયા ગઠબંધનના ભાવિ પર થશે. કોંગ્રેસના દક્ષિણના રાજયોમાં થોડી ઘણી સલામતી અનુભવે છે તેનો પણ આજે ટેસ્ટ થશે. તો બીજી તરફ દક્ષિણ અને ઉત્તરની પણ ટકકર જોવા મળશે. સાથોસાથ સનાતન ધર્મ સામે જે રીતે ડીએમકે નેતાઓએ ફોકસ કર્યુ હતો તેનો પ્રભાવ પણ આ ચૂંટણીમાં જોવા મળશે. આમ અનેક મુદાઓ આ ચૂંટણી દાવ પર લાગી ગયા છે અને તેમાં ભાજપ જો સફળ થશે તો કદાચ ઈતિહાસ લખાઈ જશે કે બે વર્ષ પછી યોજાનારી ધારાસભા ચૂંટણીમાં ભાજપ એ આ રાજયમાં વધુ તાકાત લગાવી શકે છે.

**સ્પોટ-લાઈટ**
**કે.આર.**
krisht555@gmail.com

આજના મતદાનમાં ઉત્તરપ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, રાજસ્થાનની પણ બેઠકો આવરી લેવાઈ છે અને જો ઉત્તરપ્રદેશની વાત કરીએ તો આજે જે આઠ બેઠકો પર મતદાન થઈ રહ્યું છે તેમાં ત્રણ બેઠકો ભાજપ પાસે છે અને તે પક્ષે બચાવવા ઉપરાંત ૨૦૧૯માં તેનો જે બેઠકો ગુમાવી હતી તે પરત મેળવવા માટે પણ ભાજપ જંગ ખેલશે પરંતુ સૌથી મોટી સમસ્યા અહીં થોડી ઘણી ગુજરાત ઈફેકટ સાથે સ્થાનિક ઠાકુર સમુદાય કે જે રાજપૂત સમુદાય તરીકે પણ ઓળખાય છે તેને ભાજપ સામે અપનાવયેલા વલણ અસર જોવા મળી શકે છે. અહીં ભાજપના જ બે નેતા સંગીત સોમ અને સંજીવ બાલીયાનની ટકકર છે અને રોજબરોજ ઠાકુરો અને રાજપૂતોની મહાસભા મળી રહી છે અને તેમાં ભાજપ વિરોધી મતદાન માટે અપીલો થઈ રહી છે. આ આઠ બેઠકોમાં ભાજપને જો ૫૦ ટકાથી વધુ સ્કોર કરવાની તક ન મળે તો કદાચ તેના ૪૦૦ પારના નારો મુશ્કેલીમાં મુકાઈ શકે છે.

આ જ રીતે બિહારમાં જે રીતે નીતિન કુમારે ફરી એક વખત એનડીએનું દામન થામ્યું તે પછી હવે તેઓ હાંસિયામાં ધકેલાઈ ગયા છે. આજે બિહારમાં ૪ બેઠકો પર મતદાન છે અને તેમાં ભાજપ પાસે બે બેઠકો છે પણ એકંદરે બિહારમાં જોઈએ તો મોદીએ પરિવારવાદ અને ભ્રષ્ટાચારના મુદાઓને અહીં ઉછાળ્યા છે અને સમગ્ર લડાઈ મોદી વિરૂધ્ધ તેજસ્વીની બની ગઈ છે. નીતિશ કુમાર અને અન્ય નેતાઓ પણ સેકન્ડ ફીડર વગાડી રહ્યા છે. સૌથી મહત્વનું એ છે કે ૨૦૧૯માં આરજેડીને આ રાજયમાં એક પણ બેઠક મળી ન હતી પરંતુ બાદમાં વિધાનસભામાં જે રીતે જબરૂ કમ બેક કર્યુ તે પણ આ પક્ષનું વધુ વર્ચસ્વ છે તે દર્શાવે છે. સમગ્ર યાદવ કુટુંબ એટલે કે લાલુપ્રસાદ યાદવ અને તેના ફેમીલીનું ભાવિ પણ આ રાજયની ચૂંટણીમાં દાવ પર લાગી ગયું છે.

વધુ એક રાજય પશ્ચિમ બંગાળમાં ચૂંટણી દર ચૂંટણી મોદી અને મમતાનું ટકકર થાય છે તે ફરી આ રાજયમાં થાય છે. પશ્ચિમ બંગાળની ૩ બેઠક પર આજે મતદાન થવાનું છે ભાજપ માટે અત્યંત મહત્વની છે કારણે ૨૦૧૯માં આ ૩ બેઠકો ભાજપે જ જીતી હતી અને એકંદરે ૧૮ બેઠકો ભાજપને મળી હતી. ભાજપે આ બેઠકો જાળવી રાખવાની કોશીશ કરી છે. તે કેટલી સફળ થશે તે મહત્વનું છે. ત્યારબાદ મધ્યપ્રદેશ તથા રાજસ્થાન કે જે ભાજપના ગઢ બની ગયા છે ત્યાં રાજસ્થાનની ૧૨ અને મધ્યપ્રદેશની ૬ કુલ ૧૮ બેઠકો પર મતદાન થઈ રહ્યું છે અને સૌથી મહત્વનું છે કે ૧૭ બેઠકો ભાજપ પાસે છે ફકત ૧ છીંદવાડાની કમલનાથના પુત્ર નકુલનાથની બેઠક જ કોંગ્રેસને જીતવામાં સફળતા મળી હતી. અને હવે જયારે ધારાસભા ચૂંટણી કોંગ્રેસ પક્ષને આ રાજયમાં સતા ગુમાવી પડી પછી લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસનું અસ્તિત્વ ટકાવી રાખવાની જવાબદારી કમલનાથ અને દિગ્વિજય જેવા જુના નેતાઓ પર આવી છે અને તેની સામે ભાજપમાં ભળેલા જયોતિરાદિત્ય સિંધિયા સહિતના નેતાઓની ટકકર છે. ધારાસભા ચૂંટણીમાં જોવા મળતું હતું તે રાજયમાં ભાજપ એક થઈને ચૂંટણી લડતું નથી અને લોકલ ફેકટરો પણ હાવી બની ગયા છે અને તેથી જ પ્રથમ ચરણ જ આગામી દિવસોમાં અન્ય બેઠકો માટે ભાજપે કેટલી મહેનત કરી તે સંકેત પણ આપી દીધા છે.

### સૌથી અઘરૂ રાજય બન્યું મહારાષ્ટ્ર

આજે યોજાયેલા મતદાનમાં મહારાષ્ટ્રની પાંચ બેઠકો પર મત પડયા છે જેમાં ૨૦૧૯માં ભાજપના ફાળામાં ૪ બેઠકો હતી પણ આ પાંચ વર્ષ મહારાષ્ટ્રમાં જે રીતે રાજકીય સમીકરણો બન્યા અને બગડયા પછી આ ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં કોના તરફી મતદાર તે પારખવાનું રાજકીય નિરીક્ષકો માટે પણ અત્યંત અઘરૂ બની ગયું છે જયાં બે મુખ્ય પક્ષ શિવસેના અને એનસીપી બંને તુટયા છે. ભાજપે કોંગ્રેસના નેતાઓને તોડીને ઉપલા ગૃહમાં બેસાડયા છે અને જે રીતે હવે આંતરીક ખેંચતાણ છે તે જોતા મહારાષ્ટ્રમાં લોકસભા ચૂંટણીના પરિણામો સૌથી વધુ રસપ્રદ હશે તેવું મનાય છે.




## પંજાબના આશુતોષે ૮માં ક્રમે ઉતરી ફિફ્ટી ફટકારી

# ૧૯૨ રનના ટાર્ગેટ સામે ૧૨ રનમાં ૪ વિકેટ ગુમાવ્યા બાદ પંજાબની લડાયક ઈનિંગ્સ, છેલ્લી ઓવરમાં થઈ હાર : MI 9 રને જીત્યું

### સૂર્યકુમાર યાદવના ૫૩ બોલમાં ૭૮ રન : માત્ર ૨૧ રન આપી ત્રણ વિકેટ ઝડપનાર બુમરાહ પ્લેયર ઓફ ધી મેચ : મુંબઈ પોઈન્ટ ટેબલ પર સાતમા ક્રમે પહોચ્યું







સાંજ સમાચાર સ્પોર્ટ્સ ડેસ્ક - ચંદીગઢ :

મુલ્લાનપુર (ચંદીગઢ)માં ગુરુવારે પંજાબે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. પ્રથમ બેટિંગ કરતા મુંબઈએ ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૯૨ રન બનાવ્યા હતા. જવાબમાં પંજાબ કિંગ્સની ટીમ ૧૯.૧ ઓવરમાં ૧૮૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જસપ્રીત બુમરાહ પ્લેયર ઓફ ધ મેચ રહ્યો હતો. તેણે ચાર ઓવરના ક્વોટામાં ૨૧ રન આપીને ૩ વિકેટ લીધી હતી. ઉલ્લેખનિય છે કે પંજાબ કિંગસએ માત્ર ૧૨ રનમાં ચાર વિકેટ ગુમાવ્યા છતાં છેલ્લી ઓવર સુધી મેચ પહોંચી અને માત્ર ૯ રને હારી.

### આશુતોષ અને શશાંક સિંહની લડાયક બેટિંગ

પંજાબ કિંગ્સે ૫૯ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. પંજાબ કિંગ્સ તરફથી આશુતોષ શર્માએ કમાલની બેટિંગ કરી હતી. આશુતોષે ૨૮ બોલમાં ૨ ફોર અને ૭ સિક્સની મદદથી ૬૧ રન બનાવી આઉટ થયો હતો. શશાંક સિંહે ૨૫ બોલમાં બે ચોગ્ગા અને ત્રણ સિક્સ સાથે ૪૧ રન બનાવ્યા હતા.

### ખેલાડીઓનું પ્રદર્શનઃ સૂર્યની ફિફ્ટી, બુમરાહ-કુટજીએ ૩-૩ વિકેટ ઝડપી હતી

સૂર્યકુમાર યાદવે ૫૩ બોલમાં ૭૮ રનની અડધી સદી ફટકારી હતી. રોહિત શર્માએ ૩૬ રન અને તિલક વર્માએ અણનમ ૩૪ રન બનાવ્યા હતા. હર્ષલ પટેલે ૩ જ્યારે કેપ્ટન સેમ કુરેને ૨ વિકેટ ઝડપી હતી. કાગીસો રબાડાને એક વિકેટ મળી હતી.

જવાબમાં પંજાબ તરફથી આશુતોષ શર્માએ ૨૮ બોલમાં ૬૧ રન બનાવ્યા હતા જ્યારે શશાંક સિંહે ૨૫ બોલમાં ૪૧ રનનું યોગદાન આપ્યું હતું. જસપ્રિત બુમરાહ અને ગેરાલ્ડ કુટીઝે ૩-૩ વિકેટ લીધી હતી. હાર્દિક પંડ્યા, આકાશ માધવાલ અને શ્રેયસ ગોપાલને એક-એક વિકેટ મળી હતી. પંજાબના આશુતોષે ૮માં ક્રમે આવીને હાલ્ફ સેંચ્યુરી ફટકારી હતી.

### પંજાબે ટોપ-૫ બેટ્સમેન માત્ર ૨૧ રન બનાવી શક્યા

પંજાબનો ટોપ ઓર્ડર રન ચેઝમાં નિષ્ફળ રહ્યો. ટીમે ૧૦ રનના સ્કોર પર પ્રભાસિમરનની વિકેટ ગુમાવી દીધી હતી. ટીમના ટોપ-૫ બેટ્સમેનો વધુ યોગદાન આપી શક્યા ન હતા. ઓપનિંગ કરવા આવેલા કેપ્ટન સેમ કુરન ૬ રન, પ્રભાસિમરન ૦, રિલે રૂસો ૧, લિયામ લિવિંગ્સ્ટન ૧ અને હરપ્રીત સિંહ ભાટિયા ૧૩ રન બનાવીને આઉટ થયા હતા. આ તમામે મળીને માત્ર ૨૧ રન બનાવ્યા હતા.

### પોઈન્ટ ટેબલઃ મુંબઈ ૭માં નંબર પર આવી ગયું છે

પંજાબ ૩૩મી મેચ બાદ પોઈન્ટ ટેબલમાં નંબર-૯ પર આવી ગયું છે, જ્યારે પંજાબની ટીમ નંબર-૯ પર પહોંચી ગઈ છે. બંને ટીમો ૭-૭ મેચોની સમાન સંખ્યા રમી છે. મુંબઈએ ત્રણ જીત બાદ ૬ પોઈન્ટ મેળવ્યા છે જ્યારે પંજાબના બે જીત બાદ માત્ર ૪ પોઈન્ટ છે.

## અદાલતમાં કોઈપણ એડવોકેટની ગેરવર્તણુંક નહીં ચલાવવાની ટકોર

# ચિફ જીસ્ટસની કોર્ટમાં મહિલા એડવોકેટનુ ગેરવર્તનઃ બહાર કઢાયા

### ભરણપોષણના કેસમાં તારીખ મળતી ન હોવાના મામલે ઉંચા અવાજે બોલતા હાઈકોર્ટ ખફાઃ કન્ટેમ્પ કાર્યવાહી કરવા ચીમકીઃ હવે ચીફ જસ્ટીસની કોર્ટમાં હાજરી આપવા પર મનાઈ

અમદાવાદ: હાઈકોર્ટના ચીફ જસ્ટીસની ખંડપીઠની કોર્ટરૂમમાં ઉપસ્થિત મહિલા એડવોકેટના વાણી-વર્તન પ્રત્યે ચીફ જસ્ટીસ સુનીતા અગ્રવાલ અને જસ્ટીસ અનિરૂદ્ધ પી. માયીની ખંડપીઠે ભારે નારાજગી દર્શાવી હતી. એક તબકકે ચીફ જસ્ટીસે મહિલા એડવોકેટને કહ્યુ હતું કે, 'તમે (એડવોકેટ) ચીફ જસ્ટિસની કોર્ટમાં આવું વર્તન કરી શકતા હોય તો અમે સમજી શકીએ છીએ કે અન્ય કોર્ટમાં તમારું વાણી-વર્તન કેવું હશે. તમને કોર્ટનું સન્માન કે ગૌરવ જાળવતાં આવડતું નથી. આવું વર્તન અમે સહેજ પણ ચલાવી લઈશું નહીં. કોઈપણ એડવોકેટ કોઈ પણ જજ સાથે ગેરવર્તણુંક ન કરે એ સુનિશ્ચિત કરવાની જવાબદારી ચીફ જસ્ટીસ તરીકે મારી છે. આજ પછી તમને ચીફ કોર્ટમાં કેસ મેન્શનિંગ કરવાની મંજુરી મળશે નહીં. સોરી, પરંતુ પ્લીઝ લીવ ધી ડાયસ (તમે ડાયસ છોડીને જતાં રહો).'

ગુરુવારે ચીફ જસ્ટીસની કોર્ટમાં એક મહિલા એડવોકેટ એક કેસમાં પત્ની તરફથી ઉપસ્થિત રહીને રજુઆત કરી રહ્યા કે તેમનો કેસ લાંબા સમયથી પેન્ડીંગ છે અને સામાવાળા હાજર થતાં નથી. પત્નીના ભરણપોષણ અને હેરાનગતિનો આ કેસ છે. ચીફ જસ્ટીસે સવાલ કર્યો હતો કે તમારા કેસની તારીખ કઈ છે? ત્યારે એડવોકેટે કહ્યું હતું કે, 'તેમની મેટર બોર્ડ પર આવતી જ નથી.' આ તબકકે એડવોકેટનો અવાજ ઉંચો થયો હોવાથી ચીફ જસ્ટીસે બુમો નહીં પાડવા કહી ટકોર કરી હતી કે, 'દરેક કેસમાં ચોકકસ તારીખ તો આપવામાં આવે છે. કોર્ટ તારીખ નકકી કરે અથવા તો સિસ્ટેમેટીક રીતે તારીખ આવતી જ હોય છે ત્યારે તમારે કહેવું પડે કે કઈ તારીખ છે.'

એડવોકેટે કહ્યું હતું કે, 'અમને કોઈ ચોકકસ તારીખ અપાઈ નથી અને વેકેશન બાદ કેસ રાખવામાં આવ્યો છે.' હાઈકોર્ટે ટકોર કરી હતી કે, 'તમે એડવોકેટ છો અને તમારે કોર્ટમાં આવી રીતે બુમો પાડવી જોઈએ નહીં. તમે પહેલા બુમો પાડો છો અને પછી કહો છો કે આ તમારો કુદરતી અવાજ છે. અમે તમને આવી રીતે રજુઆતની મંજુરી આપશું નહીં. એટલું જ નહીં કોર્ટ કે કોઈપણ જજને 'યુ' (તમે) કહીનો સંબોધી શકો નહીં. આ કોઈ એક જજની વાત નથી. આ કોર્ટનો વિષય છે અને તમે કોર્ટના ગૌરવને નજરઅંદાજ કરી રહ્યા છો. તમે ડ્રોઈંગ રૂમમાં બેઠા નથી કે આવું વર્તન કરી શકો. અમે તમારી સામે કન્ટેમ્પ્ટની કાર્યવાહી કરીશું.' આ પ્રકારની ટકોર છતાંય મહિલા એડવોકેટે ઉંચા અવાજે દલીલો ચાલુ રાખતાં ચીફ જસ્ટીસે ભારે નારાજગી સાથે કહ્યું હતું કે, 'મહેરબાની કરીને તમારી ભાષા પર કાબુ રાખો અને ત્યારબાદ કોર્ટમાં આવો. નહીં તો તમને કોર્ટમાં કોઈપણ રજુઆત કરવાની તક નહીં આપવામાં આવે. તતમને કોર્ટનું ગૌરવ કે સન્માન જાળવતા આવડતું નથી. કોઈપણ કાઉન્સીલ આ રીતે વર્તી શકે નહીં. તમે ચીફ જસ્ટીસની કોર્ટમાં આવું વર્તન કરી શકવાની હિંમત રાખતા હોવ તો અમે સમજી શકીએ છીએ કે તમે અન્ય ન્યાયમૂર્તિની કોર્ટમાં કંઈ રીતે વર્તતા હશો. જો તમારી માફી માંગવી હોય તો લેખિતમાં માંગો. માફ કરજો, પરંતુ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ તરીકે મારી જવાબદારી છે કે કોઈપણ એડવોકેટ કોઈ પણ જજ સાથે ગેરવર્તન ન કરે અને એની સીમા ન ઓળંગે એ સુનિશ્ચિત કરું.'



એડવોકેટે ફરીથી કહ્યું હતું કે, 'મેં શું કર્યું છે? તમે કોઈ આદેશ જારી કરતા નથી એટલે હું અહી આવી છું.' ત્યારે કોર્ટે કહહ્યું હતું કે, 'તમે ફીથી કોર્ટને 'તમે' (યુ) કહીને સંબોધી રહ્યા છો. તમને આ કોર્ટમાં ઉપસ્થિત થવાની મંજુરી હવે પછીથી આપવામાં નહીં આવે.' ત્યારે એડવોકેટે કહ્યું હતું કે, 'એક મહિલા અરજદાર કોર્ટથી ન્યાયની આશા રાખી શકે નહીં.' હાઈકોર્ટે કહ્યું હતું કે, 'તમે મહિલા છો તેથી તમને સુનાવણીમાં પ્રાથમીકતા મળી શકે નહીં.' એડવોકેટે કહ્યું હતું કે, 'અમે આટલા આવેદન આપ્યા છે અને હવે અમારે કોર્ટની બહાર જ ઉભા રહેવાનું.' હાઈકોર્ટે કહ્યું હતું કે, 'મહેરબાની કરીને તમે ડાયસ પરથી ઉતરી જાવ અને કોર્ટની બહાર જતાં રહો.' ત્યારબાદ ચીફ જસ્ટીસે કોર્ટ ઓફિસરને કહ્યું હતું કે, 'હવે પછીથી આ એડવોકેટને મારી કોર્ટમાં મેન્શનિંગ કરવા દેશું નહીં.'

# સલમાનને મળેલી ધમકીને પગલે શાહરૂખની સુરક્ષા વધારાઈ

### એકટરને દરેક જગ્યાએ સુરક્ષાનો ઘેરો

દુબઈ તા.૧૯

મુંબઈનાં બાંદ્રા સ્થિત સલમાનખાનનાં ગેલેકસી એપાર્ટમેન્ટનાં ઘરમાં થયેલ ફાયરીંગની ઘટના બાદ બોલિવુડના કિંગખાન શાહરૂખખાનની પણ સુરક્ષા વ્યવસ્થા મજબુત કરી દેવામાં આવી છે. મુંબઈ પોલીસનાં સુત્રો બતાવે છે કે કિંગખાન સહીત જે સ્ટાર્સને પોલીસ સુરક્ષા મળી છે તેનો રિવ્યુ કરીને તેને વધુ કડક કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.



આ કડીમાં સૌથી પહેલા શાહરૂખખાન છે. જેને વાય પ્લસ સિકયોરીટી અપાઈ છે. સલમાનખાનનાં ઘરની બહાર થયેલી ફાયરીંગની ઘટના બાદ ૬ હથીયાધારી જવાનોની સાથે ૨૪ કલાક રહેતા શાહરૂખખાનની સુરક્ષા વધારી દેવાઈ છે. તેને અગાઉ પણ ધમકીઓ મળી ચૂકી છે. શાહરૂખખાન મુંબઈમાં રહે કે મુંબઈની બહાર તેને દરેક જગ્યાએ સુરક્ષાનાં ઘેરામાં રાખવાનો નિર્દેશ આપ્યો છે. કોલકતામાં પણ મેચ ખતમ થયા બાદ કિંગખાન કડક સુરક્ષામાં દેખાયો હતો. તેની ફિલ્મો પઠાન, જવાન આવી હતી ત્યારે તેને ધમકીઓ મળી હતી.

## ડાયરેક્ટરોની પેઢીઓને લોનની ખેરાત, સેવિંગ ખાતામાં ગોટાળા અને ઇન-ઓપરેટીવ ખાતાઓમાં ગેરકાયદે દંડ

# રાજકોટ નાગરિક બેંકને રૂા.૪૩.૩૦ લાખની પેનલ્ટી ફટકારતી RBI

### રાજકોટ-સૌરાષ્ટ્રના સહકારી બેંક ઇતિહાસમાં અત્યાર સુધીની સૌથી મોટી પેનલ્ટીઃ ગત વર્ષે ૧૩ લાખના દંડનો પોતાનો જ ‘રેકોર્ડ’ તોડ્યાની ચર્ચાઃ સહકારી ક્ષેત્ર-થાપણદારોમાં ખળભળાટ

રાજકોટ, તા.૧૯

રાજકોટની જાણીતી સહકારી બેન્ક એવી રાજકોટ નાગરિક સહકારી બેન્કને રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ ૪૩.૩૦ લાખની ધરખમ પેનલ્ટી ફટકારતા સહકારી જગત તથા થાપણદારોમાં ખળભળાટ સર્જાયો છે. બેન્કના ડાયરેક્ટરોની હિત ધરાવતી પેઢીઓને લોનની ખેરાત કરવા ઉપરાંત સેવીંગ ખાતા ખોલવામાં ગોટાળા અને ઇન ઓપરેટીવ ખાતાઓમાં પેનલ્ટી લાગી કરવા એવા કારણોસર આ આકરુ કદમ ઉઠાવવામાં આવ્યું છે.

રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ નાગરિક બેન્કને પાઠવેલા ‘પેનલ્ટી પત્ર’માં એમ કહ્યું છે કે ૩૧ માર્ચ ૨૦૨૨ના રોજ કાનૂની ઇન્સ્પેક્શન હાથ ધરવામાં આવ્યું હતું અને તેમાં રીઝર્વ બેન્કના દિશા નિર્દેશોનું પાલન કરવામાં આવ્યું ન હોવાનું માલુમ પડ્યું હતું જેના આધારે બેન્કને તાકિદ કરીને શોકોઝ નોટીસ ઇસ્યુ કરવામાં આવી હતી. બેન્ક દ્વારા નોટીસનો જવાબ આપવામાં આવ્યા ઉપરાંત રૂબરૂ સુનાવણીમાં બચાવ રજુ કરવામાં આવ્યો હતો પરંતુ રીઝર્વ બેંકના નિયમોનો ભંગ થતો જ હોવાનું સ્પષ્ટ થતાં પેનલ્ટી ફટકારવામાં આવી છે.

નાગરિક બેન્ક દ્વારા રીઝર્વ બેન્ક દ્વારા નિશ્ચિત દિશા-નિર્દેશો પૈકી ૩ નિયમોનો ભંગ કરવામાં આવ્યું હોવાનું જાહેર થયું છે. તેમાં બેંકના ડાયરેક્ટરોની પેઢીને લોન આપવામાં આવી હતી બેન્ક ઉપરાંત આ ડાયરેક્ટર પેઢીમાં પણ ડાયરેક્ટર કે ટ્રસ્ટી હોવાનું સાબિત થયું હતું આ સિવાય કેટલાક લાયકાત વગરના લોકોના બચત ખાતા નહીં ખોલવાની સુચના હોવા છતાં બેંક દ્વારા આવા ખાતા ખોલવામાં આવ્યા હતા. આ ઉપરાંત કેટલાક ઇન ઓપરેટીવ ખાતા હોવા છતાં બેન્ક દ્વારા મીનીમમ બેલેન્સ નહીં જાળવવાના નામે પેનલ્ટી ફટકારવામાં આવી હતી. બેન્કીંગ રેગ્યુલેશન એક્ટ ૧૯૪૯ની કલમ ૪૭-એ (૧)(સી)ની જોગવાઇ ૪૬(૪)(આઇ) અને ૫૬ હેઠળ આ નાણાંકીય પેનલ્ટી ફટકારવામાં આવી હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું.

રીઝર્વ બેન્કના આ પગલાથી સમગ્ર સહકારી જગતમાં ખળભળાટ સર્જાયો છે. થાપણદારોમાં પણ તીવ્ર પ્રત્યાઘાતો પડવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે. સહકારી બેન્કોના સુત્રોએ જણાવ્યું હતું કે માત્ર રાજકોટ જ નહીં સૌરાષ્ટ્ર ભરની સહકારી બેન્કોના ઇતિહાસમાં આ સૌથી મોટામાં મોટી પેનલ્ટી હોવાની શક્યતા છે. આ પૂર્વે ગત વર્ષે પણ નાગરિક બેન્કને રીઝર્વ બેન્કે ૧૩ લાખની પેનલ્ટી ફટકારી હતી. નાગરિક બેન્કે સૌથી મોટી પેનલ્ટીનો પોતાનો જ રેકોર્ડ તોડ્યો હોવાની છાપ છે.

રીઝર્વ બેન્કે રાજકોટની નાગરિક બેંક ઉપરાંત દેશની અન્ય ચાર બેન્કોને પણ નોટીસો ફટકારી છે. દિલ્હીની કાંગરા કો-ઓપરેટીવ બેન્ક, લખનઉની રાજધાનીનગર સહકારી બેન્ક તથા ઉત્તરાખંડની જિલ્લા સહકારી બેન્કને પાંચ-પાંચ લાખની તથા દહેરાદુનની ડીસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેન્કને બે લાખની પેનલ્ટી ફટકારી છે. પાંચેય બેંકોને કુલ મળી ૬૦.૩૦ લાખનો દંડ ફટકારાયો છે.

### કોંકણ હાફૂસ કેરી ઉત્પાદક-વિક્રેતા સહકારી સમિતિએ કોડ જાહેર કર્યા

# ક્યુઆર કોડ બતાવશે કે હાફૂસ કેરી અસલી છે કે નકલી

### કોડ સ્કેન કરતાં જ ખબર પડી જશે કેરીની એકસપાયરી ડેટ-પેકીંગ ડેટ અને ખેડૂતનાં બારામાં



મુંબઈ તા.૧૯

જીઆઈ ટેગવાળી કોંકણની હાફુસ કેરીના નામે છેતરપીંડી રોકવા માટે હવે નવા ક્યુઆર કોડનો ઉપયોગ થશે.કોંકણ હાફુસ કેરી ઉત્પાદક અને વિક્રેતા સહકારી સમિતિએ જીઆઈ રજીસ્ટર્ડ ખેડુતોને કોડ ઉપલબ્ધ કરાવ્યા છે. આથી ગ્રાહકોને ખબર પડી જશે કે કેરી અસલી છે કે નકલી. જોકે વાસી એવીએમપી માર્કેટમાં આ કેરી હજુ વેચાવા માટે આવી નથી. ફરીયાદો મળી છે કે હાફુસના નામે કર્ણાટકની કેરીઓ વેચવામાં આવી રહી છે.

કોંકણની દેવગઢ હાફુસ કેરીને મહત્વ જાળવી રાખવા માટે ડૉ.વિવેક ભીંડિનાં નેતૃત્વમાં હાફુસ ઉત્પાદક સંગઠનોએ બે વર્ષ પહેલા ક્યુઆર કોડ પ્રણાલી શરૂ કરી હતી. શરૂઆતમાં અનેક પડકારો આવેલા કોડનો બીજીવાર ઉપયોગની આશંકા હતી. આ વર્ષે નવા કોડ તૈયાર કરવામાં આવ્યા છે. તેના બીજીવાર ઉપયોગનાં ચાન્સ ઓછા છે.

**એપીએમસી જુએ છે રાહ:**

નવી મૂંબઈના કેરીના વેપારી સુનિલ કેવટે જણાવ્યું હતું કે એપીએમસી ફળ બજારમાં કોંકણ કેરીની આવક તો વધી ગઈ છે પણ જેટલા ક્યુઆર કોડ ખેડુતોને મળ્યા છે તે ઓછા છે.આ સ્થિતિમાં ક્યુઆર કોડવાળી કેરી હજુ આવી નથી.

આમ કે આમ કિસાનો કો સહી દામ!

મહારાષ્ટ્ર રાજ્ય કેરી ઉત્પાદક સંઘના અધ્યક્ષ ચંદ્રકાંત મોકલે કહ્યું હતું કે નકલી કેરીની આવક રોકવા માટે કોંકણમાં જ હાફુસની બ્રાન્ડીંગ કરવામાં આવી રહી છે. અમે એપીએમસી વેપારીઓને માર્કેટીંગ વિભાગ મારફત આ દિશામાં નિર્દેશ કરવાની માંગ કરી છે. જેથી ખેડૂતોને સાચા ભાવ મળે અને ગ્રાહકોને અસલી હાફુસ

# ભેદભાવ કેમ ? : કોંગ્રેસના ઉમેદવારના નામાંકન સમયે કલેકટર દ્વારા માત્ર પાંચ વ્યકિતઓને જ ચેમ્બરમાં રહેવાની ટકોર

### શહેર કોંગ્રેસ પ્રમુખે દલીલ કરતા ધાનાણીએ શાંત પાડ્યા : પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

રાજકોટ, તા. ૧૯

રાજકોટ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ આજે બપોરના ૧૨.૩૯ કલાકના વિજય મુહૂર્તમાં પોતાની ઉમેદવારી જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી સમક્ષ ઉમેદવારી ફોર્મ રજૂ કરી નોંધાવી હતી. આ સમયે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશીએ જાહેરનામા મુજબ માત્ર પાંચ વ્યકિતઓને જ ચેમ્બરમાં ઉપસ્થિત રહેવા કોંગ્રેસના ઉમેદવાર સહિતના આગેવાનોને ટકોર કરી હતી.

આ સમયે શહેર કોંગ્રેસના પ્રમુખ અતુલ રાજાણીએ એવી ટકોર કરી હતી કે ભેદભાવ શું કામ રાખો છો ? ભાજપના ઉમેદવારના નામાંકન સમયે ચેમ્બર ભરચક રહેવા પામી હતી જયારે અમારા ઉમેદવારના નામાંકન સમયે જ નિયમ બતાવી આવી ટકોર શું કામ ? આ તકે કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ શહેર કોંગ્રેસના પ્રમુખ અતુલ રાજાણીની સામે હાથ લાંબો કરી તેઓને ટાઢા પાડયા હતા. અહીં ઉલ્લેખનીય છે કે કોંગ્રેસના ઉમેદવારના નામાંકન સમયે આજે પણ કલેકટર ચેમ્બરની બહાર ધકકામુકકી થવા પામી હતી. જોકે પોલીસ દ્વારા બંદોબસ્ત જાળવી રાખવામાં આવ્યો હતો.

# રાજકોટ લોકસભાની બેઠક માટે ૩૪૮ ઉમેદવારી ફોર્મ ઉપડયા બાદ આજે બપોર સુધીમાં માત્ર ૨૫ના નોમીનેશન

### ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મુખ્ય જંગ ખેલાશે : બીએસપી, બહુજન મુકિત પાર્ટી તેમજ આઠથી વધુ અપક્ષ

રાજકોટ, તા. ૧૯

રાજકોટ લોકસભાની બેઠક ઉપર નામાંકન પ્રક્રિયાના અંતિમ દિવસે આજે બપોરે ૩ વાગ્યા સુધીમાં વધુ ૬ ફોર્મ ઉપડતા ઉમેદવારી ફોર્મનો કુલ આંકડો ૩૪૮ પર પહોંચી ગયો છે જયારે તેની સામે આજે બપોર સુધીમાં માત્ર ૧૩ ઉમેદવારોના ૨૫ નામાંકન પત્રો ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ થવા પામેલ છે.

જેમાં ભારતીય જનતા પક્ષના પરસોતમભાઇ રૂપાલા તેમના ડમી તરીકે મોહનભાઇ કુંડારીયા તેમજ બહુજન સમાજ પાર્ટીના ચમનભાઇ સવસાણી, બહુજન મુકિત પાર્ટીના પ્રકાશભાઇ સિંધવ, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પરેશભાઇ ધાનાણી તેમના ડમી ડો. હેમાંગ વસાવડા તેમજ અપક્ષ ઉમેદવાર તરીકે સર્વશ્રી અમરદાસ દેસાણી, ભાવેશભાઇ આચાર્ય, નયનકુમાર ઝાલા, નિલેશકુમાર અજાગીયા, સોની મહાજન નરેન્દ્રભાઇ અમૃતલાલ, લોહાર જીજ્ઞેશભાઇ રાજેશભાઇ તથા વેગડા રામજીભાઇ ગોવિંદભાઇ તેમના નામાંકન પત્ર ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશી સમક્ષ રજૂ કરી ઉમેદવારી નોંધાવી છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે લોકસભાની ચૂંટણીનું જાહેરનામું પ્રસિધ્ધ થયા બાદ કુલ ૧૩૨ વ્યકિતઓએ ૩૪૮ જેટલા ઉમેદવારી ફોર્મ કલેકટર કચેરીમાંથી ઉપાડયા હતા. જેની સામે આજે ઉમેદવારી ફોર્મ રજૂ કરવાના અંતિમ દિવસે બપોર સુધીમાં ૧૩ ઉમેદવારોના ૨૫ નામાંકન પત્ર ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ થવા પામેલ છે.

### ચાલુ માસ અને આવતા માસ દરમ્યાન લેવાનાર

# જુનીયર અને સીનીયર કલાર્કની પરીક્ષા હાલ મોકુફ રાખતું ગૌણ સેવા પસંદગી મંડળ

### પરીક્ષાની નવી તારીખો ચૂંટણીઓ બાદ જાહેર કરાશે

રાજકોટ, તા. ૧૯

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે ચાલુ માસ અને આવતા મહિના દરમ્યાન લેવાનાર જુનીયર અને સીનીયર કલાર્કની પરીક્ષા વહીવટી કારણોસર હાલ સ્થગિત કરી દેવાઇ છે અને લોકસભાની ચૂંટણીઓ બાદ હવે પરીક્ષાની નવી તારીખ જાહેર કરાશે તેમ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે જાહેર કર્યુ છે.




મંડળના સચિવ હસમુખ પટેલના જણાવ્યા મુજબ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરની જાહેરાત ક્રમાંકઃ ૨૧૨/૨૦૨૩૨૪, ગુજરાત ગૌણ સેવા, વર્ગ-૩ (ગ્રુપ-એ તથા ગ્રુપ-બી) ની પ્રથમ તબક્કાની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા તા. ૧-૪ ના રોજથી શરૂ કરવામાં આવેલ છે. મંડળ દ્વારા આયોજીત પરીક્ષા કાર્યક્રમની તા. ૨૦,૨૧,૨૭,૨૮ એપ્રિલ ૨૦૨૪ અને તા. ૦૪,૦૫ મે ૨૦૨૪ના રોજ રાખવામાં આવેલ તમામ શિફ્ટની પરીક્ષાઓ વહીવટી કારણોસર હાલ પુરતી મોકૂફ રાખવામાં આવેલ છે તથા તા. ૮-૫ અને ૯-૫ના રોજનો પરીક્ષા કાર્યક્રમ યથાવત રાખવામાં આવેલ છે. મોકૂફ રાખવામાં આવેલી પરીક્ષાની નવી તારીખો ટૂંક સમયમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા જણાવવામાં આવેલ છે.


સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...
સાંજ સમાચાર
ટૂંકી જાહેરાત સાંજ સમાચારમાં ગુરૂવાર-શનિવારના અંકમાં પ્રસિધ્ધ
★ ઓછામાં ઓછી ૪ લાઈન
★ ફક્ત રોકડા રૂપિયાથી સ્વીકારાશે
★ સવારના ૧૦ થી સાંજના ૮ સુધી
★ અમારે દરેક ગામ/શહેર એજન્ટ અને ખબરપત્રી દ્વારા પણ આપી શકાશે.
- વ્યવસ્થાપક



NEW ACTIVA
મેગ્નેટ (શટર લોક ચાવી)
માત્ર ૫ મિનિટમાં
(ઇટાલીયન ટેકનોલોજી દ્વારા)
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.





સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
ગરમી સામે સાવચેતી એ જ સલામતી
હીટવેવ સામે લડવા સજ્જ રહીએ, ગરમીમાં ‘લૂ’ લાગવાથી બચીએ
ઉનાળાની ગરમીમાં ‘લૂ’ લાગવા (હીટ સ્ટ્રોક)થી રક્ષણ મેળવવાના આરોગ્યલક્ષી ઉપાયો
આટલું જરૂર કરશો
• ઘરની બહાર હોય ત્યારે માથાનો ભાગ કપડા, છત્રી કે ટોપીથી ઢાંકી રાખો
• વજનમાં હળવા હોય તેવા સુતરાઉ વસ્ત્રો પહેરો
• તરસ ન લાગે છતાં પર્યાપ્ત માત્રામાં પાણી પીવાનો આગ્રહ રાખો
• આંખોના રક્ષણ માટે સન ગ્લાસીસ અને ત્વચાના રક્ષણ માટે સન સ્ક્રીન લગાવો
• ઓ.આર.એસ દ્રાવણ, છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ, નાળિયેર પાણી સહિતના પીણાંનું સેવન કરો
• ગરમી સામે રક્ષણ માટે પ્રાથમિક સારવાર અંગે તાલીમ લેવી
• બાળકો, વૃદ્ધો અને બીમાર વ્યક્તિઓએ વિશેષ કાળજી રાખવી
આટલું ન કરશો
• બપોરના ૧૨ વાગ્યાથી ૦૩ વાગ્યા સુધી તડકામાં ન જવું, ઉઘાડા પગે બહાર ન જવું
• બપોરના સમયે બહાર હોય ત્યારે શ્રમ પડે તેવી પ્રવૃત્તિ ન કરવી
• બપોરના સમયે રસોઈ કરવાનું ટાળો અને રસોડાના બારી અને બારણાં ખુલ્લા રાખો
• શરીરમાંથી પાણીનું પ્રમાણ ઘટાડે તેવા ચા, કોફી કે સોફ્ટ ડ્રિંક ન લેવા
• પ્રોટીનની વધુ માત્રા હોય તેવા મસાલેદાર, તળેલા, વધુ પડતા મીઠાવાળા આહાર ન લેવા
થોડી વધુ સાવચેતી
• શક્ય હોય ત્યાં સુધી ઘરમાં જ રહો
• ઘરગથ્થું ઉપાય જેવા કે કાચી કેરી સાથે ડુંગળીમાં ધાણાજીરૂ નાખેલું કચુંબર ‘લૂ’ સામે રક્ષણ આપે છે
• સૂકા પાંદડા, ખેતીનો કે અન્ય કચરો બાળશો નહિ
• ઊર્જા કાર્યદક્ષ સાધનો, શુદ્ધ બળતણ અને ઊર્જાના વૈકલ્પિક સ્ત્રોતનો ઉપયોગ કરવો

ખેડૂતો અને પશુપાલકોએ નીચે મુજબની સાવચેતી રાખવી
• વહેલી સવારે અથવા સાંજે સિંચાઈ કરો
• પાકના વિકાસના મહત્વના સ્તરે સિંચાઈની માત્રા વધારો
• નિંદામણ કરીને જમીનના ભેજનું પ્રમાણ જાળવો
• પશુઓને છાંયડામાં રાખો અને તેમને શુદ્ધ અને ઠંડુ પાણી પુષ્કળ પ્રમાણમાં આપો
• પશુઓને સવારના ૧૧ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી બહાર કાઢવાનું ટાળો
• મરઘા ઉછેર કેન્દ્રમાં પડદા લગાવો અને હવા-ઉજાસની યોગ્ય વ્યવસ્થા કરો.
• પશુઓને આહારમાં લીલો ચારો આપો અને પ્રોટીન ચરબી વગરનો તથા ખનીજ દ્રવ્ય યુક્ત ખોરાક આપો
• પશુઓના આશ્રય સ્થાનમાં પંખા લગાવો, પાણીનો છંટકાવ કરો તેમજ આશ્રય સ્થાનને છાણ, માટી અથવા સફેદ રંગથી રંગો

હેલ્પલાઈન નંબર-૧૦૭૭
ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

## મનને જીત્યા અને બન્યા મહાવીર

# ચૈત્ર સુદ તેરસ અને રવિવારે ભગવાન મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ : પ્રભુ મહાવીરનું જીવન કવન

પરમ કૃપાળુ પરમાત્મા ત્રિલોકીનાથ વીર વર્ધમાન-મહાવીરનો આત્મા કર્મના સંયોગે ઋષભદત્ત બ્રાહ્મણના ઘેર માતા દેવાનંદાની કુક્ષિમાં ૮૨ રાત્રિ રહ્યા બાદ દેવો દ્વારા ગર્ભનું સંહરણ થયું.

માતા ત્રિશલાને અર્ધ જાગૃત અવસ્થામાં હાથી,દેવ વિમાન આદિ ૧૪ મહા સ્વપન આવ્યાં. ત્રિશલા માતાએ ધર્મ જાગરિકા કરતાં રાત વ્યતિત કરી અને સુપ્રભાત થતાં જ સિધ્ધાર્થ રાજાને સપનાની વાત કરી.રાજાએ કુશળ સ્વપન પાઠકોને બોલાવી સપનાનું ફળ બતાવવા આજ્ઞા કરી. સ્વપ્ન પાઠકોએ કહ્યું હે મહારાજાધિરાજ !



તમારે આંગણે જગતનો નાથ, કરૂણાસાગર, સિંહ જેવો શૂરવીર,ચંદ્ર જેવો નિર્મળ,સૂર્ય જેવો ઓજસ્વી અને તેજસ્વી મહાપુરૂષ અવતરશે.

માતા ત્રિશલાની કૂખે ગર્ભ ધારણ થતાં જ સારાયે ક્ષત્રિયકૂંડ નગરમાં ધન-ધાન્ય આદિ અપરંપાર વૃદ્ધિ થવા લાગી. ગર્ભકાળ પૂર્ણ થતાં જ ચૈત્ર સુદ તેરસના દેવાધિદેવનો જન્મ થયો.

૬૪ ઈન્દ્રો, ૫૬ દિશા કુમારીકાઓ તથા મનુષ્ય લોકના માનવીઓએ જન્મ કલ્યાણક મહોત્સવ આનંદોલ્લાસ પૂર્વક ઊજવ્યો.ત્રણે લોકમાં પ્રકાશ-અજવાળા પથરાઈ ગયાં. માતા-પિતાએ ગુણ નિષ્પન એવું 'વર્ધમાન' નામ રાખ્યું.

જૈનાગમ સૂયગડાંગ સૂત્ર અધ્યયન ૬,અનુસાર ભગવાન મહાવીરના વીર, વર્ધમાન, સન્મતિ, વૈશાલિક,જ્ઞાત પુત્ર વગેરે નામોલ્લેખ છે.

પ્રભુ મહાવીરે કહ્યુ સહિષ્ણુતા એ શ્રેષ્ઠ ધર્મ છે :

પ્રભુ મહાવીરે સતત સાડા બાર વર્ષ અને એક પખવાડિયા સુધી આર્ય અને અનાર્ય દેશમાં,કયારેક ઉદ્યાનમાં તો કયારેક જંગલમાં વિચરણ કરી દેવ,મનુષ્ય અને તિર્યંચકૃત અનેક પરિષહો અને ઉપસર્ગોને હસતાં મુખે સમતા ભાવે સહન કરી જગતને સંદેશો આપ્યો કે..

**'સહિષ્ણુતા એ શ્રેષ્ઠ ધર્મ છે'.**

એક જ રાતમાં સંગમ નામના દેવે વીસ-વીસ ઉપસર્ગો આપ્યાં છતાં કરૂણાનિધાને સહન કર્યાં.. કહેવાય છે કે પ્રભુની આંખમાંથી કરૂણાના બે બિંદુ ટપકી પડ્યાં કે...આ સંગમનું શું થશે ? ચંડ કૌશિક સર્પ કે જેની દ્રષ્ટિમાં હળાહળ ઝેર હતું તેણે જયારે પરમાત્માને ડંખ દીધા ત્યારે પ્રભુના મુખમાથી શબ્દો સરી પડેલ... સંબુજ્ઝ..કિં..ન બુજ્ઝહ...અર્થાત હે ચંડ કૌશિક ! શાંત થા..શાંત થા.બોધને કેમ પ્રાપ્ત કરતો નથી ? યાદ કર તારા પૂર્વ ભવને ! સાધુ થઈને ક્રોધ કર્યો તો તું સર્પ બન્યો... હવે શાંત થઈ જા.

પ્રભુની અમૃત વાણી સાંભળી ચંડ કૌશિકના જીવનમાં વળાંક આવ્યો, પશ્ચાતાપ થયો ફળ સ્વરૂપે આઠમું દેવલોક મળ્યું. કોઈક પ્રભુના કાનમાં ખીલા ઠોક્યા તો કોઈક પ્રભુની પાછળ કુતરાઓ દોડાવ્યા. પ્રભુએ હસતાં મુખે આ બધા ઉપસર્ગોને સહન કર્યા. દેવલોકનો ઈન્દ્ર પ્રભુને આજીજી અને કાકલુદી કરે કે હે દેવાધિદેવ ! હું સતત આપની સેવા કરવા ઈચ્છુ છું ત્યારે પ્રભુ કહે ન અઠે.. ન સમઠે.

પ્રભુની નજર સમક્ષ ગોશાલકે સુનક્ષત્ર અને સર્વાનુભૂતિ નામના બે સાધુઓને બાળીને ભડથુ કરી નાખ્યા અને પ્રભુ ઉપર પણ તેજો લેશ્યા છોડી જેનાથી પ્રભુને છ માસ સુધી દાહજવર થઈ ગયો.આમ છતાં પરમાત્માએ જગતના દરેક જીવોને પોતાના જ આત્મા સમાન સમજ્યા. ગોશાલક હોય કે ગૌતમ ગણધર,ચંડ કૌશિક હોય કે ચંદનબાળા,જમાલિ હોય કે જયંતિ શ્રાવિકા પ્રભુ માટે દરેક આત્મા સરખા.

પ્રભુ મહાવીર મોક્ષ માર્ગમાં મેરૂ પર્વતની જેમ અડોલ અને અડગ રહી કર્મો ખપાવી પારગામી થયા.

પ્રભુ મહાવીરના શાસનમાં ૧૪૦૦૦ શ્રમણો, ૩૬૦૦૦ શ્રમણીઓ( સાધ્વીજીઓ),૧,૫૯,૦૦૦ શ્રમણોપાસકો,૩,૧૮,૦૦૦ શ્રાવિકાઓ હતાં. જેમાં મગધ અને અંગ દેશના અધિપતિ સમ્રાટ શ્રેણિક મહારાજા, ચંપા નરેશ કોણીક જેવા ભક્તો પણ હતાં કે જેઓ પ્રભુના મંગલ પદાર્પણના સમાચાર આપનારનું દારિદ્ર દૂર કરી દેતાં.

પ્રભુએ કર્મ સંગ્રામમાં વિજય પ્રાપ્ત કરી ચાર ઘાતિ કર્મોનો ક્ષય કરી વૈશાખ સુદ દશમના ગોદુ આસને ચોથા પ્રહરમાં છઠ્ઠ તપની આરાધના સાથે ધ્યાનસ્થ અવસ્થામાં કેવળજ્ઞાન અને કેવળ દર્શનને પ્રાપ્ત કર્યુ. અસંખ્ય દેવોએ કેવળ મહોત્સવ ઊજવ્યો. કેવળ જ્ઞાનની પ્રાપ્તિ પછી જ પ્રભુએ ઉપદેશ-ધર્મ દેશના આપવાનું શરૂ કર્યું.

પ્રભુની દેશના અર્ધમાગધી ભાષામાં સૌ પોતપોતાની ભાષામાં સમજી જાય તેવી,ક્રૌંચ પક્ષીની જેવી મંજુલ સ્વરી,મીઠી મધુરી,માલકોષ રાગમાં,ગંભીર અને વૈરાગ્ય સભર ૩૫ ગુણયુક્ત જિનવાણી હોય છે.પ્રભુની અણમોલ વાણીનું શ્રવણ કરવા ૧૨ પ્રકારની પરિષદ આવે તેમાં સૂર્યાભદેવ પણ આવે અને સુબાહુકુમાર પણ આવે.જિનવાણીનું અમૃત પાન કરી અર્જુન માળી જેવા ખુનીમાંથી મુનિ બની ગયાં, કંઈક ભાગ્યશાળી આત્માઓ ભોગીમાંથી યોગી બની ગયાં, કંઈક હળુ કર્મી આત્માઓ જીવમાંથી શીવ બની ગયાં.

અરે ! પેલા નંદ મણિયારનો આત્મા દેવાધિદેવના દર્શન માત્રની ભાવનાથી દેડકો દર્દુર દેવ બની ગયો.

**પ્રભુ મહાવીર કહે છે માનવનો ભવ એટલે અનંતા ભવોનો અંત કરવાનો ભવ :**

પ્રભુના સમવસરણની રચના દેવો કરે છે.પ્રભુના ઈન્દ્રભૂતિ આદિ ૧૧ ગણધર ભગવંતો હતાં. કહેવાય છે પ્રભુ આ ગણધર ભગવંતોને ત્રિપદી આપે અને ગણધરો તેમાથી અંગસૂત્રોની રચના કરે,ગ્રંથસ્થ કરે.પરમાત્મા ૧૦૦૮ ઉત્તમ લક્ષણોના ધારક હોય,૮ પ્રતિહાર્ય હોય ૩૪ અતિશયો તેમજ ૭૨ કલાઓમાં પ્રવિણ હોય. જૈનાગમ શ્રી સુયગડાંગ સૂત્રમા આગમકાર ભગવંતોએ ફરમાવ્યુ કે દાનમાં અભયદાન, તપમાં બ્રહ્મચર્ય, ઉપવનોમાં નંદનવન, ધ્વનિઓમાં મેઘ ધ્વનિ,હાથીઓમાં ઐરાવત, પશુઓમાં સિંહ, પક્ષીઓમાં ગરૂડ, નદીઓમાં ગંગા તેમ મુનિઓમાં, જ્ઞાનીઓમાં, તપસ્વીઓમાં ભગવાન મહાવીર શ્રેષ્ઠ હતાં.અઢાર દેશના રાજા-મહારાજાઓ અને વિશાળ જન મેદની સમક્ષ પરમ પૂણ્યશાળી પાવાપુરીના પ્રાંગણે પ્રભુએ પોતાની અંતિમ ધર્મ દેશના-ઉપદેશ સ્વરૂપે શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અને શ્રી વિપાક સૂત્રની વાંચના આપી.જીવનરૂપી દીવામાંથી આયુષ્યરૂપી તેલ પૂર્ણ થવામાં હતું ત્યારે કોઈ પ્રાર્થના કરે કે હે પ્રભુ ! માત્ર બે ઘડીનું આપનું આયુષ્ય વધારી અમારી ઉપર કૃપા કરો.આ સાંભળી ત્રિલોકીનાથ પ્રત્યુત્તર આપે કે ન ભૂતો, ભવિષ્યતિ, ન અઠે,ન સમઠે અર્થાત ભૂતકાળમાં આવું કદી થયું નથી, ભવિષ્યમાં કદી થશે નહીં. મૃત્યુને પાછુ ઠેલવવામાં કોઈ સમર્થ નથી. આસો વદ અમાસના પ્રભુનો આત્મા આઠેય કર્મોથી મુક્ત થઈ ૭૨ વર્ષનું આયુષ્ય પરીપૂર્ણ કરી અનંતા સિદ્ધ ભગવંતોની સાથે જયોતમાં જયોત મિલાવી નિર્વાણ પામી સિદ્ધ, બુધ્ધ અને મુક્ત થયા.



: સંકલન :
મનોજ ડેલીવાળા
મો.૯૮૨૪૧ ૧૪૪૩૯

# ફોર્મ ભરવાની મુદ્દત પૂર્ણ : રાજકોટ માં ૧૬ ઉમેદવારો મેદાનમાં

## ભાજપ, કોંગ્રેસ, બસપા, અને બહુજન મૂકિત પાર્ટીએ પક્ષ લેવલે તથા અન્ય ૧૦ ઉમેદવારોએ અપક્ષ તરીકે ફોર્મ ભર્યા

રાજકોટ તા. ૧૯

ગુજરાતની ૨૬ લોકસભા બેઠક માટે આગામી ૭ મે ના રોજ યોજાનારી ચૂંટણી માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ છે. રાજકોટની સંસદીય બેઠક માટે કુલ ૧૬ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. જેમાં ભાજપ, કોંગ્રેસ, બસપા, બહુજન મૂકિત પાર્ટી તથા અપક્ષોનો સમાવેશ થાય છે. લોકસભા ચૂંટણી માટે બપોરે ૩ વાગ્યા સુધીની મુદત હતી અને ત્યાં સુધીમાં ૧૬ ઉમેદવારોના ૨૮ ફોર્મ રજૂ થયા હતા. ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોએ ૪-૪ ફોર્મ રજૂ કર્યા હોવાથી ૧૬ ઉમેદવારોના ઉમેદવારી પત્રકોની સંખ્યા ૨૮ થઈ હતી.

સતાવાર રીપાર્ટ પ્રમાણે ભાજપમાંથી પરસોત્તમ રૂપાલા અને મોહન કુંડારીયાએ ફોર્મ ભર્યા હતા. ત્યારે ભાજપમાંથી પરેશ ધાનાણી અને હેમાંગ વસાવડાના ફોર્મ રજૂ થયેલા છે. બહુજન સમાજ પાર્ટી ના ચમનભાઇ સવસાણી, બહુજન મૂકિત પાર્ટીના પ્રકાશ સિંધવ ના નામ છે. આ સિવાય અમરદાસ દેસાણી, ભાવેશ આચાર્ય, નયનકુમાર ઝાલા, નિરલકુમાર અજાગીયા, નરેન્દ્રભાઈ અમૃતલાલ સોની, જીજ્ઞેશભાઈ રાજેન્દ્રભાઈ લોહાર, રામજીભાઈ ગોવિંદભાઈ વેગડા, રૂડાભાઈ વાલજીભાઈ મેરાણ, ભાવેશ કાંતિલાલ પીપળીયા તથા સુભાષ અંબાશંકર પંડયાએ અપક્ષ ઉમેદવારી કરી છે. પરસોત્તમ રૂપાલા સામે આંદોલન વચ્ચે ક્ષત્રિય સમાજે ૧૦૦થી વધુ ફોર્મ ભરવાનું જાહેર કર્યું હતુ. પરંતુ તેમના એક પણ ફોર્મ ભરાયા નથી.

# તાલાલાનાં લાડુડી ગામે લગ્નપ્રસંગનાં જમણવાર બાદ ૨૫૦ જાનૈયા-માંડવિયાઓને ફુડ પોઈઝનિંગ

## તમામને સારવારમાં ખસેડાતા આરોગ્ય કેન્દ્રમાં બેડ ખુટી પડ્યાઃ બાંકડા-જમીન ઉપર સુવડાવી સારવાર આપવાની ફરજ પડીઃ તમામ ભયમુક્ત







તાલાલા, તા.૧૯

તાલાલાના લાડુડી ગામે સાંજના સમયે લગ્નપ્રસંગના જમણવારમાં ભોજન લીધા બાદ ૨૫૦ જેટલા જાનૈયા-માંડવીયાઓને ઝાડા-ઉલ્ટી થતા તમામને સારવાર માટે કોડીદ્રા, પડવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને તાલાલા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સારવારમાં ખસેડાયા હતા. જેમાં હોસ્પિટલ કેન્દ્રમાં સારવારમાં ખસેડાયા હતા જેમાં હોસ્પીટલમાં બેડ ખુટી પડતા બાંકડા-જમીન પર સુવડાવી સારવાર આપવામાં આવી હતી.

**ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે શીખંડ-છાસના સેમ્પેલ લીધા**

માથાસુરિયા ગામે સોલંકીની દીકરીના લગ્નપ્રસંગ હોવાથી તાલાલાના લાડુડી ગામેથી જાન આવી હતી. સાંજના સમયે લગ્નપ્રસંગના જમણવાર બાદ અચાનક માંડવીયા અને જાનૈયાઓને ઝાડા-ઉલ્ટીની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. જેથી ૨૫૦થી વધુ લોકોને તાત્કાલીક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે માથાસુરિયા ગામના સરપંચ જીવાભાઇએ જણાવ્યું હતું કે માથાસુરિયા ગામે મશરીભાઇ સોલંકીની દીકરીનો લગ્ન પ્રસંગ હતો અને તાલાલા તાલુકાના લાડુડી ગામેથી જાન આવી હતી. ગત સાંજના લગ્ન પ્રસંગના જમણવાર બાદ માંડવીયા અને જાનૈયાઓને અચાનક ઝાડા-ઉલ્ટી થવા લાગ્યા હતા. જેથી ફૂડ પોઇઝનીંગના અસરગ્રસ્ત વ્યકિતઓને કોડીદ્રા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પંડવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, તાલાલા આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અપાવવામાં આવી હતી.

જ્યાં એક સાથે ફૂ પોઇઝનિંગના દર્દીઓ આવી પડતા હોસ્પીટલમાં બેડ પણ ખૂટી પડ્યા હતા અને તાલાલા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં બાંકડા ઉપર અને જમીન ઉપર લોકોને સારવાર આપવાની ફરજ પડી હતી. સદનસીબે તમામ લોકો ભયમુક્ત છે અને તમામની તબિયત તંદુરસ્ત હોવાનું આરોગ્ય વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

પ્રાથમિક અનુમાન મુજબ જમણવારમાં છાસમાં કોઇ ઝેરી અસર હોવાના કારણે તમામ લોકોને અસર પહોંચી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે જમણવારમાં રાખેલ શીખંડ અને છાસના સેમ્પલ લીધા હતાં.

## એડવોકેટ ભૌતિક કથીરીયાનો જન્મદિન

રાજકોટના યુવા એડવોકેટ ભૌતિક જી. કથીરીયાનો આજે જન્મ દિવસ છે. તેઓએ તેમના યશસ્વી જીવનના ૨૬ વર્ષ પૂર્ણ કરી ૨૭માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેઓએ એલએલબીનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ સિનીયર એડવોકેટ બીપીન એચ. ટાંક સાથે વકિલાતની શરૂઆત કરી હતી. સને ૨૦૨૦થી રેવન્યુ કામમાં ભારે નિપુણતા મેળવી છે. તેમના જન્મ દિવસ નિમિતે મો.નં. ૭૫૭૫૮ ૮૬૨૬૮ પર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.



## પૂ. ધીરજમુનિ મ. પ્રેરિત પુસ્તક આવશ્યક સૂત્ર રાહતભાવે ઉપલબ્ધ

પૂ. શ્રી ધીરગુરૂદેવ સંકલીત અને ચતુર્વિધ સંઘને ઉપયોગી આવશ્યક સૂત્ર વિવેચન સહિત ઓપન બુક એકઝામ પ્રશ્નપત્ર સહિત મહાવીર જયંતિ ઉપલક્ષે ચંદ્રીકાબેન પ્રભુદાસ લાખાણીના સહયોગથી અલ્પમૂલ્ય રૂા.૩૦/-માં અને શાસનપ્રગતિનું આજીવન લવાજમ રૂા.૫૦૦/- ભરનારને વિનામૂલ્યે મળશે. સંપર્ક શ્રી જશ, પ્રેમ, ધીર સંકુલ, ૫ વૈશાલીનગર, રાજકોટ. આ યોજના માત્ર શનિવાર અને રવિવાર માટે છે.

# રામનવમીના દિવસે રતનપરના મંદિરમાંથી પ્રૌઢાના ગળામાંથી સોનાના ચેનની ચીલઝડપ કરનાર મહિલા ઝડપાઈ

## એસઓજીની ટીમે કુબલીયાપરાની ૫૫ વર્ષીય બાલુ પરમારને ઝડપી રૂા.૮૫ હજારનો સોનાનો ચેન કબ્જે કર્યો

રાજકોટ તા.૧૯

રામનવમીના દિવસે રતનપરમાં આવેલ રામમંદિરમાં દર્શન કરવા ગયેલ પ્રૌઢાના ગળામાંથી સોનાના ચેનની ચીલઝડપ કરનાર કુબલીયાપરાની ૫૫ વર્ષીય બાલુ પરમારને એસઓજીની ટીમે પકડી રૂા.૮૫ હજારનો સોનાનો ચેન કબ્જે કરી કાયદેસરની કાર્યવા હાથ ધરી હતી.

બનાવ અંગે ગવરીદડમાં કુંભાર શેરીમાં રહેતા નીમુબેન ભરતભાઈ મારડીયા (ઉ.૫૭)એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે તેમના પતિ ખેતીકામ કરે છે. ગઈ તા.૧૭ના રામનવમીના તહેવાર નિમિત્તે સવારના સમયે તે તેમના પુત્ર હાર્દિક અને પુત્રવધુ સાથે મોરબી રોડ પર આવેલ રતનપરના રામમંદિરે દર્શન કરવા માટે ગયા હતા. જયાં તેઓએ મંદિરની અંદર દર્શન કરવા પ્રવેશેલ ત્યારે લોકોની ખુબ ભીડ હતી.

દરમ્યાન તેઓએ ગળામાં પહેરેલ સોનાનો ચેન જોતા જોવામાં આવેલ નહીં. જે બાબતે પુત્ર અને પુત્રવધુને વાત કરેલ અને તપાસ કરતા ચેન કયાંય મળેલ નહીં. જેથી તેઓએ ગળામાં પહેરેલ ૨ તોલાનો સોનાનો ચેન રૂા.૮૫ હજાર જે કોઈ અજાણ્યો શખ્સ ભીડનો લાભ લઈ ઝુંટવીને નાસી છુટયો હતો. બનાવ અંગે કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

દરમ્યાન શહેરમાં થયેલ ઘરફોડ ચોરી, ચીલઝડપ, લુંટના ગુનાઓ શોધી કાઢવા એસઓજી પીઆઈ જે.એમ. કૈલાના માર્ગદર્શનમાં ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે સાથેના હે.કો. ફીરોજ રાઠોડ, કો. દીપક ડાંગર અને મુકેશ ડાંગરને મળેલ ચોકકસ બાતમીના આધારે કુવાડવા રોડ પોલીસ મથકમાં નોંધાયેલ ચોરીના ગુનાના આરોપી બાલુબેન રામજી પરમાર (ઉ.૫૫) રહે. કુબલીયાપરા શેરી નં.૫,ને પકડી પાડી ચોરી કરેલ રૂા.૮૫ હજારનો સોનાનો ચેન કબ્જે કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે આરોપી મહિલા વિરૂધ્ધ મોરબી સીટી, એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પણ ચોરીનો ગુનો નોંધાયેલ છે.





# યુવા ભીમ સેના દ્વારા રવિવારે મિશન 'બહુજન હિતાય બહુજન સુખાય' અંતર્ગત સભ્ય નોંધણી કાર્યક્રમનું આયોજન

રાજકોટ, તા.૧૯

યુવા ભીમ સેના દ્વારા છેલ્લા ૯ વર્ષોથી ગુજરાતભરમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે યુવા ભીમ સેનાના માધ્યમથી હક્ક અધિકારો માટે કામગીરી કરવામાં આવી રહી છે.

OBC,SC, ST અને લઘુમતી તથા ગરીબ સમાજના બંધારણીય હકક અધિકારો અને પડતર પ્રશ્નો અંગે રાજ્યે જન આંદોલન ઉભું કરવા મિશન બહુજન હિતાય બહુજન સુખાય અંતર્ગત યુવા ભીમ સેના દ્વારા સભ્ય નોંધણીના કાર્યક્રમનું તા.૨૧ ને રવિવારના રોજ ડો.આંબેડકર પ્રાર્થના હોલ, લક્ષ્મી સોસાયટી, પાછળ, નાના મોવા મેઈન રોડ રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. 'સાંજ સમાચાર'ની મુલાકાતે ડી. ડી. સોલંકી, દિનેશભાઈ ચાવડા, ભાવેશભાઇ ચુડાસમા, ધીરૂભાઈ પરમાર, રવજીભાઈ પારીયા, નરેન્દ્ર પરમાર, પ્રાગ રાઠોડ, જયપાલ ચાવડા, ધરમશી વાઘેલા અને સપલેશ રાઠોડ આવ્યા હતા.

# રેસકોર્ષ પાર્ક ઉપાશ્રયે પૂ.જયોતિબાઈ મ.ની નિશ્રામાં આયંબીલ ઓળીની આરાધના

રાજકોટ, તા. ૧૯

ગોં. સં. હીરક શીશુ તત્વપ્રેમી બા.બ્ર.પૂ. જયોતિબાઇ મ. આદિ ઠા.૪ શ્રી ગીતગુર્જરી સંઘમાં શેષકાળ દરમ્યાન અનેકવિધ ધર્મ આરાધનાઓ કરાવી ત્યાંથી ગત તા. ૧૧ના સોમવારે વિહાર કરીને રેસકોર્ષ પાર્ક સંઘમાં પધાર્યા બાદ બિંદુબેન શાહ, હીરક મહિલા મંડળના સ્વાગત ગીત સી.એમ.શેઠના સ્વાગત પ્રવચન બાદ પૂ. સ્મિતાબાઇ મહાસતીજીએ સકલ સંઘને આયંબીલ ઓળીની પ્રેરણા આપી, કમલેશભાઇ, વિરેન્દ્રભાઇના વકતવ્ય બાદ માંગલિક પૂર્ણ થયે પ્રવિણચંદ્ર શાંતિલાલ મહેતા હ. હંસાબેન મહેતા પરિવાર દ્વારા સહુ ખુબ જ શાતાકારી નવકારશીનો લાભ લીધો.

પૂ. ગુરૂણીશ્રીની નિશ્રામાં ગત તા. ૧૫ થી ૨૩ સુધી નવપદ આયંબીલ ઓળીની આરાધના ખુબ જ સુંદર રીતે ચાલી રહી છે. દરરોજ સામાયિક, નવપદ પર પ્રવચન પૂ. સ્મિતાબાઇ મ. ફરમાવી રહ્યા છે. ભામાશા સ્વ. ચંદુલાલ કેશવજી વોરા તથા દીપકભાઇ વોરાની સ્મૃતિમાં માતુશ્રી કાંતાબેન ચંદુલાલ વોરા પરિવાર દ્વારા મુખ્ય લાભ લેવામાં આવ્યો છે.

આ ઉપરાંત રેસકોર્ષ પાર્કના સ્થાનિક દાતાઓ કિંજલબેન, બિંદુબેન, હિરેનભાઇ, નીલમબેન, શોભનાબેન, હીનાબેન, હંસાબેન, નીતાબેન, હિનાબેન, શાંતાબેન, રૂપાબેન, અરૂણાબેન તથા ગુરૂભકતો, પૂ. ગુરૂણીઓના સંસારી સ્વજનો ખુબ સુંદર લાભ લઇ રહ્યા છે. શ્રી ગુરૂણીની નિશ્રામાં આરાધનાઓથી ઉપાશ્રય ગુંજી રહ્યું છે. તેમ કમલેશભાઇ મોદીની યાદીમાં જણાવાયું છે.



# મંગળવારે બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા શ્રી હનુમાનજી મહારાજના જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરાશે

રાજકોટ, તા.૧૯

બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટ રાજકોટ દ્વારા આગામી તા. ૨૩ ને મંગળવારે હનુમાન જયંતિ નિમિત્તે સવારે ૧૦:૦૦ થી ૧૨:૩૦ સુધી પંચનાથ ધૂન મંડળના સાથ સહકારથી અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં શ્રી હનુમાન ચાલીસાના પાઠ તથા ધૂન ભજન, આખ્યાનની રમઝટ તેમજ પ્રખર ભાગવતાચાર્ય પુ. અશોકભાઈ ભટ્ટ દ્વારા આગવી શૈલીમાં શ્રી હનુમાનજી મહારાજની શક્તિ, ભક્તિ, સેવા અને સમર્પણના મહિમાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તેમજ કાર્યક્રમની પુર્ણાહુતીએ બટુકો, બ્રાહ્મણો, મહેમાનો, દાતાઓ, તબીબો તથા હનુમાન ભકતોને મહાપ્રસાદનું પણ આયોજન કરેલ છે. બજરંગ ટ્રસ્ટની વિવિધ સેવાની જ્યોતને ૩૯ વર્ષ પૂર્ણ થતા તા. ૨૩ ને મંગળવારે તમામ સેવાર્થીઓનું ઋણ સ્વીકાર સન્માન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે. તદ્પરાંત હઠીલા તેમજ અસાધ્ય દર્દો માટે રાજકોટના જાણીતા આયુર્વેદાચાર્ય ડો. કેતનભાઈ ભીમાણીના માર્ગદર્શન હેઠળ આયુર્વેદિક સેવા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

'સાંજ સમાચાર'ની મુલાકાતે બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટના રોહિતભાઈ કારીયા, ધૈર્ય રાજદેવ, ગોરધનભાઈ લાલસેતા, કિશોરભાઇ પારેખ, રાજુભાઈ બુદ્ધદેવ, દિનકરભાઈ રાજદેવ, જીત કારીયા અને મૌલિક બુદ્ધદેવ આવ્યા હતા.



# જયોતિ સીએનસીના ૩૬માં સ્થાપના દિને યોજાયેલ રકતદાન કેમ્પમાં ૨૬૩ રકતની બોટલ એકત્ર થઈ

રાજકોટ, તા. ૧૯

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બ્લડની સખત અછત રહેતી હોય છે. ત્યારે જયોતિ સીએનસી દ્વારા ૩૬માં સ્થાપના દિવસ નિમિતે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી યોજાયેલ મહારકતદાન કેમ્પમાં ૨૬૩ બ્લડ બોટલ્સ રાજકોટ સિવિલને અર્પણ કરવામાં આવેલ છે.

છેલ્લા ઘણા વર્ષોથી જયોતિ સીએનસી દ્વારા વર્ષમાં ૩ વખત રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે અને બહોળી સંખ્યામાં રકત બોટલ્સ રાજકોટ સિવિલને અર્પણ કરવામાં આવે છે. જો બીજી ઇન્ડસ્ટ્રીઝમાં પણ આવી રીતે રકતદાન કેમ્પનું નિયમિત આયોજન કરવામાં આવે તો સિવિલ હોસ્પિટલમાં રહેતી બ્લડની અછતનું નિરાકરણ આવી શકે છે.

આ કેમ્પમાં જયોતિ સીએનસીના પરાક્રમસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, વિક્રમસિંહ રાણા કે જેઓએ પણ રકતદાન કરેલ, શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીએ માનદ સેવા આપેલ.

# ૧૬ વર્ષ અને ૧૪ વર્ષના બાળકો ગુમ : અપહરણની ફરિયાદ નોંધાઈ

રાજકોટ, તા.૧૯

રાજકોટમાં ૧૬ વર્ષ અને ૧૪ વર્ષના બાળકો ગુમ થઈ જતા અપહરણની ફરિયાદ નોંધાઇ છે. પ્રથમ બનાવની વિગત અનુસાર ફરિયાદી ભાવેશભાઈ રાજુભાઈ વઢીયાર (ઉ.વ.૨૫ રહે-નંકલક હોટલથી આગળ વાવડી રોડ ઉપર ઝુપડામા)એ જણાવ્યું કે ગત તા.૧૫/૦૪/૨૦૨૪ ના રાત્રે આશરે દશેક વાગ્યાના આસપાસ મારી પત્ની કાજલ તથા બહેન હીરલબેન, ભાઈ અજય બધા ઘરે ઝુપડામા સુતા હતા. આ દરમ્યાન તા-૧૬/૦૪/૨૦૨૪ ના સવારના આશરે ચારેક વાગ્યાના આસપાસ હુ પાણી પીવા માટે ઉઠ્યો ત્યારે મે જોયું તો મારો ભાઈ અજય (ઉ.વ.૧૪) જોવામા આવેલ નહી. તપાસ કરતા ક્યાંય જોવા મળેલ નહિ. અજય ઘરેથી નીકળી ગયેલ ત્યારે શરીરે ગુલાબી કલરનો શર્ટ તથા બ્લુ કલરનો જીન્સનો પેન્ટ પહેરેલ હતું. રાજકોટ તાલુકા પોલીસે અપહરણનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

બીજા બનાવમાં હસુમખભાઈ વાસુરભાઈ ચાવડા (ઉ.વ.૫૦ રહે- ન્યુ સુર્યોદય સોસાયટી શેરીનં.૨ ક્રીષ્ના મંડપ સર્વિસની બાજુમાં માધવ હોલની પાછળ ૮૦ ફુટ રોડ રાજકોટ)એ ફરિયાદમાં જણાવ્યું કે, મારાથી નાનોભાઈ વિક્રમભાઈને સંતાનમાં એક દિકરો વિરાજ (ઉ.વ.૧૬) છે. જે છેલ્લા સાતેક વર્ષથી અહી રાજકોટમાં મારી સાથે જ રહે છે. તે ભાવનગર રોડ ઉપર આવેલ આઈટીઆઈમાં કોમ્પ્યુટર આઈ.ટી.નો અભ્યાસ કરે છે. સાથોસાથ બસ સ્ટેન્ડ પાસે કોઈ જગ્યાએ કોમ્પ્યુટર રીપેરીંગની ઓફીસમાં એપ્રેન્ટીસ તરીકે પ્રેકટીસ કરવા માટે જાય છે. ગત તા.૧૭/૪/૨૦૨૪ ના રોજ સવારના આઠેક વાગ્યે મારા ભત્રીજા વિરાજ મને કહેલ કે, હું બસ સ્ટેન્ડ પાસે એપ્રેન્ટીસની પ્રેકટીસ કરવા માટે જાવ છુ. તેમ કહી વિરાજ ઘરેથી નીકળેલ હતો. ત્યારબાદ સાંજે ઘરે ન આવ્યો. વિરાજનો ફોન સ્વીચ ઓફ આવેલ. સગા વ્હાલાને ત્યા પણ તપાસ કરેલ પરંતુ વિરાજનો કયાય પતો લાગેલ ન હતો. ભક્તિનગર પોલીસે અપહરણનો ગુનો નોંધી વિરાજની શોધખોળ શરૂ કરી છે.

# રવિવારે મહાવીર સ્વામી જન્મ કલ્યાણક પ્રસંગે જૈન કોન્સર્ટ યોજાશે

રાજકોટ તા.૧૯

સુરતમાં રાજસ્થાન જૈન સેવા સમીતી દ્વારા તા.૨૧મીના રવિવારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક પ્રસંગે જૈન કોન્સર્ટ પ્રભુ વીરોત્સવ'નું ભવ્યાતીત આયોજન કરવામાં આવેલ છે.તા.૨૧મીના રવિવારે સાંજે ૭ વાગ્યે ક્ષત્રિયકુંડ નગરી, ભગવાન મહાવીર સ્પોર્ટસ ગ્રાઉન્ડ, વીઆઈપી રોડ, વેસુ, સુરત ખાતે યોજનાર 'પ્રભુ વીરોત્સવ'માં કલાશ્રી ગ્રુપ દ્વારા નૃત્યની વિશેષ પ્રસ્તુતી તથા હિટ નીવડેલી ગુજરાતી ફિલ્મ 'કસુંબો'ના કલાકારોની ટીમની વિશેષ ઉપસ્થિતી રહેશે. કાર્યક્રમમાં ગાયક રીષભ સંભવ જૈન ગીતોની પ્રસ્તુતી કરશે તથા કાર્યક્રમનું સંચાલન મિલન મહેતા કરશે.ઉપરોકત કાર્યક્રમના મુખ્ય લાભાર્થી નાર્થીદેવી દીપચંદજી તાતેડ પરિવાર છે તેમ રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવેલ છે.

# મારી પાસે ચૂંટણી લડવાના પૈસા નથીઃ ક્રાઉડફંડીંગ માટે લલિતા વસોયાએ QR કોડ જાહેર કર્યો





રાજકોટ, તા.૧૯

પોરબંદર લોકસભા ચૂંટણી લડી રહેલા કોંગ્રેસના ઉમેદવાર લલિત વસોયાએ હવે લોકો પાસે ચૂંટણી લડવા પાસે ભંડોળ માંગ્યું છે અને કહ્યું છે કે તા.૭ના રોજ મત તો આપજો જ પણ અત્યારે મને નોટની પણ જરૂર છે. આમ કહીને તેણે પોતાના બેંક સાથે જોડાયેલો ક્યુઆર કોડ જાહેર કર્યો છે અને મતદારો પાસે ભંડોળ માંગ્યું છે. તેણે દાવો કર્યો કે ૨૬ લોકસભા બેઠકો પર જે સત્તાવાર બાવન ઉમેદવારો છે તેમાં સૌથી ગરીબ હું છું અને તેથી એક રૂપિયાથી લઈને કોઇપણ રકમ તમે મને ચૂંટણી લડવા માટે આપી શકો છો.